આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

કુમાર

પોષ · ૧૯૯૦

સળંગ અંક
૧૨૧



તંત્રી
રવિશંકર રાવળ
સંપાદક

કુમાર
પોષ ૧૯૯૦
અંક ૧૨૧

મુદ્રક : બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨
સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત
કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અગરતલા સ્ટ્રીટ
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



છૈયો

ચિત્રકાર · સોમાલાલ શાહ



ચિત્ર · [illegible]

ઉદ્‌બોધન

· ઉપજાતિ વંશસ્થ ·

રે! તું સદા મુક્ત સ્વતંત્ર પ્રાણ !
ઘોરી રહ્યા ત્યાં શિદ કાલઉંઘરે ?
સંકોચતો તારી વિશાલ કાય
બેસી રહ્યા ત્યાં શિદ ક્ષુદ્ર ઝૂંપડે ?

પૃથ્વી તણા ભીતરમાં દબેલો
અંધારના ગાઢ નિઃસીમ ભારથી
યુગોતણી નિંદર ફેડી, જો! આ
જાગી ઊઠ્યો ઝાળ રૂપે જ કોલસો !

પૃથ્વી-ઉરે પાય પ્રચંડ ખૂંપી
ઊભાં અહીં વૃક્ષઃ કદીક હોડલી
બની જશે એ સફરે સમુદ્રે;
લાગે છ જે સુપ્ત પડ્યાં જળાશયો
તે ના સૂતાં; દુર્બલ વારિબિન્દુ
નભે ચડી દંગલ-મસ્તી માંડશે,
અને પસારી શતલક્ષ બાહુ
ઉલ્લોલ હિલ્લોલત ભૂમિ ભેટશે.

તું મૂક ના, મંત્રદ દિવ્ય વાચા
પ્રચ્છન્ન તારે ઉર, ઊઠ ગર્જતો;
કંગાલ તું ? કોણ કહે ? સમૃદ્ધિ
પ્રસુપ્ત તારે ઉર સપ્તસિંધુની.
ના પંગુ તું, દુર્બલ ના, ન હીન;
પૃથ્વી તણી ધારણશક્તિ, ને વળી
હિમાચલોની અચલા ધૃતિ યે
તારે વિષે; હાં, ઊઠ કાલમર્દન !

રમણલાલ સોની

ગયા અંકમાં ચર્ચેલાં મહેચ્છાકાવ્યોની જેમ ઉદ્‌બોધનનાં કાવ્યોનો પ્રકાર પણ 'કુમાર'માં શરૂ થઇને જે વિવિધ રૂપે વિકસતો રહ્યો છે તેમાં આ કાવ્યથી નોંધપાત્ર ઉમેરો થાય છે. શરૂઆતમાં તો, બહુ સામાન્ય લાગતાં પ્રોત્સાહવાક્યો પહેલી ચાર લીટીમાં છે. પણ પછીથી 'જાગી ઊઠ્યો ઝાળ રૂપે જ કોલસો'માં પરિણમતા નવા રૂપકની ઉક્તિથી શરૂ થઇને, એક પછી એક વધુ ને વધુ ઉત્તેજક ઉદાહરણોનો પ્રવાહ તેટલા જ વધતા જતા વેગવાળી ભાષામાં અવિરત વહ્યો આવે છે— ઉપરથી સાદો જણાતો, પણ અંદરથી સબળ પ્રોત્સાહનનાં પૂરભર્યો. પૃથ્વીના ઉરમાં પ્રચંડ પાય ખૂંપીને ઊભેલાં વૃક્ષો પણ કદીક હોડલી બનીને સમુદ્રની સફરે ચડશે; સૂતાં પડેલાં લાગતાં જળાશયોનાં દુર્બલ વારિબિન્દુઓ પણ 'નભે ચડી દંગલ-મસ્તી માંડશે, અને પસારી શતલક્ષ બાહુ ઉલ્લોલ હિલ્લોલત ભૂમિ ભેટશે.' કેવાં નવાં પ્રાણવાન ને ઔચિત્યભર્યાં રૂપક ! અને પછી, છેલ્લી આઠ લીટીમાં, એકધારા પ્રવાહમાં અનિચ્છિન્નપણે ઉપરાઉપર ઉચ્ચારાતાં ઉદ્‌બોધનો, જાણે ઉપનિષદ્‌નાં વેગવાન ઉદ્‌બોધનોનો ભાસ કરાવતાં, સાંભળનારને ખડો કરી દે એટલા રોમાંચક પડકાર 'હાં, ઊઠ કાલમર્દન !' સાથે કાવ્યનો જે અંત લાવે છે, તે આવાં કાવ્યોને પરમ ઉચિત એવો સાચો dramatic છે. શરૂઆતમાં 'કાલઉંઘરે' ઘોરી રહેલા માણને અંતમાં આપેલું 'કાલમર્દન'નું બિરુદ આખા કાવ્યને સળંગ અંકોડે ગૂંથીને અખંડ ઘટકની એકતા અર્પે છે. ——બ.રા.

મારી નજરે

● જીવનભર મેં નજરનો જ ઉપયોગ કર્યા કર્યો છે. તેને પરિણામે હું જે જ્ઞાન, અભ્યાસ અને અનુભવ પ્રાપ્ત કરી શકતો તે બીજા શાળાપંડિતોના કરતાં મને જુદા જ પ્રકારનાં લાગતાં; એટલે પ્રસંગોપાત મારાં અવલોકનો અને વિચારસરણી જુદા દૃષ્ટિબિંદુથી રજુ કરવાની મને ઈચ્છા થતી. તેમની નજરે દેખાતા પ્રસંગોમાં રંગો, પ્રમાણો, રુચિ અને ઊર્મિનો મોટે ભાગે અભાવ લાગતો. તેઓ પૂર્વાપરનાં વાચનો, દલીલો અને સ્થાપિત તર્કબાજીનાં ચશ્માંથી વસ્તુસ્થિતિ નીરખતા એ જોઇ મને કંટાળો અને અણગમો આવતાં મારા જેવા ઘણા યે પોતાની નજરે દુનિયા જોનારા એમના વિષે એવી છાપ પકડતા હોય તો નવાઇ નહિ. અને એવા સ્વાનુભવરસિકો માત્રને હું પણ સ્પષ્ટપણે કહું છું કે હું અહીં લખીશ તે મારી જ નજરે—મારી એકલાની જ નજરે જે જણાયું હોય તે. એને કોઇ સાર્વજનિક માન્યતા કે સ્થાપિત અભિપ્રાય ગણી ન લે અને મારા દૃષ્ટિબિંદુથી જુદો મત દર્શાવવાનો સંપૂર્ણ અધિકાર ભોગવે.

વડોદરામાં પ્રાચ્યવિદ્યા પરિષદ

● આ તો સાતમી પરિષદ હતી અને ગુજરાતમાં પહેલી જ વાર તેની પધરામણી થઇ, છતાં તેનો પ્રસાદ ગુજરાતમાં પહોંચાડનાર કોઈ નહિ. ઘણા ગુજરાતી વિદ્વાનોએ તેમાં અગ્ર ભાગ લીધો છે. આચાર્યશ્રી આનંદશંકરભાઈ ધ્રુવ તત્ત્વજ્ઞાન વિભાગના એ વેળા નીમાએલા પ્રમુખ હતા; શ્રી વિશ્વનાથ વૈદ્ય ગુજરાતી વિભાગના પ્રમુખ હતા; શ્રી નાનાલાલ મહેતા લલિતકલા વિભાગના પ્રમુખ હતા; અને શ્રી ગૌરીશંકર ઓઝાને એક વાર આપણે ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ વિભાગના નાયકપદે રાખ્યા હતા તેમણે અહીં ઇતિહાસ વિભાગનું પ્રમુખસ્થાન લીધું હતું. પંડિત પરિષદના પ્રમુખ જામનગરના મહામહોપાધ્યાય હાથીભાઈ શાસ્ત્રી થયા હતા. આખી યે પરિષદના પ્રમુખભાઈ પ્રો. શ્રી કાશીપ્રસાદ જાયસવાલે પોતાના વિદ્વત્તાભર્યા વ્યાખ્યાનમાં મુખ્ય તો આજ સુધીનાં સંશોધનો અને પ્રાચ્ય સાહિત્યમાંથી એક પ્રમાણભૂત ભારતીય ઇતિહાસ સવેળા તૈયાર કરવાની ઉદ્ઘોષણા કરી હતી. હિંદના જુદાજુદા પ્રાંતોનાં બીજાં પણ અનેક વિદ્વાનો એ પરિષદમાં હાજર હતાં; પણ આંગણે આવેલી આ જ્ઞાનગંગાનો લાભ લેવાની ગુજરાતને સવડ મળી નહિ એ શોકજનક છે વડોદરા આજ સુધી સાહિત્ય અને જ્ઞાનનો સંચય કરતું રહ્યું છે, પરંતુ આ સજીવ જ્ઞાનપ્રવાહનો લાભ ગુજરાતને આપનારૂં પત્રકારિત્વ વડોદરાને નથી સાંપડ્યું એ આ પરિષદ વિષેના અપૂર્ણ પ્રચારકાર્યથી જ સમજાશે. એ અપૂર્વ પરિષદ મળતાં પહેલાં આપણી કોલેજો અને સંસ્થાઓને તેમજ ગુજરાતના કાર્યકર્તા વિદ્વાનોને તેના સ્વરૂપની સંપૂર્ણ માહીતી પહોંચી નહોતી આ પરિષદના કાર્યની અસર હિંદની સંસ્કૃતિ અને જ્ઞાનસમૃદ્ધિ ઉપર પ્રબળ છાપ નાખી શકે એટલી શક્યતાભરેલી છે. જ્યાં સુધી આ પરિષદના કાર્યનો વિગતવાર અહેવાલ સ્વભાષામાં ઊતરે નહિ ત્યાં સુધી દેશનો અધ્યાપકવર્ગ ને વિદ્યાર્થીવર્ગ એટલો પશ્ચાત રહેવાનો.



સ્વ. કલાપીએ પોતાના રાજ્યકાળ દરમ્યાન તૈયાર કરાવેલા સ્ટૅમ્પ ઉપરની એમની યુવાવસ્થાની અપ્રકટ છબી



ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૬મા સંમેલનના પ્રમુખ શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી: સ્વાગત પ્રમુખ લાઠીનરેશ શ્રી પ્રહ્લાદસિંહજી (સ્કેચ : ર.મ.રાવળ)

પરિષદના લલિતકલા વિભાગમાંથી શ્રી નાનાલાલ મહેતાએ હિંદી ચિત્રકળાની અદ્ભુત રસપૂર્ણ મીમાંસા કરી ત્યારે શ્રીમંત સયાજીરાવ મહારાજાથી માંડી એક અદના વિદ્યાર્થી સુધી સર્વકોઈ મંત્રમુગ્ધ બની શ્રવણ કરી રહ્યા હતા. પણ એ અજોડ પ્રવચનની નોંધ લેવાઇ નથી એવું કોઇ જાણે ત્યારે પરિષદની ખરેખરી ફરજમાં ક્ષતિ પહોંચી છે એમ કોણ નહિ સ્વીકારે? આ પરિષદના પ્રારંભપ્રસંગમાં અગ્રગણ્ય વિદ્વાનોએ શ્રીમંત મહારાજાને માનાર્ઘ્ય આપ્યો હતો. શ્રીમંતે એ વિદ્વાનોને પુનઃ માનાર્ઘ્ય આપ્યાનું જણાયું નથી.

૧૬ મી ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન

● ગુજરાતી ભાષામાં અપ્રતિમ સ્વાનુભવરસિક સાહિત્ય મૂકી જનાર રાજવી કવિ કલાપીની ભૂમિમાં આ સંમેલન ભરીને તે વિભૂતિને સ્મરણાંજલિ આપી તેને ઘટતું સ્મારક કરવાનો મૂળ આશય હતો. એમ ન હોત તો કાઠીઆવાડની મધ્યમાં આવેલા એક નાનકડા રાજ્ય સુધી સાહિત્ય પરિષદનાં પગલાં શાનાં થાત?

મુંબાઇથી માંડીને સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ વગેરે

સ્થળેથી વયોવૃદ્ધ તેમજ યુવાન સાક્ષરો અને લેખકો ત્યાં સુધી પહોંચ્યા હતા. એ બધાને લાઠી ઠાકોર સાહેબ શ્રી પ્રહલાદસિંહજીના આતિથ્યનો સુંદર યાદગાર પરિચય થયો છે, તેમજ પરિષદના પ્રમુખ શ્રી કૃષ્ણલાલ ઝવેરીનું સૌજન્ય અને કર્તવ્યનિષ્ઠાની મધુર સ્મૃતિ મળી છે. કલાપ્રદર્શન શ્રી વીરૂભાઈ મહેતાના નેતૃત્વ નીચે તૈયાર કરવામાં આવેલું, અને સર પ્રભાશંકર પટ્ટણીએ તે ઉઘાડું મૂકેલું. પણ આવાં પ્રદર્શનોનો ફલિતાર્થ શો? કાઠિયાવાડની કલાનો એ ઉપહાસ કે આદર? કેટલા રાજા કે અમલદારો આજે કાઠિયાવાડનાં ચાકળાતોરણ અને ભરતકામની કદર કરી ઘરને ઓપાવે છે? કન્યાશાળામાં શીખવાતાં યૂરોપી નમૂનાનાં નમાલાં અનુકરણ ટાળી કેટલી શાળાઓ મોર કેરી અને રંગના રાસ કાપડ પર ઉતારે છે? બીજી બધી વાતો છાપાંઓમાં લાંબી વિગતે પ્રકટ થઇ છે.

આ પ્રસંગની ફલસિદ્ધિ રૂપે લાઠી અને એ પ્રદેશની પ્રજાને 'કલાપીમંદિર' રૂપી સુંદર લોકસંસ્થા મળશે. આપણે આશા રાખીએ કે સ્વ૦ કલાપીના જીવનમંત્રો 'સ્નેહ અને ત્યાગ' સેવતાં તથા 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી'ની મહેચ્છા ધારતાં અથવા સંગીત અને કલાની ભાવના સેવતાં માનવહરણાંને આકર્ષતું એક સંસ્કૃતિભવન ત્યાં બને.

● સાહિત્ય સંમેલનની બેઠકોમાંના નિયત વક્તાઓ વ્યાખ્યાનપીઠ ઉપર દેખા દે છે ત્યારે જ તેમનાં સ્વરૂપ અને જ્ઞાનનો પરિચય મળે છે. પરંતુ ઘણાયે સાક્ષરો અને યુવકરત્નો આ પ્રસંગે આવેલા તેમને પરસ્પર મળવાની, ઓળખવાની કે વાર્તાલાપ કરવાની તકનો ત્યાં લગભગ અભાવ હતો. કાઠિયાવાડના લોકસાહિત્યના નમૂના રજુ કરતાં ભજનો તથા ચારણી ગીતો માટે રાતનો સમય રાખવામાં આવ્યો હતો તેજ રીતે ગામપરગામના આ અતિથિઓની મિજલસ આપવાની ગોઠવણ પણ થઇ શકે તેમ હતું. ખુદ લાઠી ગામની પ્રજાને પણ એમનાં દર્શન અને પરિચયની ભૂખ રહી ગઇ હશે. બહુ મોટાં માણસો નાનાં માણસોને ઘણી વાર છાવરી દે છે તેમ મુખ્ય વ્યક્તિઓની આસપાસ બધી પ્રવૃત્તિ કેંદ્રિત થવાથી એવા સામાજિક મેળાપો રહી જાય છે. અને બીચારા લાઠીના વિદ્યાર્થીઓ! તેઓ તો ઉતારા સાચવતા એકલા બેઠા હતા ને? મંડપમાં અમરેલીના વ્યાયામસિદ્ધ યુવકોએ વ્યવસ્થા જાળવવાનો ભાર લીધો હતો અને સરસ રીતે એ કઠણ ફરજ બજાવી હતી; પણ પેલા નાના બંધુઓને આ પરિષદના દર્શનથી પણ પ્રેરણા લેવાની તક આપવાની ફરજ વડીલ કાર્યવાહકોની નહોતી શું?

લાઠીના પ્રજામાં યે હજુ સ્વ. કલાપીની સુરતા મ્હોરે છે. કોઇ પટેલીઆ, કોઇ ઘરડીઆ પાસેથી તેમની વાતો સાંભળો તો તેમની ભાવિક વાણી આગળ સાક્ષરોનાં સ્મરણો ઓસરી જાય. આ પરિષદના મેં ઘણા યે અહેવાલ વાંચ્યા, પણ સંમેલનના વિદ્વાન અતિથિ શ્રી રામનરેશ ત્રિપાઠીએ હિંદી લોકસાહિત્યનાં સુભાષિતોમાંથી જે આર્દ્ર કાવ્યવાણી સંભળાવી તેની નોંધ તો



પ્રાચ્યવિદ્યા પરિષદ તથા સાહિત્ય પરિષદમાં મારી નજરે: મથાળેથી ડાબી બાજુ ગણતાં ક્રમમાં: શ્રી નાનાલાલ મહેતા–પ્રમુખ લલિતકલા વિભાગ, પ્રાચ્યવિદ્યા પરિષદ વડોદરા: સર પ્રભાશંકર પટ્ટણી જેમણે સાહિત્ય પરિષદનું કલાપ્રદર્શન ખુલ્લું મૂક્યું: શ્રી કેશવલાલ હિં. કામદાર તથા શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા–અનુક્રમે મંત્રી અને પ્રમુખ ઇતિહાસ વિભાગ, પ્રાચ્યવિદ્યા પરિષદ: શ્રી મનહરરામ મહેતા અને શ્રી માનશંકર પીતાંબરદાસ (સાહિત્ય પરિષદમાં): શ્રી વિશ્વનાથ વૈદ્ય અને શ્રી હાથીભાઇ શાસ્ત્રી–પ્રમુખો અનુક્રમે ગુજરાતી વિભાગ તથા પંડિત પરિષદ, સાતમી પ્રાચ્યવિદ્યા પરિષદ વડોદરા. (સ્કેચ: ર.મ.રાવળ)

ક્યાંયે ન જોઇ. સાહિત્યનાં એ ખરાં ફૂલ ઝીલી છાબમાં ભરવાનું કોઇને ન સૂઝ્યું?

● આ સાહિત્ય પરિષદના સુંદરમાં સુંદર સ્મરણ અને પ્રસાદી



ડાબી બાજુથી : શ્રી રામનરેશ ત્રિપાઠી—આપણા શ્રી મેઘાણીના જેવા હિંદી લોકસાહિત્યના ઉપકર્તા: શ્રી વીરેન્દ્રરાય મહેતા—સાહિત્ય પરિષદના કલાપ્રદર્શનના પ્રમુખ

રૂપ તો શ્રી વીરેન્દ્રરાયનો 'કળાકૌશલ્ય' ઉપરનો નિબંધ જ હતો. અલબત્ત, આવડો લાંબો નિબંધ પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે જરા પ્રમાણ બહારનો ગણાય; અને એવા પ્રસંગે એ આખો યે વાંચવાની ભૂલ એમના જેવા સંસ્કારી જને કેમ નિભાવી એ પણ નવાઈ પમાડે છે: પરંતુ કદી રજુ નહિ થએલાં એવાં, આર્ય સંસ્કૃતિ ને કલાનાં રત્નકણોથી સુશોભિત ઉપયોગી અને સંગ્રહ-યોગ્ય એવો લેખ ભાગ્યે જ આજ સુધી ગુજરાતી સાહિત્યમાં નજરે પડ્યો છે. એમાંથી એક અવતરણ:

'ચેતન અને અચેતન બધાંમાં ઇશ્વરત્વ હોવાની માન્યતા-વાળા આર્યોએ કલાને દિવ્ય, ભવ્ય અને નૈસર્ગિક રૂપ આપ્યું. દરેક કારીગર ધર્માત્મભાવે કામ કરતો હોવાથી તે પોતાનું ચૈતન્ય દરેક કાષ્ઠ કે પાષાણમાં ભરી પલંગ, પ્રાસાદ કે પ્રાકારમાં પ્રાણપ્રતિષ્ઠ કરતો. અગમ્ય ધર્મભાવના, ચૈતન્યમય કુદરતનાં સૌંદર્ય તથા અનન્ય પ્રેમભાવથી ઉત્તેજિત થએલો આર્ય શિલ્પ-કાર કંઇક જુદા જ કલાપ્રદેશમાં વિહરે છે.'

કળાની ગહન મીમાંસાની બહુ સરળ અને રુચિપૂર્ણ ભાષામાં આ પુસ્તિકા રૂપ સંહિતા રચી તેમણે આ પરિષદને સમૃદ્ધ કરી ગણાય. એ નિબંધ સંસ્કારપ્રેમી દરેક ગુજરાતી જને સંઘરવો જોઇએ. પ્રદર્શનનું નામ 'કાઠિયાવાડી કળા પ્રદર્શન' રાખ્યું હતું: જોકે તે યે સંપૂર્ણ સાર્થકતાભર્યું નહોતું જ. પરંતુ લાઠી જેવા એ ખૂણાના સ્થળમાં પ્રદર્શન થાય ત્યારે આસ-પાસના ઉત્સાહી જનો પોતાનું કંઇકંઇ રજુ કરી બતાવવા ઇંતે-જાર હોય જ એમ વિચારી તેમનાથી થએલી ક્ષતિઓ પર દુર્લક્ષ કરવું જોઇએ. પ્રદર્શન ખુલ્લું મૂકનાર ગુજરાતના અને હિંદના ભીષ્મપિતામહ જેવા શ્રી પ્રભાશંકર પટ્ટણીજીએ એક સૂચક વાક્ય કહ્યું હતું: 'કળા જોવાને માત્ર ચર્મચક્ષુ નહિ પણ સાથે હૃદયચક્ષુની પણ જરૂર છે.' કાઠિયાવાડના નરેશો દેશનાં કળાકારીગરી યુરોપને મુકાબલે મૂકીને નહિ પણ પોતાની રંક કારીગર પ્રજાને જીવતી રાખવાની દૃષ્ટિથી જુએ અને તેમની કૃતિઓને પ્રથમ અપનાવ્યા પછી જ પરદેશની ચીજોનો આદર કરે એવું કોણ નહિ ઈચ્છે?

—ર.મ.રા.

કાળનું વર્તુળ

એવું કોઇ પ્રાણી કલ્પો કે જેને માત્ર વસ્તુની લંબાઇનો જ ખ્યાલ આવી શકે. આવા પ્રાણીની બુદ્ધિને ભૂમિતિનું વર્તુળ અસંખ્ય યોજનો લાંબી કોઇ અકલ્પ્ય રેખા લાગશે. પણ ધારો કે સાથોસાથ તે પ્રાણી હવે પહોળાઇ પણ સમજવા લાગ્યું છે. હવે તેની દૃષ્ટિએ વર્તુળમાં રહેલી ચમત્કૃતિ જતી રહેશે. તે જાણશે કે પોતાને જે પહેલાં અપરિમિત અને અનંત લાગતું હતું તે તો એથી અનેકગણી મોટી સપાટીનો એક ભાગ જ માત્ર છે. પરંતુ એથી પણ વિશેષ ચમત્કાર તો તે પ્રાણીની નજરે હવે પડશે. હવે તે ગોળાને અનંત માનશે, કારણ ગોળા પરની સપાટીનો કોઇ સ્થળે અંત આવતો કે શરૂઆત થતી તે જોઇ શકતું નથી.

પણ માણસને ગોળાની સપાટીની અનંતતા ચમત્કારિક લાગતી નથી, કારણ કે માણસ tri-dimensiond (ત્રણ પરિમાણવાળું) પ્રાણી છે; એટલે કે માણસને લંબાઇ, પહોળાઇ ને ઊંચાઇ એમ ત્રણ જ મર્યાદાઓનો સ્પષ્ટ ખ્યાલ છે. પરંતુ બ્રહ્માંડની અનંતતા તો મનુષ્યને ચકિત કરે જ છે, કેમકે તેની અનંતતાનો પાર તે પામી શકતો નથી. હવે ગણિતશાસ્ત્રીનું ક્ષેત્ર આવે છે. ગણિતશાસ્ત્રી પોતાની કુશાગ્રબુદ્ધિથી આ ભેદ જાણે છે, અને એ બધા જ્ઞાનનું એકીકરણ કરીને મહાત્મા આઇન્સ્ટાઇન, વિશ્વ જે ગતિ કરી રહ્યું છે તે ગતિ અથવા બીજી દૃષ્ટિએ તેમાં લાગતા સમયના પ્રવાહને વસ્તુઓની ચોથી મર્યાદા સાબિત કરે છે.

હવે દ્રષ્ટા એથી આગળ વધીને પ્રશ્ન કરે છે કે જેમ દરેક મર્યાદા એથી આગળની મર્યાદા સમજવાની બુદ્ધિ આવતાં, વર્તુળાકાર ધારણ કરતી લાગે છે તેમ જ, કાળરૂપી વસ્તુઓની આ ચોથી મર્યાદા જે અત્યારે આપણને સીધી લીટીમાં જતી કોઇ અનાદિ, અનંત રેખા જેવી જ લાગે છે તે પણ એવું જ કોઇ અનંત વિસ્તારવાળું વર્તુળ કેમ ન હોય?

જોઇ શકાશે કે 'કાળનું ચક્ર' એ સનાતન શબ્દોમાં ભયંકરતા કરતાં ગાંભીર્યનો અર્થ વધુ સમાએલો છે; કેમકે દ્રષ્ટાને આ શબ્દો પીસી નાખતા કોઈ ભીષણ વજ્રમય ચક્રનો નહિ પણ સતત ગતિવાળા અને પરિવર્તનશીલ વર્તુળનો જ ખ્યાલ આપે છે. બીજી ભાષામાં કહીએ તો 'કાળ' એટલે મૃત્યુ નહિ પણ જીવન.

હરિકૃષ્ણ વ્યાસ

નેપથ્યમાંથી

કોઈને થશે, ઉર્દૂ કે અરબી-ફારસી જેવું વિચિત્રચિત્ર આ મથાળું કેમ ? પણ ફારસી લિપિ જેવું એનું રૂપ ઇરાદા અને સમજપૂર્વક કરેલું છે. અને તેમાં એ લિપિની લઢણના લહેકા ગુજરાતી અક્ષરોને જેમતેમ આપી દીધેલા છે એવું નથી, પરંતુ તેમાંના પ્રત્યેક અક્ષર ફારસી લિપિમાંના તેવા જ ઉચ્ચારવાળા અક્ષરના રૂપને જેટલો બને તેટલો સાચીરીતે મળતો કરવાનો પ્રયત્ન કર્યો છે,—તેના નુકતા (મીંડાં) સુદ્ધાં. (માત્ર એ ઈસ્લામી લિપિઓની માફક જમણેથી ડાબી તરફ લખેલી નથી એટલો ફરક છે !) ફારસીમાં 'ન' ને માટે આવો ن અક્ષર છે જેને 'નૂન' કહે છે. 'પ'ને માટે આવો پ 'પે' છે, અને 'ય' અથવા 'ઈ' ઉચ્ચારણ માટે આ ی 'યે' વપરાય છે. એનાં રૂપ ઉપરના મથાળા જોડે મેળવી જોતાં જણાશે કે તે યથાર્થ છે. 'માં' અક્ષરમાંના 'મ'નું રૂપ પણ ફારસી લિપિમાં વચ્ચે આવતા 'મિમ' અક્ષરને મળતું છે અને તેના ઉપર ગુજરાતી ઢબે મૂકેલો અનુસ્વાર, ફારસીમાં 'નૂન'નો ઉચ્ચાર અનુનાસિક 'ન' તરીકે પણ થતો હોવાથી એ 'નૂન' ن માંના એક મીંડા તરીકે વપરાયો છે તે પણ સાર્થ છે એમ એ ભાષા જાણનારને પ્રતીતિ થશે. 'રાવતલિપિ'ના ઉત્પાદકની જ યોજેલી આ નવી લઢણ છે, અને અગાઉ અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી પ્રકટ થએલાં 'શાહે આલમ' તથા 'શાહી બાગ' નામનાં બે નાનાં પ્રકાશનોનાં પૂઠાં ઉપરના નામાક્ષરોમાં તે વપરાઈ છે.

આ લિપિઓની વાત ચાલે છે ત્યારે એક શબ્દપ્રયોગની થએલી ભૂલનો પણ નિર્દેશ કરી લઇએ. 'કુમાર'ના ૧૦૦મા અંકમાં પ્રકટ થએલી ગોળાકાર અને મોટા પેટવાળા લઢણની ગુજરાતી અક્ષરોની નવી લેખનપદ્ધતિને 'રાવતલિપિ' એવું નામ આપેલું છે તે શબ્દપ્રયોગ ભૂલભરેલો છે એમ તરત સૂઝેલું; અને અંક પ્રકટ થયા પછી એક મુરબ્બીએ પણ એ તરફ ધ્યાન ખેંચેલું. આજે સંજોગવશાત્ એ સુધારવાની તક મળી છે. 'લિપિ' એ તો કોઈપણ ભાષાના વર્ણો લખવાની તેની પરંપરાગત મૂળ ઢબને કહી શકાય અને તેની સાથે તે ભાષાનો જ નામોલ્લેખ થાય; જેમકે અંગ્રેજી, ફારસી, દેવનાગરી, ગુજરાતી વગેરે. પણ તે તે ભાષાને જ્યારે જુદીજુદી લઢણથી, અવનવા રૂપથી, નૂતન લહેકાથી કે મરોડથી લખવામાં આવે ત્યારે તો એ, તે તે લિપિનો તેવો મરોડ થયો ગણાય; અને આ કિસ્સામાં 'લિપિ' નહિ પણ 'મરોડ' શબ્દ વાપરવો જોઇએ. એટલે 'રાવતલિપિ' નહિ પણ 'રાવતમરોડ'.

આઠેક વર્ષ થયાં હશે. હું કાઠિયાવાડ જતો હતો. ઉનાળાની રાત હતી અને રેલવે ટ્રેઇનમાં હમેશાં એકઠું મળે છે એવું અનેકવિધ દિશા અને કક્ષાનું લોકમાનસ વાતે વળગ્યું હતું. એમાં સ્ત્રીઓની સ્વભાવસહજ લજ્જા અને શીલની વાત પરથી, તેઓ નદીકિનારે બીડા ત્યજીને જે નિઃસંકોચ સ્વાભાવિકતાથી નહાઇધોઇ શકે છે તેની વાત નીકળી. એ સાંભળીને ટોળામાંથી જ કોઇએ કેવળ લોકોચિત ભાષામાં એક સાદું છતાં સાર્થ અને કાવ્યગર્ભ વાકય કહ્યું: 'નદી એ તો બૈરાંનું પીઅર છે.'

કાકાસાહેબ કાલેલકરે જીવનયાત્રામાં જે જે નદીઓનાં સ્નાનપાન અને દર્શન કર્યાં છે તેનો કાવ્યમય પરિચય આપતા એમના નાના સુંદર લેખોનો એક સંગ્રહ નવજીવન પ્રકાશન મંદિર તરફથી તુરતમાં જ પ્રકટ થવાનો છે, તેના નામ પરથી ઉપલો પ્રસંગ યાદ આવ્યો. એ સંગ્રહનું નામ છે 'લોકમાતા'. નદી એ સદાસર્વદા—સર્વ કાળ અને સ્થિતિમાં, સર્વથા લોકોની માતા જ છે ને ? એટલે એ નામકરણમાંની કાકાસાહેબની ઉક્તિ જેટલી જ યથાર્થ પેલા અભણ્યા જાનપદી માણસની ઉક્તિ છે. કેમકે એ લેખસંગ્રહની 'ઉપસ્થાન' નામની પ્રસ્તાવનામાં કાકાસાહેબ લખે છે તેમ 'આર્યપૂર્વજોની નદીભક્તિ લોકવિશ્રુત છે, અને આજે ય તે ક્ષીણ થઇ નથી.'

નદીઓ ઉપરના એ બધા લેખો કાકાસાહેબના પ્રસન્ન કાવ્યપ્રસાદવાળા ગદ્યના સુંદર નમૂના છે. એનો થોડો આસ્વાદ લોકોને 'નવજીવન' તથા 'શિક્ષણ અને સાહિત્ય' મારફત મળ્યો હતો. આ અંકમાં એમાંની થોડી વધુ વાનગી 'કુમાર'ના વાચકો માટે એમાંથી આપી છે ત્યારે, એ 'ઉપસ્થાન'માંના છેલ્લા શબ્દોમાં એમની સાથે ઇચ્છીએ કે 'ભક્ત હૃદયો આ ભક્તિના ઉદ્‌ગાર અર્પણ કરીને સંતુષ્ટ થાઓ; યુવાનોમાં લોકમાતાનું સ્તન્યપાન કરીને સંસ્કૃતિપુષ્ટ થવાની કલ્પના જાગો.'

એ સંગ્રહમાં ભારતવર્ષના લગભગ દરેક પ્રાંતની નદીઓનું પરિચયપાન એમણે કરાવ્યું છે; માત્ર ગુજરાતની જ નદીઓ જાણીજોઇને છોડી દીધી છે (કાઠિયાવાડની આપી છે). તે એવા ઉદ્દેશથી કે એ દૃષ્ટિએ ને એ રીતે આપણે આપણી નદીઓને જોતાં, ઓળખતાં ને તેનું ઉપસ્થાન કરતાં શીખીએ.

ભાઇ શંકર કાલેલકર મૂળથી જ 'કુમાર'ના સંગાથી છે અને એમની વાર્તાઓ તથા વિવિધ લેખો એક ઉપનામથી 'કુમાર'માં અવારનવાર આવ્યા કર્યાં છે. આ અંકથી એમની કાવ્યપ્રવૃત્તિનો પણ પરિચય આપણને મળે છે. 'ભાઈબીજ'નું એ કાવ્ય એટલું સરળ અને લાગણીભર્યું છે કે એને વિષે કંઇ લખીને એમાંના ભાવોને ઉડવાની જરૂર જણાતી નથી.

માત્ર બાળકાવ્યોના જ કર્તા તરીકે ભાઇ રમણલાલ સોનીને ઓળખનારાઓ, આ અંકમાં ગંભીર કાવ્યો ઉપર પણ તેમનો સારો હાથ સારો જામેલો જોઇ સાનંદાશ્ચર્ય પામશે. પહેલા પાના પરના કાવ્યનો પરિચય તો ત્યાં આપ્યો છે. વિષય અને દૃષ્ટિની જે લાક્ષણિક નવીનતા આ યુગના કવિઓમાં ઊતરી છે તેના ઉદાહરણ રૂપ આ અંકમાંનું એમનું 'પિરામિડ' સૉનેટ છે.

—ઉ.જો.

જે વેળા શૂરવીરતા માથું હાથમાં લઇને ફરવામાં નહિ પણ માથું કબજે રાખવામાં હતી ત્યારે શૌર્યભર્યા મૌન અને સંયમશીલ મંત્રશક્તિવડે જેણે મૂંગી તાકાત સંચિત કરી તે

તરુણ વનરાજ

[સાંજનો સમય છે. ઝાંપો અટકાવીને વનોડનો વૃદ્ધ ચોકીદાર પોતાની નાનીસરખી ઓરડીમાં દેવતા ચેતાવીને બેઠોબેઠો ભજન ગાય છે. શિયાળાની અંધારી ઠંડી રાત્રિ છે. ને દૂરદૂર ખેતરમાં શિયાળિયાં રૂએ છે.]

વૃદ્ધ ચોકીદાર: (ગાય છે)

જમનાજીની માયા રે, કદમ્બની છાયા રે,
વ્હાલો મારો ધેનુ ચારે, વનમાં હો જી!
એવી સંધ્યા ટાણે રે, નીર થંભ્યાં જાણે રે,
વ્હાલે જ્યારે વેણુ લીધી હાથમાં હો જી!
જમનાજીની૦ . . .

[દોડતોદોડતો એક જુવાન છોકરો આવે છે. તેની પાછળ બીજો આવે છે; તેની પાછળ તરુણ તેજસ્વી વનરાજ હાથમાં તીરકામઠું લઇને આવે છે.]

ચંપકલાલ: અરે એ રૂપજીભાઈ! આંહી ભજન ગાઓ છો, પણ પેલી ભાગોળે તો ધીંગાણું મચ્યું છે.

[એવામાં ‘એ ચોકીદાર’ કહીને બીજા બે દોડતાદોડતા આવે છે.]

ચોકીદાર: પણછેશું? હાંફળાફાંફળા કેમ થાઓ છો?

ચંપકલાલ: અરે, પેલે ઝાંપે દાજીડાએ બે ચોકીદારને માર્યા છે ને નેમચંદ શેઠનું ઘર લૂટે છે!

ચોકીદાર: હેં! સાચું બોલો છો?

[વનરાજ આગળ આવે છે.]

વનરાજ: ચોકીદાર! તમે જો આ ઝાંપો સાચવો તો હું ત્યાં જાઉં.

ચોકીદાર: તું કોણ?–તું પૂજારણનો છોકરો ત્યાં જાશે?

વનરાજ: લાવો, તમારી એકાદ વધારાની તલવાર જરાક લાવો, આ ચંપકલાલને કામ આવશે.

[તલવાર લઇ ચંપકને આપે છે.]

ચોકીદાર: (ઉત્સાહથી) તમે બધા ત્યાં જશો ને હું બેઠોબેઠો જોયા કરીશ? વૃદ્ધ છું પણ ગામ ઉપર ધાડ આવે ત્યારે ધડ ઉપરથી માથું ઉતારીને હાથમાં રાખું છું, હો. ઊભા રહો. હું પણ તમારી સાથે આ આવ્યો

[તૈયાર થવા અંદર જાય છે. દૂરદૂરથી બૂમો પાડે છે. વનરાજ ચંપકને ખેંચે છે.]

વનરાજ: ચંપક! હવે વખત નથી. આ ઝાંપો તું ને ચોકીદાર બંને સાચવજો; હું જાઉં છું. ચાલો, બીજા ત્રણ જણ મારી સાથે ચાલો. [દોડી જાય છે.]

ચોકીદાર: (તૈયાર થઇ આવીને) લ્યો ચાલો ચંપકભાઈ. ક્યાં ગયો પેલો પૂજારણનો છોકરો?

ચંપકલાલ: એ તો ગયો. પણ આપણે તો અહીં જ રહેવાનું છે.

ચોકીદાર: એકલો ગયો?

ચંપકલાલ: ના ના, બીજા પણ સાથે છે. મારા બીજા દોસ્તદારો હમણાં આ રસ્તો રોકવા આવનાર છે. દાજીડાને જીવતો પકડવો છે. વનરાજે કહ્યું છે.

ચોકીદાર: (મનમાં ગણગણે છે.)

ગામે, દેશે ભીડ પડે ત્યારે, કાયા ખપમાં આવે રે.
એવું માથું દેજે, દાદા ઊગે જો કોઇ વાવે રે;
ગામે દેશે૦ . . .

ચંપક: (ઉત્તેજનો) ચોકીદાર, આ ગીત કોનું છે?

ચોકીદાર: જૂના વખતનું ચાલ્યું આવે છે, ભાઇ! એના કાંઇ મેળ છે? લોકનું હૈયું જન્મ્યું ત્યારનું જન્મેલું–(જરાક મોટેથી ગાય છે) ‘ગામે, દેશે ભીડ પડે . . .’

ચંપક: ચોકીદાર, શોરબકોર વધતો જાય છે. તમે આ થાનક સાચવો તો હું આગળ જઇ જોઈ આવું.

ચોકીદાર: આ ધીંગાણું છે તે માગો પણ ક્યાંક ઘૂમતો હશે. પણ હેં ચંપકભાઇ, આ પૂજારણનો છોકરો જબરો લાગે છે. મારે બેટે આખા ગામના જુવાનોને પાનો ચડાવ્યો લાગે છે. ઈ પૂજારણ કોણ છે ભાઇ?

ચંપકલાલ: તમારા માથાને પૂછજોને; એ પણ અમારા ભેગો છે. એને ખબર હશે!

ચોકીદાર: કોને મારા માથાને?

ચંપકલાલ: હા, હમણાં અહીં આવશે.

ચોકીદાર: (ધીમેથી, મનમાં) હરિ! હરિ! એ ક્યાંથી હોય? પણ આંખ તો મહારાજ જયસિંહની જ લાગે છે. (મોટેથી) ચંપકભાઇ, શોરબકોર ઓછો થયો. દાજીડો ભાગ્યો લાગે છે. તમે અહીં બેસો તો

હું જરાક જોઇ આવું.

ચપકલાલ: ના, ના. હવે તો અહીં જ રહીએ. વખતે અહીંથી નીકળી ભાગે.

[૨]

[રાત્રિની અંધારઘેરી શેરીમાં એક સાધુ ને એક સુંદરી બે ચાલ્યાં આવતાં દેખાય છે]

રૂપસુંદરી: મહારાજ! આ રસ્તો નહિ. આપણે તો વાણિયાના પાડામાં આવવાને બદલે બ્રાહ્મણના પાડામાં આવ્યા.

શીલગુણસુરી: કાંઇ ફિકર નહિ. અહીં પણ બે ચાર તો વનરાજના દોસ્ત હશે જ.

રૂપસુંદરી: આ ગામમાં હોકારા થાય છે, એટલે વનરાજ ત્યાં જ પહોંચ્યો હશે. મહારાજ! હું તે હવે શું કરૂં?

શીલગુણસુરી: જૂઓ તો ખરાં, આ કોઇક છોકરો દોડતો આવે.

શીલગુણસુરી: અલ્યા કોણ છે?—વનરાજ!

છોકરો: એ તો મહારાજ, હું, માયો ભરવાડ!

શીલગુણસુરી: માયા! વનરાજને કયાંય જોયો?

માયો: (ઉતાવળે ઉતાવળે) એણે જ મને મોકલ્યો ને, મને કે' તું ચંપકલાલ પાસે જઇને પેલો ઝાંપો સાચવ, હું દાઝીડા સામે જાઉં છું હમણાં જ ગયા. પણ મા'રાજ! મને જવા દ્યો, મારે ઉતાવળ છે. નહિતર દાઝીડો ભાગી જાશે. [દોડચો જાય છે]

શીલગુણસુરી: અરે! પણ ઊભો તો રે'; વનરાજ કેટલેક છે એટલું તો કહેતો જા!

માયો: (દોડયો જતોજતો) અરે, મા'રાજ! અમારે ગામ સાચવવું છે ને તમારે વનરાજને ખોળવો છે. વનરાજ તો હશે ત્યાં ખરા જંગમાં. કેટલા'ય જુવાનિયા ત્યાં ગયા છે.

રૂપસુંદરી: (ગભરાતી) મહારાજ હવે શું કરીશું?

[બીજા છોકરાઓ દોડતા નીકળે છે. સૌના હાથમાં શસ્ત્ર છે. સઘળા તેજસ્વી દેખાય છે.]

રૂપસુંદરી: એ છોકરાઓ, મારા વનરાજને જોયો?

છોકરાઓ: કોણ માજી?—વનરાજ તો પંચાસરી ભાગોળે સિપાઇઓને ભેગા કરી બહારવટીઆ સાથે એ લડે... એણે અમને મોકલ્યા છે આ ઝાંપો સાચવવા. [દોડ્યા જાય છે.]

રૂપસુંદરી: મહારાજ! છાતીનો આધો એકનો એક છોકરો છે, ને લૂંટારૂનો દાઝીડો તો બહુ બળવાન છે. હું તે શું કરૂં? (બેસી જાય છે. પછી) હું પણ ત્યાં જાઉં છું. હું પણ લડીશ, હું પણ રાજપૂતીને જાણું છું.

શીલગુણસુરી: ઘેલાં કાઢવાં છોડી દ્યો. હમણાં બે ઘડીમાં ખબર મળશે. તમારી અત્યારની રજપૂતી તો તમે કેટલી શાંતિ જાળવી શકો એમાં રહેલી છે.

[કાનને ફાડે તેવી 'હરહર મહાદેવ!'ની બૂમ સંભળાય છે. એટલામાં હાંફળો-ફાંફળો એક વાણિયો દોડતો પ્રવેશ કરે છે.]

વાણિયો: ગુરુજી! ગુરુજી!

શીલગુણસુરી: કેમ?

વાણિયો: કુંવરનો ... (જીભ કચરીને) ... વનુભાનો ઘોડો મારા ડેલામાં બંધાતો'તો તે ત્યાં નથી. ચરાવદાર કે' કે હમણાં જ પોતે જાતે આવીને ઘોડો છોડી ગયા.'

રૂપસુંદરી: અરેરે! આજ છોકરો રણમાં પડશે.

શીલગુણસુરી: પછી કયાં ગયા?

વાણિયો: ઇ તો શું ખબર, મા'રાજ, પણ ચરાવદાર કે', દાઝીડાને પકડવા એની પાછળ ગયા છે. પંચાસરી ભાગોળેથી બહારવટીઆને ભગાડયા છે. ત્યાં તો લોક માતું નથી.

શીલગુણસુરી: ચાલો ત્યારે ત્યાં જઇએ.

વાણિયો: (હેં હેં થઇને) મારે તો, મા'રાજ, પ્રતિજ્ઞા છે; અંધારૂં થયા પછી બહાર પગ ન દેવો.

રૂપસુંદરી: ઠીક ત્યારે તમે જાઓ.—

[વાણિયો નમસ્કાર કરી ચાલ્યો જાય છે.]

[૩]

[સાયંકાળે રૂપસુંદરી ઉદાસીન મોંએ ઉપાશ્રયમાંથી શેરી સામું જોઇને બેઠીબેઠી જતા આવતા લોકને નિહાળે છે, એટલામાં 'પંચાસરનાથની જે' 'હર હર મહાદેવ, હર!' 'વનરાજની જે' એવી બૂમો પાડતું ટોળું આવે છે. ટોળાને મોખરે હાથમાં તીરકામઠું ને ઢાલતલવાર લઇ વનરાજ ચાલતો હોય છે. પાછળ કેટલાક સૈનિકો છે. તેની પાછળ બંદી જેવા ચોરો ચાલી રહ્યા છે. સૌથી પાછળ શહેરીઓ ને છેક છેલ્લે વૃદ્ધ ચોકીદાર આવે છે. રૂપસુંદરી ઝરૂખામાંથી નિહાળે છે—લોકોનું ટોળું આગળ વધી જાય છે.]

શીલગુણસુરી: જોયું? વનરાજે તો વિજય મેળવ્યો લાગે છે.

રૂપસુંદરી: મહારાજ! પણ આમ તો છતો થઈ જશે. ને એક વખત છતો થયો તો પછી ભાગતાં ભોં ભારે પડશે.

શીલગુણસુરી: એનો ઉપાય હમણાં જ કરવો ઘટે છે. પણ એના ઉત્સાહને હણ્યા વિના એ થાય તો જ કામનું છે. વનોડના જુવાનોએ તો વગર મુગટે એને જ રાજા માની લીધો છે.

રૂપસુંદરી: મહારાજ! એ દિવસ ક્યાંથી?

શીલગુણસુરી: કોને ખબર હતી કે આ દિવસ પણ આવશે? આ આવ્યો તો એ દિવસ પણ આવશે.

[૪]

[થોડીવાર પછી રૂપસુંદરી બેઠી છે ત્યાં વનરાજ, ચંપકલાલ, માયો ભરવાડ, બીજા કેટલાક છોકરા, પેલો વૃદ્ધ ચોકીદાર સૌ પ્રવેશ કરે છે.]

વનરાજ: (માતાને પગે લાગે છે) મા! કેટલીક વખત તારી રજા જ હશે એમ ધારી લેવું પડે છે. કાલે જો તારી રજા લેવા રોકાયો હોત તો આ સોના જેવું ગામ લૂંટાઇ જાત.

રૂપસુંદરી: બેટા, મારી તો આવા કામમાં રજા જ હોય; પણ તારા ઉપર શું લટકી રહ્યું છે એનું પણ તારે ધ્યાન રાખવું જોઇએ ને?

માયો ભરવાડ: અરે માજી! વનુભાને શું, અમને સૌને ખબર છે કે એના ઉપર આખા ગુજરાતનું ભવિષ્ય લટકે છે.

રૂપસુંદરી: (આશ્ચર્યથી) તને ક્યાંથી ખબર? તું કોણ છે?

માયો ભરવાડ: હું કોણ છું ઈ તો શી રીતે સમજાવું? પણ તમે કોણ છો એ મને ખબર છે. આ ચંપકલાલને પણ ખબર છે; અને આ ગલઢેરા ચોકીદારને ખબર પડી ત્યારે એ પણ આંહી દોડી આવ્યા.

[વૃદ્ધ ચોકીદાર આગળ આવે છે.]

ચોકીદાર: (પગમાં પડીને) રાજમાતા! . . . .

રૂપસુંદરી: (ચોંકીને) રાજમાતા? તું કોને કહે છે?

ચોકીદાર: તમને, મારી મા, તમને. પંચાસરના ઘેરા વખતે હું હાજર હતો. આજ ગુજરાતના ધણીનું બાળક જીવતું જોઇને મને મારી જુવાની ફરી સાંભરે છે. (પગમાં પડે છે . . . ઊભો થઇને) હવે તો જુવાની વહી ગઇ છે, પણ મારો આ એકનો એક છોકરો (માયા તરફ આંગળી બતાવે છે) તમારે ચરણે સોંપું છું. (માયા તરફ જોઇને) છોકરા! મને જિંદગીમાં એક વાતનો અફસોસ રહી ગયો છે. મહારાજની સાથે સોડમાં અસંખ્ય રણવીરો સૂતા—પંચાસરના મેદાનમાં—તે વખતે હું ત્યાંથી નાસી છૂટયો હતો. આ મહારાજને પડખે રહીને (વનરાજના ચરણ પકડે છે) દેહ પાડવાનો વખત આવે તો એ વખતે આડુંઅવળું જોતો નહિ. તું રણમાં પડીશ તો હું માનીશ કે મારો છોકરો અમર બની ગયો છે! (ઉશ્કેરાઇને) 'જય! ગુજરાતના નાથની જય!—'

શીલગુણસુરી: ચૂપ! ચૂપ! ભાઇઓ, ભીંતને પણ કાન છે. આપણું ગુજરાત હજી તો થાય ત્યારે; પણ તે પહેલાં શૂરવીરને શોભે તેવું મૌન રાખો. માયા, તું અહીં આવ! [માયો આગળ આવે છે.]

શીલગુણસુરી: બાલ મહારાજ! આ તમારો સાથી છે. તેને તલવાર ભેટ આપો ને તમારા સૈન્યમાં તેને અગ્રણી બનાવો.

વનરાજ: માયા! . . .

માયો: નહિ મહારાજ, નહિ; એ માનને વધારે લાયક પુરુષ હું તમને બતાવીશ.

વનરાજ: એવો કોણ છે?

માયો: અહીં નથી, જંગલમાં છે. એ જંગલનો રાજા છે. જંગલની કેડી એ કેડી એના મગજમાં ચીતરેલી છે. એણે ભરચોમાસે નદીઓ પાર કરી છે, સામે મોંએ સિંહ માર્યો છે. એ એક માણસ દુશ્મનના આખા લશ્કરને ઘડીના છઠ્ઠા ભાગમાં જંગલમાં ક્યાંય ને ક્યાંય ગેબ કરી દેવાની તાકાત ધરાવે છે. આપણા જુવાનિયાઓનો એ મોવડી છે.

વનરાજ: એ કોણ છે?

માયો: મહારાજ! ગામડેગામડે જુવાનો તમને જાણે છે. આખું ગુજરાત તમારે પડખે ઊભું રહેવા તૈયાર છે. એ જુવાને જંગલમાં કેટલાય તાલીમ પામેલા સૈનિકો તૈયાર કર્યા છે. એનું નામ છે અણહિલ ભરવાડ!

શીલગુણસુરી: માયા! ચંપકલાલ! તમને જુવાન ભાઇઓને નિરુત્સાહિત નહિ કરું. પણ કેટલીક વખત જેટલી શૂરવીરતા મૂંગા રહેવામાં જોઇએ છે તેટલી શૂરવીરતા લડવામાં પણ જોઇતી નથી. તમે આજ દાઝડાને માર્યો એ તો સારૂં કર્યું, આપણું ગામ બચ્યું;



તરુણ વનરાજ

ચિત્રકાર · રવિશંકર રાવળ



કાળાવડનું નાકું · જામનગર

ફોટો · શ્રીદામ ભટ્ટ · અમદાવાદ

મુંબાઇના 'ફર્સ્ટ ઑલ ઇન્ડિયા સૅલૉં ઑફ ફોટોગ્રાફિક આર્ટ'માં 'સર્ટિફિકેટ ઑફ મેરિટ' પામેલું ફોટોચિત્ર

પણ મહારાજને હમણાં તો તદ્દન શાંત રહેવું પડશે.

વનરાજ: મહારાજ! આ સઘળા જુવાનો જેવા-તેવા ન સમજતા. એમાંનો દરેક માથું હાથમાં જ લઇને ફરે છે.

શીલગુણસુરી: મારા મહારાજ! એ શું મારાથી અજાણ્યું છે? ગુજરાતનો કયો જુવાન તમારે માટે માથું મૂકવા તૈયાર નથી? પણ અત્યારે શૂરવીરતા માથું હાથમાં લઇને ફરવામાં નથી, માથું કબજે રાખવામાં છે. વખત આવે છે; (જુવાનો તરફ ફરીને) વખત આવે છે, જુવાનો, તમારો યે વખત આવે છે. ત્યાંસુધી તમે મૌનથી જ મહારાજની સાચી સેવા કરી શકશો. બોલો, તમારામાં એ ભયંકર તોફાન પહેલાંની પરમ શાંતિ જાળવવાની શક્તિ છે?—બોલો?

સઘળા: હા, મહારાજ! અમે જાણે કંઇ જાણતા જ નથી એમ વેરાઇ જઇશું.

શીલગુણસુરી: તો ગુજરાત તમારૂં છે. દરેકેદરેક ગામનું દરેકેદરેક ઘર પંચાસરના કિલ્લા જેવું બની જાય. મૂંગી તાકાત પ્રજામાં ફેલાવવા માટે તમે પણ હમણાં મૂંગા બની જાઓ. બોલ માયા, તને ખબર છે, પંચાસર-માં કોણ સારૂં બખ્તર બનાવે છે?

માયો: હા, મહારાજ.

શીલગુણસુરી: ત્યારે કાલે વહેલી સવારે એ તરફ તું ઊપડી જા.

વૃદ્ધ ચોકીદાર: મહારાજ! મને હવે તો રહીસહી જિંદગી આ ઘરને આંગણે જ બેસવા દો.

શીલગુણસુરી: એમ ન બને, વૃદ્ધ માણસ! તું જ્યાં છે ત્યાં જ હમણાં તો ઝાંપો સાચવી રાખ. તારો પણ ખપ પડશે. હમણાં તો સૌ મૂંગા બની રહો.

જુવાનિયાઓ: પણ મહારાજ! આમ ગામમાં ધાડ આવે ને અમારાથી મૂંગા રહેવાય?

વનરાજ: તો તો મહારાજ! રજપૂતી લાજે ના?

શીલગુણસુરી: (હસીને) જાણું છું, મહારાજ, જાણું છું કે તમને ગુજરાત સજીવન કરવાના કોડ જાગ્યા છે. ગામની ધાડને ભલે પહોંચી વળો, છતાં એમાં વનરાજ મહારાજનું નામ ન આવે તેમ વર્તો.

જુવાનિયાઓ: પણ અમે મહારાજને મળીએ તો ખરાને?

શીલગુણસુરી: મળો ખુશીથી; તમારાં સ્વપ્નાં પણ ઘડો. નવા ગુજરાતને ઘેરેઘેર સંદેશો પણ મોકલાવો—પણ સઘળું ધાંધલ વિના, દેખાવ વિના, અત્યંત શાંતિથી, પૂરેપૂરા સંયમથી. મંત્રશક્તિએ મોટાંમોટાં રાજ્યોને પણ ડગાવી દીધાં છે. એનું મૂલ્ય ઓછું ન આંકતા. હવે સૌ પોતપોતાનું કામ કરવા છૂટા છો. જાઓ.

[એક પછી એક સૌ વનરાજને નમીને ચાલ્યા જાય છે. વૃદ્ધ સૈનિક વનરાજના ચરણની રજ માથે ચડાવી, 'સિંહનું બાળક વાહ, બા, સિંહનું બાળક' કરતો ચાલ્યો જાય છે. પાછળ તેને ખભે હાથ મૂકી ચૂપ રહેવાની નિશાની કરતા શીલગુણસુરી પણ જાય છે.]

[૫]

[તે રાત્રે વનરાજ ને રૂપસુંદરી ઝાંખા બળતા દીવા પાસે બેસી વાતો કરે છે. રૂપસુંદરી કાંતતી હોય છે. વનરાજ તલવાર ઘસતો હોય છે.]

વનરાજ: મા! મને એવું થાય છે કે જાણે આખા ગુજરાતના જુવાનોને ભેગા કરી એક જંગ ખેલી કાઢું.

રૂપસુંદરી: (ઊંડા સંતોષથી) એવું સાંભળીને મને પંચાસરના વૃદ્ધ શિલ્પીનો તરુણ ગાંઢો યાદ આવે છે. પણ ભાઇ, તને ક્યાં ખબર નથી કે તારે જંગ ખેડવાનો છે તે તું ધારે છે એટલો નાનો નથી.

વનરાજ: એટલે જ મારા મનને એમ કે નાનપણ-થી શરૂ કરીએ તો પાંચ-પંદર વર્ષે પણ એનો આરો આવી જાય.

રૂપસુંદરી: તું કાંઇ બહારવટીઓ છે કે પાંચપંદર વરસ સુધી રખડવું પડે? બરાબર તૈયારીનું એકાદ ભયંકર યુદ્ધ કાં તને પંચાસરનો રાજા સરજશે, નહિતર . . . (અટકે છે.)

વનરાજ: અને નહિતર જંગલમાં ભટકતો કરશે એમ ના?

રૂપસુંદરી: હાસ્તો.

વનરાજ: પણ મા! સુસજ્જિત સૈન્યના નાયક થઇ એકાદ યુદ્ધમાં જ દુશ્મનને હરાવવા કરતાં, એકલે હાથે સૈનિકોને તૈયાર કરી બહારવટું ખેડતાંખેડતાં રાજ હાથ કરવાનું મને તો વધારે ગમે છે. બીજું કાંઇ નહિ, એમાં સાચા મિત્રો કેટલા બધા મળે? અને એમાં રૈયતનું મન જાણવાનું પણ કેવું મળે!

રૂપસુંદરી: તારે નસીબે પણ એમ જ લાગે છે ભાઇ! ઘણા લાંબા કાળથી દુશ્મનોએ જેર કરી મૂકેલાં ગુજરાતીઓનાં ઘર માંડ સો હજાર ઘરે એકાદ વીરને

તારા ચરણમાં મરે તો ભલે; બાકી તો તારે સૈનિકો સર્જાવવાના છે ને સૈન્ય પણ દોરવાનું છે. તારૂં યુદ્ધ વધુ ભયંકર છે.

વનરાજ: એટલે જ, મા મને વધારે ઉત્સાહ આવે છે. તૈયાર હોય ને આપણે સૈન્ય દોરીએ એમાં શી બહાદુરી? મારે તો સાધારણમાં સાધારણ સિપાઇથી માંડી સેનાનાયક સુધી સઘળું જ સર્જાવવાનું છે. એટલે મને વધુ મજા આવશે. કેટલું બધું કામ મળશે? રખડવું, ભટકવું, નદીઓ તરવી, જંગલો જોવાં અને વળી સૈનિક થઇને ઘૂમવું. મા, મને થાય છે કે ઇશ્વરે મને જંગલમાં આટલા માટે જ રખડતો મૂક્યો હશે?

રૂપસુંદરી: ભાઇ, તારો ઉત્સાહ માત્ર પ્રારંભનો તો નહિ રહે ના?

વનરાજ: ના રે, મા! એ શું બોલી? મારે આખું ગુજરાત ઘેર આણ્યે જ છૂટકો છે. જો તો ખરી, આ બેચાર કોળાં આવીને લૂંટ કરી જાય છે, ને આખા ગામમાંથી કોઇની સામા થવાની હિંમત પણ નથી. એ બધું રૈયતે પરદેશી ધૂંસરી નીચે તેજ ખોયું એટલે જ ના?

રૂપસુંદરી: હારતો. મેં તો દીકરા, પંચાસરનું યુદ્ધ જોયું છે એટલે મને આ ફેરફાર બહુ વસમો લાગે છે. પણ થાય શું? તોપણ તારૂં આવું ખોટું સાહસ તો મને ગમતું નથી.

વનરાજ: પણ મા, આપણે અહીં હોઇએ ને વનોડ ગામ લૂંટાઇ જાય ત્યારે તો થઈ રહ્યું ના? સાવચેતી મને ગમે છે, પણ એવી સાવચેતી જે આ-પણને નિષ્પ્રાણ બનાવી દે એને તો હું શું કરૂં?

રૂપસુંદરી: એટલે જ મેં તને વધુ કહ્યું નહિ. આપણો રજપૂતનો ધર્મ જ્યાં હોઇએ ત્યાં રણમાં ઝૂઝવાનો. પણ કોઇ વખત એમાંથી ભયંકર પરિણામ આવે.

વનરાજ: મા, ત્યારે રજપૂતી સાચવવી ને પરિ-ણામથી ડરવું એ બે કેમ બને? પણ મહારાજે કહ્યું તે સાચું કે આપણે મૌન સેવવું.

રૂપસુંદરી: અહોહો! મધરાત થઈ. હવે આપણે સૂઇ જઇએ. પેલો વૃદ્ધ ચોકીદાર જોયો? બિચારો વખાનો માર્યો દુશ્મનની નોકરી કરે છે, પણ એનું મન તો પંચાસરના કિલ્લાની પાસે જ ભમે છે. એવા તો કેટલા યે હશે.

વનરાજ: હા મા. હવે તમે સૂઇ જાઓ. મને તો હજી ઊંઘ નથી આવતી.

રૂપસુંદરી: ત્યારે તું શું કરીશ?

વનરાજ: જરા અહીં ફરીશ. પેલો મારો ઘોડો ફરી નિહાળીશ. એની આંખ મને બહુ તેજસ્વી લાગે છે. જરાક તીરકામઠું સરખું કરીશ . . . અને પછી સૂઇ જઇશ.

રૂપસુંદરી: પાછો જંગલ જોવા અધીરો બની જતો નહિ.

વનરાજ: ના રે, મા! તને કહ્યા વિના હવે જાઉં?

રૂપસુંદરી: તારા એકના ઉપર ગુજરાતનું ભવિષ્ય લટકે છે.

વનરાજ: 'ગુજરાતને તો નવજુવાનો મળશે, પણ આપણને ગુજરાતની સેવા કરવાનો વખત નહિ મળે' એમ કહો.

રૂપસુંદરી: આ એમ ભાઇ. તમને રાજાઓને મીઠી વાણી પણ સહજ બની જાય છે. લે, હવે હું જાઉં છું. તું વે'લો સૂઈ જજે હો. (જાય છે. પાછી આવીને) ભાઇ, સવારે વહેલું ઊઠવું છે, હો. (જાય છે. ફરી પાછી આવીને) મને થાય છે, તને સાથે લઇને જ જાઉં.

વનરાજ: (હસીને) પણ મને કાંઇ નથી મા. લ્યો ત્યારે, તમને શંકા પડે છે તો વાત કહી દઉં.

રૂપસુંદરી: હાં, હવે ઠેકાણે આવ્યો ખરો. તે શી વાત છે તે કહે.

વનરાજ: તમે શી ધારો છો?

રૂપસુંદરી: એમ હશે કે કાલે થોડાક દોસ્તો ભેગા કરી નિશાનબાજી ગોઠવવી, કાં ખોટું યુદ્ધ ખેલવું.

વનરાજ: ના એવું નથી. સાચા યુદ્ધના ભણકારા વાગે છે, ત્યાં હવે ખોટા યુદ્ધની રમતોથી શું વળવાનું?

રૂપસુંદરી: (ગંભીર બનીને) ભાઇ, હજી તારે યુદ્ધમાં ઊતરવાને વાર છે, હો.

વનરાજ: તે તો મને ખબર છે.

રૂપસુંદરી: ત્યારે તું મનમાં શા ઘાટ ઘડે છે?

વનરાજ: બીજું કાંઈ નથી, મા. મને તો મામાએ અણહિલની વાતો કહી એનું સ્મરણ આવે છે. જંગલની એક પણ કેડી એનાથી અજાણી નથી. મામાએ મને જંગલના અટપટા રસ્તાનો નકશો કહ્યો છે. એ પાછો અત્યારે સંભારી જતો છું બીજું કાંઇ નથી મા.

રૂપસુંદરી: પણ દીકરા, આટલી ચિંતા શા માટે? સમય પ્રમાણે સઘળું થઇ રહેશે.

વનરાજ: કોને ખબર છે. મા? આવતી કાલે અહીંથી ભાગવું પડે તો જંગલોનો નકશો આપણા મગજમાં હોય તો કામ આવે. એટલે હું જરાક ફરી સંભારી જવા માગું છું. એ જ કામ હતું; બીજું કાંઇ નથી.

રૂપસુંદરી: ઠીક લે, ત્યારે હું જાઉ છું. પણ એ જ વાત છે ના?

વનરાજ: હા, મા, હા. એ જ.

[રૂપસુંદરી જાય છે.]

વનરાજ: (એકલો ફરે છે.) ગુજરાતના દરેકેદરેક ઘરમાંથી એક એક સૈનિક ન મળે તો જંગલની દરેકેદરેક કેડી યાદ રાખવી પડશે. બીજું શું બને? . . . પ્રજામાં સૈનિકો ન હોય ત્યારે નવા સરજાવવા માટે તો નાયકને લાંબો, કંટાળાભરેલો જંગલનો રસ્તો જ સેવવો રહ્યો ના? એ દુઃખપરંપરા નવા સૈનિકોને ખૂણેખૂણેથી ખેંચી લાવશે. ચાલો, હું માયાએ કહ્યા પ્રમાણે જંગલોનો નકશો તૈયાર કરું. . . .

[વનરાજ બેઠોબેઠો નકશો ચીતરે છે. એવામાં વૃદ્ધ ચોકીદાર પ્રવેશ કરે છે. તેનો પડછાયો જોઇને વનરાજ પાછું ફરીને જુએ છે.]

વનરાજ: કોણ?

ચોકીદાર: એ તો હું, અન્નદાતા. આજ હવે ક્યાંય ચેન પડતું નથી. પંચાસરનું જુદ્ધ આંખ આગળ ખડું થાય છે.

વનરાજ: ધીમે બોલજો હો. માતાજી હમણાં જ ગયાં છે. પંચાસરના જુદ્ધમાં તમે ખરા કે?

ચોકીદાર: હા મહારાજ. મારો મોટો દીકરો દરવાજે પડ્યો, ભાઇ ભાગોળે પડ્યો, મા મહારાજની ચિતામાં બળી, બેન દાસીઓની દરોળમાં કપાઇ ગઇ. બે જ જણા રહ્યા. એક હું—તે પાપી પેટને માટે પરદેશીની સોડ સેવું છું; ને બીજો મારો માથો તે તમારે ચરણે ધર્યો. મહારાજ, હવે તમને જોયા પછી મારું મન પણ સ્થિર રહેતું નથી. મને તમારી પાસે રાખો.

વનરાજ: એ વખત પણ આવશે, ચોકીદાર; હમણાં તો શાંતિ જ રાખો.

ચોકીદાર: મહારાજ, હું ગરીબ તો બીજી શી મદદ કરું? એક મારો માથો તો તમારે ચરણે ધર્યો જ છે; અને બીજું આ—(એક રત્ન ચરણ પાસે મૂકે છે.)

વનરાજ: અરે! આ શું? આને મારે શું કરવું છે?

ચોકીદાર: મહારાજે છેલ્લા યુદ્ધમાં ચડતાં પહેલાં મને આપેલી એ પ્રસાદી છે.

વનરાજ: હેં! આ રત્ન પિતાને અંગે હતું?

ચોકીદાર: (ગદ્ગદ્ કંઠે) મહારાજ! મહારાજ જયશિખરની એ છેલ્લી પ્રસાદી મેં બહુ જાળવી. હું પરાધીન બન્યો, પરદેશીને સેવ્યા, પણ એ રત્ન નિરખીને મેં પંચાસરની મૂર્તિ યાદ કર્યા કરી છે. આપના કંઠમાં એ શોભો!

વનરાજ: ચોકીદાર, ગુજરાતને તમારા જેવાં રત્નોની વધારે જરૂર છે.

રૂપસુંદરી: (અંદરથી) વનુભા! હજી નથી સૂતો?

વનરાજ: એ આવ્યો મા, આવ્યો. (ચોકીદારને ધીમેથી) તમે મને કાલે મળજો; આજે તો આ લેતા જાઓ. (રત્ન આપે છે.) હવે મારા તરફની ભેટ ગણજો. (ચોકીદાર ચરણે પડી ધીમેધીમે ચાલ્યો જાય છે.)

વનરાજ: અજબ શાંતિ જાળવજો, હો.

ચોકીદાર: મહારાજ! (જાય છે.)

વનરાજ: (એકલો ખંડમાં ફરે છે.) ગુજરાતને ખૂણે ખૂણે રત્ન પડ્યાં છે. સઘળાંનાં મન પરદેશીથી વિમુખ છે. ઇશ્વર એ સઘળાંના મનમાં અગ્નિ પ્રગટાવવાનું મને બળ આપો!

રૂપસુંદરી: વનુભા!

વનરાજ: એ મા! આવ્યો. (જતાંજતાં) માતા ગુર્જરી પણ આમ જ સાદ કરી રહી છે. એને પણ કહેવું પડશે કે 'એ મા! આવ્યો.'

'ધૂમકેતુ'

નદીઓ વિષેના કાકાસાહેબના આ પરિચયલેખો એ કાંઇ ભૂગોળ વિષયક નિબંધો નથી; એ તો છે એમણે ભક્તિપૂર્વક કરેલું આપણા દેશની

લોકમાતાનું ઉપસ્થાન

સ્તન્યદાયિની

કાશ્મીરથી પાછા વળતાં પગ ઊપડતા નથી. જતાં જે ઉત્સાહ હોય છે તે પાછા આવતાં ક્યાંથી હોય? એ જ કારણસર જતાં જે રસ્તો લીધો હતો તે છોડી પીરપુંજાલના પહાડ ઓળંગી જમ્મુને રસ્તે અમે આવતા હતા. શ્રીનગરથી જમ્મુ ગાડાવાટ નથી. હિંમત હોય તો પગે ચાલો, નહિતો કાશ્મીરી ટટ્ટુ પર સવાર થાઓ. રસ્તામાં કુદરતી સુંદરતા અને જહાંગીરની વિલાસિતાનો ડગલે ને પગલે અનુભવ થાય છે. જ્યાં જુઓ ત્યાં જલાશયો બાંધેલાં અને પહાડમાં રસ્તા તૈયાર કરેલા. આજે સીમલાની જે પ્રતિષ્ઠા છે તેવી જ, અથવા તેથી વિશેષ, જહાંગીરના વખતમાં શ્રીનગરની હતી. એવા પહાડી બાદશાહી રસ્તે પાછા આવતાં ભગવતી ચંદ્રભાગાનું દર્શન થએલું. લોકો આજે એને ચિનાબને નામે ઓળખે છે.

જો હું ભૂલ કરતો ન હોઉં તો રામબનની આસપાસ ક્યાંક અમે હતા. આખો દિવસ અને આખી રાત ચાલવાનું હતું. ચાંદરણું સરસ પડ્યું હતું. થાક્યાપાક્યા અમે પીધેલા માણસોની પેઠે લથડતે પગે રસ્તા પર ચાલતા હતા. પગનાં તળિયાં પર ફોલ્લા ઊઠેલા. ઘૂંટણમાં કળતર થતું હતું અને નિરાશ થએલી ઊંઘનું રૂપાન્તર અર્ધા ઘેનમાં થયું હતું. નિદ્રા સુખાવહ હોય છે એવી તન્દ્રા નથી હોતી.

આવી સ્થિતિમાં ચાલતા હતા ત્યાં રસ્તાની જમણી બાજુની ઊંડી ખાઈમાંથી ગંભીર ધ્વનિ સંભળાયો. સામી ટેકરીમાંથી કમાન ખાઇને આવેલો પવન શીતલ સુરભિ લાવવા માંડ્યો. ઘેન ઊડી ગયું. જીવમાં હોશ આવ્યો અને દૃષ્ટિ એ કલરવનું મૂળ શોધવા દોડી. કેટલું મનોહર એ દૃશ્ય! ઉપરથી દૂધ જેવું ચાંદરણું વરસે છે, નીચેથી ચન્દ્રભાગાનાં પાણી પથરા સાથે અથડાઇ ધોળાંધોળાં ફીણ ઉછાળે છે, અને એનો આસ્વાદ લઈ તૃપ્ત થએલો પવન ત્યાંની શીતળતા અમને જણાવે છે!

સાથેના એક માણસને પૂછ્યું, 'આ શું નદી છે કે પહાડી પ્રવાહ છે?' એણે કહ્યું, 'બંને; એ તો મૈયા ચિનાબ છે.' મેં નમસ્કાર કર્યા. નીચે ઊતરાય એવું હતું નહિ. દૂરથી દર્શન કરી પાવન થયો, નમસ્કાર કરી કૃતાર્થ થયો અને આગળ ચાલ્યો.

શું આ જ તે વેદકાલીન ભગવતી ચંદ્રભાગા! કેટલાયે ઋષિઓએ પોતાનું ધ્યાન અને પોતાની ગાયો અહીં પુષ્ટ કર્યાં હશે. અને આજે પણ ઉદ્યમી લોકો એ નદીમાતાનું દોહન ઓછું નથી કરતા. મારા જીવનની સ્મૃતિ શરૂ થાય છે એ જ અરસામાં પહાડ જેવા પંજાબીઓ આ નદીને કાંઠે નહેરો ખોદતા હતા. આજે ૨૫ લાખ એકર જમીન પણ આ માતાના દૂધમાંથી રસકસ મેળવતી થઇ છે અને અસંખ્ય પંજાબી વીરોને પોષે છે. વેદકાલીન ચિનાબનું સત્ત્વ આર્યોના ઉત્કર્ષમાં કામ આવતું; રણજીતસિંહના વખતમાં એ જ જલ ગુરુકી ફતેહ પોકારતું; આજનો રંગ એ કંઇ છેલ્લો નથી. ચિનાબનાં પાણી સાવ નિઃસત્ત્વ નથી થયાં. પંચનદની પ્રતિષ્ઠા ફરી યે જાગશે અને સપ્તસિંધુનો પ્રદેશ ભારતવર્ષને ભાગ્યના દિવસો બતાવશે.

નેપાળની ગંગા

જેમ કાશ્મીરની દૂધગંગા તેમ નેપાળની વાગમતી (બાઘમતી). આટલી નાની નદી તરફ કોઇનું ધ્યાન પણ ન જાય. પણ વાગમતીએ એવું ઇતિહાસપ્રસિદ્ધ સ્થાન પોતાનું કર્યું છે કે એનું નામ લાખો લોકોની બત્રીશીએ ચઢ્યું છે. નેપાળની ઉપત્યકા એટલે અઢાર કોસના ઘેરાવવાળું અને ચારે બાજુ પહાડોથી સુરક્ષિત એવું રમણીય લંબવર્તુલ મેદાન. દક્ષિણે ફરપિંગનારાયણ એનું રક્ષણ કરે છે, જ્યારે ઉત્તરે ગૌરીશંકરની છાયા તળે આવેલા ચંગૂનારાયણની રક્ષા છે. પૂર્વે બિશંગુનારાયણ અને પશ્ચિમે ઇચંગુ.

હિમાલયની ગોદમાં વસતા સ્વતંત્ર હિંદુ રાજ્યના આ માળામાં ત્રણ ઇંડાં મૂક્યાં હોય તેવી ત્રણ રાજધાનીઓ છે. બહુ જ જૂની રાજધાની તે પટ્ટન; ત્યાર પછીની

ભાદગાંવ; ને હાલની કાઠમાંડુ અથવા કાષ્ઠમંડપ. નેપાળનાં મંદિરોનો ઘાટ હિંદુસ્તાનનાં અન્ય સ્થળોનાં મંદિરોના ઘાટ જેવો નથી. મંદિરના નેવાં જ્યાં પડે છે ત્યાંની પાણપટ્ટીએ નેપાળી લોકો ઝીણીઝીણી ઘંટડીઓ ટીંગાડી રાખે છે અને વચ્ચે લટકતા લોલકને પિત્તળના પાતળા પતરાનાં પીપળાપાન બેસાડેલાં હોય છે. જરાક પવન વાય કે પીપળાપાનને કઇ રીતે નાચવું એ શીખવવું

બળતાં પાણી

• શિખરિણી •

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગર વનો,
પડે ઓળા પાણી મહીં, સરિત દૈયે સળગની;
ઘણું દાઝે દોડે, નગીનગી ઊંડે બિંદુ જળનાં,
વરાળો દૈયાની, પણ મદદ કૈં ના દઇ શકે.

જરી થંભી જેને ઉજળી દઈ છોળો તટ પરે
પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને;
અરે! જે પહાડોએ નિજ સાહુ નિચોવી અરપિયું
નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે!

કિનારાની આંકી જડ કઠણ માઝા કયમ કરી
ઉથાપી લોપીને સ્વજનદુઃખને શાંત કરવું?
નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી
જવું સિન્ધુ કેરા અદીઠ વડવાગ્નિ શમવવા!
પછી ત્યાંથી કો દિ' જળભર ભલે વાદળ બની
વહી આવી આંહી ગિરિદવ શમાવાનું થઇ રુહે!
અરે! એ તે ક્યારે? ભસમ સહુ થૈ જાય પછીથી?

દવાગ્નિની ઝાળો ઉર ભરીભરીને અણહરી
વધુ વેગે દોડે તરસી સરિતા સિન્ધુની ભણી.

ઉમાશંકર જોષી

કોઇના અંતરમાં સળગી રહેલી એક અકથ્ય વેદનાને કવિએ નદીના રૂપકની સહાયથી અન્યોક્તિ રૂપે બહુ જ અસરકારક રીતે અહીં ઉતારી છે :કર્તવ્યકર્મની કે એવી બીજી, સમાજે આંકેલી જડ મર્યાદાઓ માણસને કેટલી મૂર્ખ કરતાથી તેના અંતઃપ્રેરિત તથા સ્વાભાવિક વલણ અને ધર્મથી વિમુખ કરી જકડી રાખે છે તેનું એમાં સચોટ આલેખન છે. પહેલી ચાર જ લીટીમાં દાવાનળને પડખે વહેતી નદીનું અને તેના અંતરની વેદનાનું ચિત્ર કેટલું તાદશ છે! પોતે પડખે જ વહી રહી છે છતાં કિનારાની જડ કઠણ માઝા ઉથાપીને એ દવને શાન્ત કરી શકતી નથી:—અરેરે, જે પર્વતે અનું સર્વસ્વ નિચોવી નિચોવીને પોતાના નવાણો ભર્યાં તેને આવો કપરો સમય આવ્યે પોતે એક બુંદ પણ દઇ શકતી નથી!—અને પાસેનાં (એટલે 'નજીકનાં' અને 'પોતાના અંતરનાં', એમ બે અર્થમાં) સળગી મરતાંને અવગણીને દૂરના સિંધુના અદીઠ વડવાનળ શમવવા એ જડ કિનારામાં બંધાઇને એને જવું પડે છે! પછી ત્યાંથી ભલે કોઇ દિવસ વાદળ બનીને અહીં આવી વરસવાનું, અને એ રીતે એ દવ શમાવવાનું બની રહે. પણ એ ક્યારે?—બધું ભસ્મ થઇ જાય પછીથી? નદીના પ્રવાહ જેટલી જ વેગભરી વહેતી, બળતી કાવ્યની સળંગ ભાષા અને ૧૧-૧૨મી તથા ૧૫મી લીટીમાંના સડસડતા કટાક્ષો પહેલા જ વાચને કાવ્યની ધારી અસર મન પર પાડી દે છે, અને છેલ્લી બે લીટીમાંનું, દાવાનળની અણહરી ઝાળો હૃદયમાં ભરીભરીને કિનારાની ક્રૂર મર્યાદાઓ વચ્ચે જકડાઇને સિંધુ તરફ ખેંચાઈ રહેલી તરસી સરિતાનું કરુણ ચિત્ર કાવ્યને અંતરમાં જડી રાખે એવી છાપ મૂકી જાય છે. —બ.રા.

ન પડે. એકીસાથે અનેક ઘંટડીઓ કિણકિણ કિણકિણ અવાજ કરી ઊઠે. એ મંજુલ ધ્વનિ મંદિરની શાન્તિ બગાડતો નથી, ઉલટો શાન્તિને વધારે સ્પષ્ટ કરે છે. ભાદગાંવની કેટલીક મૂર્તિઓ તો શિલ્પકળાના અદ્ભુત નમૂના છે. શિલ્પશાસ્ત્રના બધા નિયમો સાચવતાં છતાં કલાધર પોતાની પ્રતિભાને કેટલી છૂટી મૂકી શકે છે એના નમૂના જોવા હોય તો આ મૂર્તિઓ જોવી. કળા એ અતિમાનુષી જ હોય એમ અહીંના મૂર્તિકારો માનતા લાગે છે. ખેતરોમાં દૂરદૂર ભવ્યાકૃતિ સ્તૂપો, સમાધિ અનુભવતા હોય તેવા બેઠેલા દેખાય છે.


અને કાઠમાંડુ એટલે તો આજના નેપાળી રાજ્યનો વૈભવ. નેપાળમાં જવાની રજા સહેજે મળતી નથી. તેથી પડદા પાછળ શું છે, અવગુંઠનની અંદર કેવું સૌન્દર્ય છે એ જાણવાનું કુતૂહલ જેમ એની મેળે ઉપજે થાય છે તેમ નેપાળ વિષે પણ થાય છે. આઠ દિવસ રહેવાનું મળ્યું છે; જોવાનું હોય એ જોઈ લો; એકવાર પાછા ગયા એટલે ફરી આવવાનું નહિ મળે; આવી મનઃસ્થિતિમાં જ્યાંત્યાં કાવ્ય જ દેખાય છે.

પશુપતિનાથનું મંદિર કાઠમાંડુથી દૂર નથી. મંદિરોના મધ્યમાં જાણે મોટો નંદી બેઠો છે. અને પાસે જ વાગમતી વહે છે. રેનાળ માટીમાં થઇને એ પાણી

આવતાં હોવાથી પાણી હમેશ ડહોળાએલું લાગે છે. એમાં તરવાનું મન થાય ખરૂં. પણ પાણી એટલું ઊંડું છે જ કયાં? ગુહ્યેશ્વરી અને પશુપતિનાથ વચ્ચે થઇને એ પ્રવાહ વહે છે એટલા માટે જ એનો મહિમા.

પશુપતિનાથથી સીધા પશ્ચિમે શિંલુગુ ભગવાનનું દર્શન કરવા અમે ગયા. રસ્તામાં આવી વાગમતીની બહેન વિષ્ણુમતી. એ નદી પર જયાંત્યાં પૂલ પાથરેલા હતા. પૂલ એટલે શું? નદીના પટમાં પાણીથી એક હાથ ઊંચે લાકડાનાં વેંતવેંત પહોળાં પાટિયાં. સામેથી કોઇ માણસ આપણને મળે તો વેંતિયા પૂલ પર થઇને બંને શી રીતે પસાર થાય? બેમાંથી એકે પાણીમાં ઊતરવું જોઇએ. કોઇકોઇક ઠેકાણે પાણી વધારે ઊંડું હોય છે. ત્યાં માણસ ઘૂંટણ સુધી પલળી જાય.

શિંલુગુ ભગવાનની તળેટીમાં બુદ્ધ ભગવાનની એક મોટી મૂર્તિ તાપતડકામાં તપ કરે છે. ટેકરી ઉપર એક મંદિર છે. એમાં ત્રણ મૂર્તિઓ છેઃ એક બુદ્ધ ભગવાનની, બીજી ધર્મ ભગવાનની અને ત્રીજી સંઘ ભગવાનની. દરેક આગળ ઘીનો દીવો બળે. અને એક ખૂણે 'ॐ મામે પામે હું' (ॐ मणिपद्मेऽहम्) નો પવિત્ર મંત્ર જેના પર અનેકવાર કોતરેલો છે એવું પિત્તળનું ભૂંગળું લાકડાના ચોકઠામાં ઊભું રાખેલું હોય છે. એક હાથો ફેરવો એટલે ભૂંગળું ગોળગોળ ફરે. દરેક ફેરા સાથે એના પર જેટલીવાર મંત્ર લખેલો હોય એટલીવાર મંત્ર જપ્યાનું પુણ્ય તમને મળવાનું, એ વિષે શંકા રાખવાનું કારણ નથી! તથાગતને પોતાના સંદેશાનું આ સ્વરૂપ જોવા ન મળ્યું એ એનું દુર્ભાગ્ય. આ જ મંદિર આગળ પિત્તળનું બનાવેલું ઇન્દ્રનું વજ્ર એક ચોતરા પર રાખેલું છે. ભગિની નિવેદિતાને એ વજ્રનો આકાર બહુ જ ગમેલો. ભારતવર્ષના રાષ્ટ્રધ્વજ ઉપર એ વજ્ર રાખવામાં આવે એવી સૂચના તેમણે કરેલી.



પિરામિડ

-શાર્દૂલવિક્રીડિત-

કોની રે! સ્મૃતિ આ પિરામિડ વિષે, કોનાં યશોગાન વા?
કોની રે! અહીં શક્તિ ભીષણ ઊભી ત્રિશૂલ શી વ્યોમને
વીંધી? રાજ્યશ્રેષ્ટનાં અહીં મમી સૂતાં સ્મૃતિ તેમની?
કે પૃથ્વીપટ ઉચ્ચ માનવીની શું બુદ્ધિ તણી સૂક્ષ્મતા
સ્તૂપાકાર ઊભેલ આંહીં? સ્તુતિ વા આ હોય સામર્થ્યની?
કે સત્તા તણી જેહના બીજ થકી ઊગી ગુલામી અહીં?
ના આ સ્મૃતિ સહસ્ર વર્ષ પૂરવે જે જીવતાં માનવી
તેની; કે નહિ બુદ્ધિની જયકથા, ના વા ગુલામી તણી
ગાથા આંહીં ઊભી શિલા રૂપ સજી, ના આયુધો અશ્વની,
જૂનો સંસ્કૃતિની, પુરાણયુગની આ ભેટ યે વિશ્વને.
કિંતુ માનવમાત્ર, જીવ સઘળા, વૃક્ષો, નદી, પર્વતો,
પૃથ્વી ને ગ્રહ ગોળ સર્વ વશ છે તેવા મહાકાલની
આ તો છે મનુબુદ્ધિએ સ્મૃતિ રચી, ગાવા યશોગાન આઃ
'ઓ તું કાલ કૃપાળ! બે પળ મને જીવી જવા દે વધુ.'

રમણલાલ સોની

વાગમતીને કિનારે ડાંગર, ઘઉં, મકાઇ અને અડદ પાકે છે. તુવેર ત્યાં પાકતી જ નથી કે લોકોએ પ્રયત્ન કર્યો નથી એની ખબર નથી. કપાસનું વાવેતર કરવાનો પ્રયત્ન હમણાંહમણાં ત્યાં શરૂ થયો છે. વાગમતી એ નેપાળી લોકોની ગંગા છે. ગોરક્ષનાથ એ એમના પિતા છે.

પિનાકિની

નેલ્લૂર એટલે ડાંગરનું ગામ. દક્ષિણ હિંદુસ્તાનના ઇતિહાસમાં નેલોરે પોતાનું નામ કાયમનું કર્યું છે. બેઝવાડાથી મદ્રાસ જતાં નેલોર રસ્તામાં આવે છે.

ભારતસેવકસમાજવાળા સ્વ. હણુમંતરાવે નેલોરથી થોડે દૂર પલ્લખાડુ નામના ગામમાં એક આશ્રમ સ્થાપ્યો છે. તે જોવા જતાં સુભગ સજલા પિનાકિનીનું દર્શન થએલું. કનકમ્માના પવિત્ર હસ્તે કાંતેલું સૂતરનું ધોતિયું સ્વીકારી આશ્રમ જોવા ચાલ્યા. થોડે દૂર સુધી તો જ્યાં જુઓ ત્યાં બગીચા. નહેરોમાં પાણી દોડે છે અને લીલી લહેર હસે છે. પછી આવી રેતી.

આગળ પાછળ, જમણી બાજુ ને ડાબી બાજુ રેતી જ રેતી. પવન પોતાની ઇચ્છા પ્રમાણે ઠેકઠેકાણે રેતીની ટેકરીઓ બાંધતો અને મન બદલાય એટલી જ સહેલાઇથી વીંખી નાખતો. આવી રેતીમાં સુખેથી ગુજરાન ચલાવનાર તુંગકાય તાડવૃક્ષો આનંદમાં ડોલતાં હતાં. તાપથી અકળાઇને પોતે પોતાને જ ચામર ઢોળતાં હતાં કે અમારા જેવા પથિકોની દયા આણીને વીંઝણો નાખતાં હતાં એ કોણ કહી શકે? બપોરનો તાપ કર્મકાંડી બ્રાહ્મણોની પેઠે કઠોર તપતો હતો. પગ બળતા હતા, માથું તપતું હતું અને શરીરના વચલા ભાગને સમવેદના આપવા માટે તરસ પોતાનું કામ કરતી હતી.

આવીરીતે ત્રિવિધ તાપથી તપી જઈ અમે આશ્રમ પહોંચ્યા. ત્યાં હું એક મોટા ટેકરા પર જઇ ચઢ્યો. અને એકદમ પિનાકિનીનો તરલ પ્રવાહ આંખે ચોંટ્યો. કેવું શીતળ એવું દર્શન! ચંદ્રના રસ જેવી ધોળી રેતી પર સ્ફટિક જેવું પાણી વહેતું હોય અને ઉપરથી ભાસ્કરનાં પ્રતાપી કિરણો વરસતાં હોય એ શોભાનું વર્ણન કોણ કરી શકે? જાણે ચાંદીના રસની કોઠી ભઠ્ઠીનો તાપ ખમી ન શકવાથી ફૂટી ગઇ છે, અને અંદરનો રસ જ્યાં વહેણ મળે છે ત્યાં દોડ્યો જાય છે! પવનની દિશા ફરી અને પિનાકિની પરનો ઠંડો પવન આખા શરીરને આનંદ દેવા લાગ્યો. પાસેની ચમરાઇના એક ઝાડ પર ચઢી બે ડાળ વચ્ચે આરામ ખુરશી જેવું સ્થાન શોધી હું બેસી ગયો. દૂર તાડ ડોલતાં હતાં, વયોવૃદ્ધ આંબા છાયા ઢાળતા હતા અને પિનાકિની શીતળ વાયુ ફૂંકતી હતી. નંદનવનમાં પણ આના કરતાં વધુ સુખ મળતું હશે?

નદીકિનારાનું એ કાવ્ય પીને આંખો ધરાઈ અને બીડાવા લાગી. ઉપરથી પડવાની બીક ન હોત તો જાગૃતિના આ કાવ્યની તોલે આવે એવું સ્વપ્નકાવ્ય મેં અનુભવ્યું હોત.

પિનાકિનીનો પટ મોટો છે. ચોમાસામાં એ રુદ્રાવતાર ધારણ કરે છે. ત્યાંના લોકોની પિનાકિની પ્રત્યેની ભક્તિ કંઇક ઓર જ છે.

એકલું

નભમાં ભિગે છે નવલખ તારલા,
અગણિત સિંધુ તરંગ;
ડાળે ડાળે વનમાં ફૂલડાં
માળે માળે છે છંદઃ
શાને રે લાગે તો યે એકલું?
સ્મૃતિ રે અંતર મારે લાખ છે,
આશા કેરો ન પાર,
પડે રે હૈયું જ્યારે એકલું
ત્યારે સંગ દેનારઃ
તો યે રે લાગે આજે એકલું.
ઊભી રે ધરણી મારી પાસમાં,
ઉપર આભ અપાર;
વાયુ રે નિત્યે વીંટી રે' મને,
આખું વિશ્વ વિરાટઃ
નાના રે હૈયાને લાગે એકલું.
કોઇ રે આવી કોઇ વહી ગયું,
મારે અંતરને દ્વાર;
કોઇ રે ગાઈ મૂંગું રહી ગયું,
છાયો ઉરમાં સુનકારઃ
એવું રે લાગે આજે એકલું.

[illegible] –

જૂનાં ભજનોના ઢાળનું તથા ગૂઢત્વભરી એની જ અર્થઘટનાનું આ કાવ્ય, શાંતિનિકેતનમાં અભ્યાસ કરતા એના કર્તાની આસપાસના વાતાવરણનો પ્રતિધ્વનિ પાડે છે. સરળ સાદી ભાષામાં કડીએ કડીએ કરેલાં એનાં કથનોમાં ઊંડી લાદીમાં વહેનારા ઉરના સુનકારની વેદનાની ગૂઢ છાયા એકસરખી ઊતરતી આવી છે.

રેણુકાનો શાપ!

રેણુકા એટલે રેતી. એના શાપથી કઇ નદી સુકાઇ ન જાય? ગયાની નદી પણ એમ જ અંતઃસ્રોતા થઇ છે ને? પછી વઢવાણ પાસેની ભોગાવો પણ એમ કેમ ન થાય? કાઠિયાવાડમાં ભોગાવો ઘણી છે. એ દરેકને શું કોઇ ને કોઇ રેણુકાદેવીનો શાપ નડ્યો હશે! શેત્રુંજી, ભાદર, મચ્છુ, આજી, રંગમતી, મેગળ, —ચારે દિશામાં વહેનારી આ નદીઓમાંથી બારે માસ જેમાં પાણી વહે છે એવી કેટલી છે?

પંડરથ ભારતવર્ષથી કાઠિયાવાડ [illegible] પડે છે. એટલા આ કારણે તો [illegible] શેત્રુંજો કે ગિરનાર પાણી [illegible]

નીલગિરિ અને સહ્યાદ્રિ, સાતપુડા ને વિન્ધ્યાદ્રિ, હિંદુકુશ અને હિમાલય, નાગાખાસી ને બ્રહ્મી ગોમાઓ એ સૌને વાદળાંઓનો મુખ્ય કારભાર મળે છે. એમની દીકરીઓ ગૌરવથી અલસલુલિત થઇ ચાલે, તેની આગળ બીચારી કાઠિયાવાડની નદીઓ શા વિસાતમાં? વરસાદ આવે એટલી ઘડી વહે. વરસાદ થોભે કે વિમાસણમાં પડે.

દરેક નદીએ એકબે શહેરોને આશ્રય આપ્યો છે. ભોગાવાને લીધે વઢવાણની શોભા છે. રાણકદેવીનો શાપ ન હોત તો એ નદીનું મુખ કેટલું ઉજ્જવલ દેખાત? અંત્યજોનો શાપ લઇ હવેના છોકરો એની ભવિષ્યમાં શી દશા કરવાના છે? શેત્રુંજીના વાંક જોવા હોય તો એના ચીરાના શિખર ઉપરથી જોઈ લેવા. કુંદન જેવું ઘાસ ઊગ્યું છે, દૂરદૂર સુધી ગાલીચા જેવાં ખેતરો પથરાયાં છે, અને વચ્ચે થઇને શેત્રુંજી પોતાનો માર્ગ ધીમેધીમે કાઢતી જાય છે. શેત્રુંજીની ચાલ સંસ્કારી અને ચિત્તાકર્ષક છે. અને મેગળનું નામ શા પરથી પડ્યું હશે? દેવધરામાં મગરે કોઇ હાથીને પકડી રાખ્યો હશે તેથી? કે સમુદ્રની અને એની વચ્ચે આવનાર ઉંચા વાળુપટ પર એ માથું પછાડે છે તેથી? દરેક નદીને સમુદ્રને મળવાનો હક તો છે જ. પણ બીચારી મેગળને વરસના આઠ મહીના ખંડિતાની પેઠે પોતાના પતિનાં દૂરથી જ દર્શન કરવાં પડે છે. ચોમાસામાં જ્યારે સમુદ્રથી પણ નથી રહેવાતું ત્યારે જ એ બેનો સંગમ થાય છે. ચોરવાડના લોકોને એ સંગમ પર જ સ્મશાન ગોઠવવાનું શું સૂઝયું છે? અથવા એમાં પણ ઔચિત્ય નથી એમ કેમ કહેવાય? સ્મશાન એ પણ ઇહલોક અને પરલોકનો સંગમ જ છે ને?

જેને લીધે કાઠિયાવાડ મગરૂર છે તે તો એકલી ભાદર જ. ભાદરનું મૂળ નામ શું? ભાદ્રપદી કે ભદ્રાવતી? 'બહાદુર' તો ન જ હોય. આ નદીની પ્રતિષ્ઠા ભારે છે. જેતપુર, નવાગઢ અને નવીબંદર જેવાં સ્થાનો એને કાંઠે ઊભેલાં છે. નવીબંદર જ્યારે વસ્યું હશે ત્યારે એને 'નવી' નામ આપનાર પુરુષોનાં હૈયાંમાં કેટલાં આકાંક્ષા અને ઉત્સાહ હશે? પોરબંદર કરતાં યે એ શ્રેષ્ઠ થવાનું; મોટાંમોટાં વહાણો દૂર દેશનો માલ દેશની અંદર સુધી પહોંચાડવાનાં. દૈવ અનુકૂળ હોત તો ભાદરને ટેમ્સ નદીની પ્રતિષ્ઠા મળાત! પણ નદીની પ્રતિષ્ઠા એના પુત્રોના પુરુષાર્થને લીધે હોય છે. અત્યારે તો ભાદરને હિંદુસ્તાનની પશ્ચિમવાહિની નદીઓનું અગ્રેસરત્વ છે એ જ બહુ છે. રંગમતી, આજી અને મચ્છુ ગમે તેટલી પરોપકારી હોય, અને નવાનગર, રાજકોટ તથા મોરબીના વૈભવો નિહાળતી હોય તો યે એમને સાગર છોડી નાનકડા અખાતને જ વરવું પડે છે ને!

કાઠિયાવાડની આ બધી નદીઓએ દેશી રાજ્યોની ખટપટો અને પ્રપંચો જૂના કાળથી જોયાં હશે. કાઠિયાવાડના ભિન્નભિન્ન વિભાગની વિશિષ્ટ રીતભાતનું દર્શન જો તેઓ આપણને કરાવે તો તે કથા રોચક થાય ખરી. કાઠિયાવાડની નદીનું પાણી પીનાર કોઇ પુત્રનું એ કામ છે કે તે નદીઓ પાસે પોતાનો અનુભવ બોલાવે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ભાવનાલહરી

બંધનની આવશ્યકતા

એમ ન કહો કે મૃદંગ અંદરથી શૂન્ય છે. એમાં તો અનંત તત્ત્વ ભરેલું છે. એની રચના કેવી વિચિત્ર છે! એક ખાલી કાષ્ટ ખંડની બન્ને બાજુપર ચર્મનું આવરણ છે; અને તે ચર્મરજ્જુઓથી સારી રીતે જકડાએલું છે.

તમારા હાથની થાપીથી આ મૃદંગે ઘણીવાર આ સંસારને મોહિત કર્યો છે. જાતજાતના સ્વરો એમાંથી ઉદ્ભવ્યા છે.

પણ અરે! તમે આ શું કરી રહ્યા છો? એના ગુણો—ચર્મરજ્જુઓ—ને કાઢી નાખો છો? તેમ કરતાં તો એ નકામું થઇ જશે. રજ્જુઓમાં એ બંધાઇ રહે એમાં જ તો એની મર્યાદા રહેલી છે. બંધનમાં જ એનો મહિમા છે.

(રાય શ્રી કૃષ્ણદાસજીના મૂળ હિંદી ઉપરથી અનુવાદ) **શંકરદેવ વિદ્યાલંકાર**

યુરોપમાં સંસ્કૃત સાહિત્યનો પ્રચાર

ઈસ્વીસનની અઢારમી સદીના પાછલા અર્ધાઆમાં યુરોપમાં એક મહત્ત્વનો બનાવ બન્યો. એ બનાવ તે યુરોપમાં હિંદી સાહિત્યનો પહેલો પગપેસારો. સિકંદરની સવારી પછી ગ્રીકો આપણા સંપર્કમાં આવ્યા હતા અને વિદ્યાકળાની આપલે પણ થઇ હતી; મધ્યયુગ (Middle Ages)માં આરબોએ હિંદી વિજ્ઞાનની પશ્ચિમને ઝાંખી કરાવી હતી; અને છેલ્લેછેલ્લે અબ્રાહમ રૉજર નામના એક વિદ્વાને ભર્તૃહરીનો ડચ ભાષામાં અનુવાદ પણ કર્યો હતો. એ બન્યું ઈ. ૧૬૫૨માં; પણ હિંદી વિદ્યાકળા અને સંસ્કૃત પુસ્તકોનો ખરો સમાગમ તો અઢારમી સદીમાં જ શરૂ થયો.

વૉરન હેસ્ટિંગ્સ હિંદના ઇતિહાસમાં અનેક રીતે અમર છે. ઇંગ્લંડ તો એને કદી ભૂલશે જ નહિ. વેપારી અંગ્રેજ પ્રજાને આ એક એવો ગવર્નર જનરલ મળી ગયો કે જેની વિલક્ષણ દૃષ્ટિને તુરત જ સમજાઇ ગયું કે હિંદી પ્રજા પર રાજ્ય કરવું હોય તો તેની સંસ્કૃતિ, તેના કાયદાઓ, તેના ધર્મગ્રન્થો વગેરેનો શાસક પ્રજાએ ખૂબ અભ્યાસ કરવો જોઇએ. આથી એણે હિંદુ પંડિતો પાસે આપણી રૂઢિ, કાયદાઓ વગેરેનો એક અભ્યાસપૂર્ણ ગ્રંથ બનાવડાવી એનો ફારસીમાં અનુવાદ કરાવ્યો અને તેનું અંગ્રેજીમાં રૂપાંતર પણ થયું. એ ગ્રંથ ઇ. ૧૭૭૬માં પ્રસિદ્ધિ પામ્યો.

એ જ વૉરન હેસ્ટિંગ્સના ઉત્તેજનથી ચાર્લ્સ વિલ્કિન્સે બનારસમાં સંસ્કૃતનો અભ્યાસ કરી ૧૭૮૫માં શ્રીમદ્ ભગવદ્ગીતાનું અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ કર્યું. બે વર્ષ પછી એ જ પ્રમાણે 'હિતોપદેશ' નામનો પ્રસિદ્ધ કથાસંગ્રહ પણ છપાવ્યો.

પણ આ કાર્યને વેગ આપનાર વ્યક્તિ તે સર વિલિયમ જોન્સ. હિંદમાં અગિયાર વર્ષ રહી હિંદની પુરાતન સંસ્કૃતિમાં પશ્ચિમને એણે રસ લેતું કર્યું ને એ માટે ૧૭૮૪માં બંગાળાની એશિયાટિક સોસાએટીની સ્થાપના થઇ. ઇ.સ. ૧૭૮૯માં 'શાકુન્તલ' ને પછી 'મનુસ્મૃતિ' તથા ઈ.સ.૧૭૯૨માં મહાકવિ કાલિદાસનો 'ઋતુસંહાર' એણે પાશ્ચિમાત્ય દેશો સામે ખડાં કર્યાં. જર્મન કવિ ગોએથે (Goethe)ની શાકુન્તલ પ્રત્યેની આનંદ ભક્તિની વાત તો ઘણાયને યાદ હશે. એણે એ વિલિયમ જોન્સનું ભાષાંતર જ વાચેલું.

તે પછી હેનરી થૉમસ કૉલબ્રૂકે તો નિબંધો, ભાષાંતરો અને બીજા અનેક માર્ગોદ્વારા વડે સંસ્કૃત સાહિત્યનો પ્રચુર રસથાળ પશ્ચિમને પીરસવા માંડ્યો. હિંદી આર્કિઑલૉજી અને ફાઇલૉલૉજી (પુરાવસ્તુવિદ્યા અને ભાષાવિદ્યા)ની દિશા બતાવનારનું માન એને વરે છે. ઇ.સ.૧૮૦૫માં એણે વેદો વિષે એક નિબંધ લખ્યો હતો. અત્યાર સુધી વૈદિક સાહિત્યથી યુરોપીય વિદ્વાનોનો મોટો ભાગ અજ્ઞાન હતો એમ કહીએ તો ચાલે. આ નિબંધે આ ત્રુટી સુધારી. કૉલબ્રૂકે અમરકોષ, કિરાતાર્જુનીય ઇત્યાદિ પણ પ્રસિદ્ધ કર્યાં.

૧૮૦૨માં નેપોલિયન અને ઇંગ્લંડ વચ્ચે શરૂ થએલા વિગ્રહમાંથી એક રસિક પ્રસંગ ઉદ્ભવ્યો. ઍલેક્ઝાન્ડર હૅમિલ્ટન નામનો અંગ્રેજ હિંદમાંથી ફ્રાંસમાં થઈ પાછો પોતાને માદરવતન જતો હતો, ત્યાં નેપોલિયનના શાસને એનો પ્રવાસ અટકાવ્યો. એને ફ્રાંસ છોડવાની મનાઇ થઇ. આ જ સમયે જર્મનીનો વિખ્યાત કવિ ફ્રેડરિક શ્લેગલ ત્યાં આવીને રહ્યો હતો. 'શાકુન્તલે' જર્મનીમાં કંઈ ઓછી રસજમાવટ નહિ કરેલી. 'મનુસ્મૃતિ'નું પણ જર્મન ભાષામાં ભાષાંતર થએલું હતું. એટલે આ જર્મન કવિને સંસ્કૃતનો શોખ લાગ્યો હતો. એણે હૅમિલ્ટન પાસે સંસ્કૃત શીખી લીધું. આ બે વિદ્વાનોના સમાગમનું પરિણામ અજબ અને આશ્ચર્યું આવ્યું. વળી સંજોગવશાત્ પારીસની લાયબ્રેરીમાં તે વખતે ઓછામાં ઓછા બસો સંસ્કૃત ગ્રંથોની હસ્તલિખિત પ્રતો હતી. એનો પણ લાભ લેવાયો. શ્લેગલે જર્મન પંડિતોને સંસ્કૃતની ધૂન લગાડી.

તુલનાત્મક ફાઇલૉલૉજીના જનક ફ્રેન્ઝ બૉપનું નામ કદી ન ભૂલી શકાય. એણે બીજા ગ્રંથોમાં મહાભારત, રામાયણ આદિ ગ્રંથોમાંથી આખ્યાનો ચૂંટી કાઢીપ્રસિદ્ધ કર્યાં. આમાં 'નલોપાખ્યાન'—નળદમયંતીની કથા—પણ હતી. આ કથાનું યુરોપને એટલું બધું આકર્ષણ થયું હતું કે આજે પણ એવી રૂઢિ થઈ ગઇ

(અનુસંધાન આગળ પાન ૩૨મે)

પહેલું અખિલ હિંદ

ધ ફર્સ્ટ ઑલ ઇન્ડિયા સૅલૉં



૧



૨



૩



૪



૫

ફોટોગ્રાફીની શોધ થયે આજ સો વર્ષ ઉપરાંત સમય વહી ગયો છે. તેમા યે છેલ્લા પચીસ વર્ષમાં તો મોટીમોટી ફલંગોથી ફોટોગ્રાફીનાં વિજ્ઞાન અને કલામાં વિકાસ થતો આવ્યો છે. હિન્દુસ્તાન પ્રાચીન કલાનું ધામ છે અને આજની દુનિયામાં પણ તેની કલાને યોગ્ય સ્થાન તથા માન મળ્યાં છે; પરંતુ ફોટોગ્રાફીની કલામાં આજ સુધી તેનો જરા યે નામોલ્લેખ નહોતો એમ કહીએ તો ખોટું નથી. પણ છેલ્લાં પાંચસાત વર્ષથી મુંબાઇમાં ફોટોગ્રાફીની લગનીવાળા કેટલાક પારસી યુવાનો તે કલામાં આગળ ધપવા છુટાછવાયા પ્રયાસો કરતા હતા; અને તેમના એકવિચાર તથા સહકારના પરિણામે 'ધ કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑફ બૉમ્બે' એ નામનું ફોટોગ્રાફીમાં સાચો રસ લેનારાઓનું મંડળ અસ્તિત્વમાં આવ્યું.

ફક્ત અગિઆર જેટલી નાની સંખ્યાની એ મંડળીએ ફોટોગ્રાફીની દુનિયામાં એક વર્ષની ટૂંકી જિંદગીમાં નામ કાઢ્યું છે અને ૧૯૩૨ના 'ધી ઍમેચ્યોર ફોટોગ્રાફર' એ નામના ઇંગ્લંડના ફોટોગ્રાફીના અઠવાડિક પત્રના 'ઑવરસીઝ કૉમ્પીટીશન' (દરીઆપારના દેશોની હરીફાઇ)માં એ મંડળના સભ્યોએ વ્યક્તિગત ઇનામો તથા પ્રમાણપત્રો મેળવ્યાં છે. તે ઉપરાંત આખા બ્રિટિશ સામ્રાજ્યમાંથી ફોટોગ્રાફીમાં સારામાં સારો ફાળો મોકલવા માટે એ મંડળને એ પત્ર તરફથી ઇનામ તરીકે તેના તંત્રી મિ. મૉર્ટિમરનું ફોટો-ચિત્ર ભેટ મળ્યું છે.

ગઇ સાલના મે-જૂન મહીનામાં એ મંડળે એક અખિલ હિંદ ફોટોગ્રાફિક પ્રદર્શન ભરવાનો નિર્ણય કર્યો અને તેની તૈયારીઓ ખંતથી કરવા માંડી. પ્રદર્શન ખુલ્લું મૂકવાની તારીખ ૯મી નવેમ્બર '૩૩ની નક્કી કરી હતી. સારા યે હિંદમાંથી ઍમૅચ્યોર (શોખીન) તેમજ ધંધાદારી ફોટોગ્રાફરોએ તેમને સારો સાથ આપ્યો. જુદાજુદા પ્રાંતના ૧૧૨ ફોટોગ્રાફરોએ કુલ ૫૨૬ ફોટો-ચિત્રો મોકલેલાં, તેમાંથી પ્રદર્શનમાં મૂકવાનાં ચિત્રો પસંદ કરનાર કમિટીએ ૭૬ ચિત્રોને પ્રદર્શનની ભીંતો પર લટકાવ્યાં હતાં. પ્રદર્શન માટે ચિત્રો પસંદ કરનાર જ્યૂરીમાં, ફોટોગ્રાફીની આલમમાં ઊંચી કીર્તિ મેળવનાર મિ. જે. એન. ઊનવાળા, મિ. કે. જે. ખંડાલાવાળા તથા મિ. એફ. આર. રત્નાકર, એ ત્રણ ફોટો-કલાકારો હતા.

આ જાતનું પ્રદર્શન હિંદમાં આ પહેલી જ વાર ભરવામાં આવ્યું હતું, છતાં તેના કાર્યકર્તાઓએ જુદીજુદી દષ્ટિએ વિચાર કરીને બહુ જ થોડાં ચિત્રો પ્રદર્શનમાં ગોઠવ્યાં હતાં; કારણકે સાચા અને કલામય ફોટોગ્રાફ કેવા હોય તેનો ફોટોગ્રાફરોને ખ્યાલ આવે તેટલા ખાતર પ્રદર્શનનું ધોરણ જરા ઊંચું રાખવામાં આવ્યું હતું. તોપણ તે ધોરણ દુનીઆનાં બીજાં પ્રદર્શનોની સરખામણીમાં તો ઊંચુ ન જ કહેવાય.

ફોટોકલા પ્રદર્શન

ઑફ ફોટોગ્રાફિક આર્ટ


આવેલાં ૫૨૬ ચિત્રોમાંથી લેવાએલાં ૭૬ ચિત્રો સિવાય બીજાંમાં ઘણાં ચિત્રોની કારીગરી તદ્દન નમાલી અને ગુણ વગરની હતી; કારણ એ કે ફોટોગ્રાફીના વિજ્ઞાનના અભ્યાસપૂર્વક બહુ થોડા માણસો કામ કરે છે. ચિત્રને મૂર્તિમંત કરવા માટે ફોટોગ્રાફીની કલાને જો સાધન તરીકે વાપરીએ તો પછી એ કલા વ્યક્ત કરનારાં સાધનો પર વાપરનારનો સંપૂર્ણ કાબુ જોઇએ.

પણ ફોટોગ્રાફીની કલા પશ્ચિમમાંથી આવેલી હોવાથી આપણા દેશના કામ કરનારા બધી જ બાબતોમાં તે દેશોનું અનુકરણ કરે છે એ ભૂલ છે. ભલે એ સાધનો આપણે વાપરતા હોઇએ, પરંતુ એ વડે જે ચિત્રસર્જન થાય તે તો હિંદીના હાથે હિંદી જ હોવું જોઇએ. અલબત્ત ફોટોગ્રાફી એ ચિત્ર ઉતારવાનું એક સાધન છે ખરૂં, પણ તેમાંથી કલાકૃતિ નિપજાવવા માટે માત્ર તેની વિવિધ શક્તિઓ સમજી તે પર કાબુ મેળવવો જોઇએ. ફોટોગ્રાફીની સ્વભાવગુણ શક્તિ જાણનાર માણસ સાચો કલાકાર હશે તો તે પોતાનાં ચિત્રોની પસંદગીમાં પારકું અનુકરણ નહિ જ કરે. પોતાના અનુભવો અને આસપાસના જીવનમાંથી ચિત્રસર્જન કરી હિંદની મૌલિક વસ્તુસામગ્રી જે ફોટોગ્રાફીમાં ઉતારે તે જ ખરો ફોટોગ્રાફર કહેવાય. પશ્ચિમના નમૂનાઓ અને જીવનપ્રણાલિ પર ચિત્રયોજના કરનારામાં સાચું કલાદર્શન છે એમ કબૂલ નહિ જ કરી શકાય. છતાં આજે, કમનસીબે મોટે ભાગે બધા જ હિંદી ફોટોગ્રાફરો પોતાના સ્ટુડિયોમાં તેમજ છુટક કામોમાં પશ્ચિમી રચનાઓ, દબદબા અને વાતાવરણને પસંદગી આપે છે. આ પ્રદર્શનમાં પણ તેવાં ચિત્રો પ્રાધાન્ય ભોગવતાં હતાં એટલે આ લખનારને તેનો આગળ પડતો અવગુણ લાગ્યો છે.

પ્રદર્શનમાં ત્રણ વિભાગમાં ફોટોચિત્રો ગોઠવવામાં આવ્યાં હતાં. પહેલો વિભાગ હરીફાઇમાંથી ચૂંટેલાં ૭૬ ચિત્રોનો બનેલો હતો; બીજા વિભાગમાં 'ધ કૅમેરા પિકટોરીઆલિસ્ટ્સ ઑફ બૉમ્બે'ના સભ્યોનાં ચિત્રો લટકાવવામાં આવ્યાં હતાં; અને છેલ્લામાં દુનિયાભરના નામાંકિત ફોટો-કલાકારોમાંના થોડાએકનાં મૂળ ચિત્રો મેળવીને પ્રેરણા માટે પ્રદર્શિત કર્યાં હતાં. પ્રદર્શનના ઓરડામાં ચિત્રો લટકાવવાની યોજના તથા પ્રકાશની રચના ખાસ પ્રકારની કરવામાં આવી હતી, જેથી કરીને દરેક ચિત્રને સરખો પ્રકાશ મળતો હતો. વળી ચિત્રોની ગોઠવણીમાં કોઇ જાતનો પક્ષપાત ન જણાય અને જોનાર તરફથી દરેક ચિત્રને સરખું ધ્યાન અપાય તેટલા ખાતર કલાકારોનાં નામના પ્રથમાક્ષરોના કક્કાવારી ક્રમ પ્રમાણે ગોઠવીને જ ચિત્રો લટકાવવામાં આવ્યાં હતાં. ચિત્રોની નીચે છાપેલી ચિઠ્ઠીઓમાં માત્ર અનુક્રમ નંબરો જ મૂકવામાં આવ્યા હતા. ચિત્રકલાનાં પ્રદર્શનોમાં નિષ્પક્ષપાતી રચના માટે આ ગોઠવણનું અનુકરણ કરવા જેવું છે.


૬


૭


૮


૯


૧૦


૧૧


૧૨


૧૩


૧૪


૧૫

હકીકાઈના સંગ્રહમાં વધારે સંખ્યામાં (૭૬માં ૫૦ ટકા ઉપરાંત) **portraits** (તસ્વીર) અને **figure studies** (માનવદેહાકૃતિનાં ચિત્રો) હતાં. દશ્ય-ચિત્રો બહુ જૂજ અને ઊતરતી કોટિનાં હતાં. પક્ષીની ફોટોગ્રાફી ખાસ કોઇએ કરેલી જણાતી નહોતી. ઍંગ્લૅારના મિ. એ. એસ. એડવિનનું 'મી ફર્સ્ટ'–**Me first** (મને પહેલાં) નામનું એક જ પક્ષીચિત્ર હતું, પરંતુ તે ઘણું સુંદર હતું. ચકલીની માતા બચ્ચાંને ખવડાવવા માળા પાસે ચાંચમાં અનાજ લઇ આવે છે અને બચ્ચાં અધીરાઇથી મા સામે મોઢાં ફાડી રહે છે: કેમ જાણે 'મા ! મને પહેલાં, મને પહેલાં' એમ બોલતાં ના હોય ? પક્ષીની ફોટોગ્રાફી સંપૂર્ણપણે પાર ઉતારવી ઘણી જ અઘરી છે. આ ચિત્રમાં પણ કેટલાક દોષ હતા. ચકલી જરા ફોકસ બહાર હતી.

બાકીનાં ચિત્રોમાં પણ વિદેશી વિષયોની સંખ્યા મોટી હતી. હિંદી વિષય લઇ હિંદી ઢબે સર્જેલાં ચિત્રો ગણ્યાંગાંઠયાં જ નજરે પડતાં હતાં. તેમાં પણ કલાકારનું વ્યક્તિત્વ તેની કૃતિમાં તો ક્યાંયે જણાતું ન હતું.

પ્રાણી-ચિત્રોના નમૂનાઓમાં રડયાંખડયાં પરદેશી કુતરાંનાં ચિત્રો નજરે પડતાં. હિંદમાં આટલાં બધાં જનાવરો હોવા છતાં તે તરફ કોઈ કલાકારે દૃષ્ટિ દોરવી નથી એથી જરા નવાઈ ઉપજી. મનુષ્ય સિવાયનાં બીજાં પ્રાણીઓની જીવન્ત **portraits**–તસ્વીરો–પ્રદર્શનમાં હતી જ નહિ.

પ્રદર્શનમાં કુલ ૪૦ કલાકારોનાં ચિત્રો ગોઠવાએલાં, તેમાંના ૧૪ મુંબાઇવાસીઓ હતા. મુંબાઈ બધામાં મોખરે હોય છે તેનું આ એક ઉદાહરણ છે. મુંબાઇ જેમ મોજીલું છે તેમ અભ્યાસનું પણ સારામાં સારૂં સ્થાન છે.

માછીમારોનાં ત્રણ હોડકાં પર પડતાં છાયા–પ્રકાશનાં ઉઠાવ અને તેમની ગોઠવણને લીધે મિ. અવારીનું ચિત્ર એટલું સરસ બન્યું હતું કે જોનાર ઘડીભર ભૂલી જાય કે તે ચિત્ર જોઈ રહ્યો છે ! તેને સર્ટિફિકેટ કેમ ન મળ્યું, એ પ્રશ્ન તે ચિત્ર જોતાં જોનારને તરત થાય છે. રેવેરન્ડ બારબરનાં ચાર ચિત્રોમાં, ઉદેપુરના રાજમહેલના એક ખૂણાને વિષય બનાવી એ યુરોપીઅન ભાઇએ સુંદર હિંદી ચિત્રો ઉપજાવ્યાં હતાં. તેમનું બીજું **Wind and Tide** (પવન ને ઓટ) એ નામક ચિત્ર ઠીક ગણાય. બાકીનાં બેમાં પશ્ચિમની છાયા સ્પષ્ટ દેખાતી હતી.

પ્રદર્શનમાં અવસ્ત્ર દેહનાં ચિત્રોની જોકે ઘણી ઊણપ હતી, પણ તેના નમૂના રૂપ આવેલું એકમાત્ર ચિત્ર **La Source** (ઉગમસ્થાન) તો ઉત્તમ પ્રતિનું હતું. ચિત્રની આખી જગ્યામાં ડાબા ખૂણાથી કેન્દ્ર તરફ પાણીમાં છીપર પર એક અવસ્ત્ર નારી ખુલ્લા વાળ સાથે સ્નાન કરવાની તૈયારીમાં સ્વપ્ન સેવતી બેઠી હતી, અને પાછળના દશ્યમાં નાના ઝરણામાંથી ખળખળ વહેતું પાણી ઉપરથી નીચે પડી રહ્યું હતું. આમ કુદરત અને મનુષ્ય બન્નેના જન્મસ્થાનનો બહુ સુંદર સમન્વય કરી થોડા સૂચનથી અનેક વ્યંજનાઓ એ ચિત્રમાં કલાકારે રજુ કરી હતી. પાત્રનું પ્રમાણ ચિત્રના વિસ્તારમાં નાનું બનાવી કુદરતની આગળ મનુષ્યની બાલકસ્થિતિ દર્શાવી હતી. આટલા સુંદર અનુમાનસર્જનનું માન પણ એક વિદેશીને જ મળે છે.

હૈદ્રાબાદવાળા શ્રી ભાલેરાવનાં ત્રણ ચિત્રોમાં **The Potterv** (માટી-

કામ) (જુઓ સાથેનાં ચિત્રામાં ચિત્ર નં. ૧) still life study—સ્થિર પદાર્થની ફોટોગ્રાફી—તરીકે ઘણું ચડિયાતું હતું. ફોટોગ્રાફીના અને ચિત્રકળાના still life study (સ્થિર પદાર્થ નિરૂપણ)માં ઘણો ફેર પડે છે. બન્નેની જરૂરીઆત તથા ગોઠવણોના હેતુ જુદાજુદા હોવાથી તેમની રચનામાં પણ તફાવત હોવો જોઇએ. 'માટીકામ' વાળું ઉપલું ચિત્ર ફોટોગ્રાફિક સ્ટિલ લાઇફનો ઉમદા નમૂનો હતો. તેમાં માટીની કોઠીઓની રચના અને છાયાપ્રકાશનું મિશ્રણ અત્યંત મૃદુ ને સુંદર હતું.

કુમાર કાર્યાલયના શ્રી શ્રીદામ ભટ્ટનો 'જૂનો દરવાજો'—'ધી ઓલ્ડ ગેઇટ વે' (જે આ અંકની ચિત્રપ્લેટ તરીકે 'કાળાવડનું નાકું-જામનગર' એ નામથી પ્રકટ થાય છે તે) ચિત્ર તેના આકર્ષક વિષયને લીધે પ્રદર્શનમાં આગળ તરી આવતું હતું અને જ્યુરીએ તેને સર્ટિફિકેટ ઑફ મેરિટ (ગુણપ્રશંસાપત્ર) આપી તેની યોગ્ય કદર કરી હતી. પ્રદર્શનમાં આવેલાં આટલાં બધાં ચિત્રોમાં આ જ ચિત્ર બધી દૃષ્ટિએ હિંદી દેખાતું હતું. પુનાના શ્રી ભટ્ટનાં ચિત્રો પણ ધ્યાન ખેંચે તેવાં હતાં. પ્રદર્શનમાં બહેનોનાં એકલાં પ્રતિનિધિ પારસી બહેન કુ. દલાલનાં ત્રણે ચિત્રો, બીજાં બધાંની સરખામણીમાં ઊતરે તેવાં નથી; અને એ ચિત્રોના ગુણ કેટલા હશે તેનો ખ્યાલ લાવવા એ અસલ ચિત્રોને બહુ નિરાંતે નિહાળવાં જોઇએ. 'જે. એન. યુ.'ની તસ્વીર (જુઓ ચિત્ર નં. ૨) માટે તેમને આપવામાં આવેલી bronze plaque (કાંસાની તકતી) માટે પક્ષપાતનો કોઇને ખ્યાલ ન આવે. મિ. દેસાઇના Gratitude (કૃતજ્ઞતા)નાં વિષય ને પાત્ર બરોબર હતાં, પરન્તુ કારીગરીની ખામી દેખાયા વિના રહેતી નહોતી. પ્રદર્શનના કૅટલૉગમાં છાપેલ Youth (યૌવન) ચિત્ર (ચિત્ર નં. ૩) ઉપરથી જ મિ. ડ્યુરાન્ટનાં ચિત્રોના ગુણની ઝાંખી થઇ શકે. તેમાં યુવાનના શક્તિસૂચક સ્નાયુઓ હૂબહૂ હોવા સાથે ચામડીની કુમાશ જોનારને સ્પર્શતી હતી.

બૅંગલૉરના મિ. એડવિનનું બીજું ચિત્ર Penitent (પસ્તાવો) વિષય ને કારીગરીમાં ઘણું ઊંચું સ્થાન પામે તેવું હતું. સ્ત્રીની પીઠ અને બાળકના મુખમાં સ્ત્રીહૃદયની દ્રાવકતા જણાતી. સ્ત્રીના ઊભા રહેવાના મરોડથી જ કલાકારે સ્ત્રીનો પશ્ચાત્તાપ રજુ કર્યો હતો. એ ચિત્ર હૃદયમાંથી ભાગ્યે જ ભૂંસાશે.

Leica (લાઇકા) જેવા રમકડા સરખા કૅમેરાથી સુંદર ચિત્રો ઉપજાવી શકાય છે તેનો પુરાવો શ્રી હરિદાસનાં કાશ્મીરનાં બે દશ્યો રજુ કરતાં હતાં. મુંબાઇના વિખ્યાત વર્નન સ્ટુડીઓવાળા મિ. હાઇડરની જે ચાર પોર્ટ્રૅટ (તસ્વીરો) ગોઠવી હતી તેમાં Hilda (હિલ્ડા)ની ઉત્તમ જણાઇ. મિ. હાઇડરની કારીગરી એ 'હિલ્ડા'માં ટોચે પહોંચી હતી. રંગ અને રચનામાં ગુલાબની પાંદડી જેવા 'હિલ્ડા'ના એ પોર્ટ્રૅટમાં પાત્રના મૃદુ ગુલાબી કપોલ જીવન્ત મૂર્તિ નજર સામે ખડી કરતાં હતાં.

મનુષ્યના આખા શરીરની ફોટોગ્રાફી તો ફક્ત સીલોનના મિ. મૉર્ગને જ કરી હતી. તેમાં નર્તકીનો અંગમરોડ તાદશ હતો. ટાઇમ્સના 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા'ના તંત્રી મિ. જેપસનનાં બે ચિત્રોમાં The Peak (શિખર) સારૂં હતું. વાતાવરણની જમાવટ ને દશ્યરચના સારી ગણાય.





૧૭



૧૮



૧૯



૨૦



પૂનાવાળા શ્રી કોપારકરના 'ઇન ધ વેક ઑફ ધ બસ' ચિત્રમાં વિષયને અનુરૂપ કારીગરી (ટેકનીક) પર કલાકારનો કાબુ હોવા છતાં રચના ખામીવાળી હોવાથી તેના ગુણમાં ઘટાડો થતો હતો. મિ. કોપારકરની પછી નોંધપાત્ર ફોટોગ્રાફ મદ્રાસવાળા મિ. લીઓનાર્ડનો Gipsy (જિપ્સી) નામના કુતરાનો હતો. (જુઓ ચિત્ર નં. ૪).

સીલોનના મિ. મામુજીના Misty Morning (ધુમ્મસમય પ્રભાત)ને સર્ટિફિકેટ મળ્યું છે, પરન્તુ તેની રચના તથા ચિત્રમર્યાદા બરોબર નહિ લાગતી હોવાથી જ્યુરીએ તેને સર્ટિફિકેટનું માન આપવામાં ભૂલ કરી હોય તેમ પળવાર લાગી જાય છે. ધુમ્મસથી છવાએલી સવારનું વાતાવરણ રજાું કરતું આ ચિત્ર ખામીવાળું હતું. મિ. માસ્તરનાં ત્રણ ચિત્રોમાં The Gipsy (જિપ્સી) તે જાતિની સારી લાક્ષણિક તસ્વીર હતી, અને તેમના Morn (પ્રભાત)ને તેની કુદરતી રચના તથા વાતાવરણ માટે સ્થાન આપવામાં આવ્યું હતું, તો પણ તે ફોકસ બહાર રહેલું તે વાત ચિત્ર જોતાં છાની રહેતી નહોતી.

મિ. મુળગાંવકરના 'ફેબ્રુઆરી' (ચિત્ર નં. ૫)ની ટેકનીક માટે બે મત હોય જ નહિ. ફોટોગ્રાફીના લગભગ બધા અભ્યાસીઓ effect આણવામાં નડતી મુસ્કેલીઓના અનુભવી હોઇ, આ ચિત્રના ગુણ પિછાણી શકે. પરન્તુ તદ્દન પશ્ચિમના વિષયને શા માટે ઉત્તેજન આપવું જોઇએ? હિંદમાં કોણે આવો ફેબ્રુઆરી માસ જોએલો છે? જેણે કદિ આ જાતનું વાતાવરણ જિંદગીમાં નિહાળ્યું નથી તેને આ ચિત્ર કેમ સ્પર્શી શકે?

ફોટોગ્રાફીમાં bromile transfer બ્રોમાઇલ ટ્રાન્સ્ફર નામની છાપની રીતિ ઘણી અઘરી છે. દુનીઆભરમાં તેના પર કાબુ મેળવનારા ગણ્યા-ગાંઠ્યા છે. પ્રદર્શનમાં પહેલા વિભાગમાં તાંજોરના મિ. પન્દીઅનના The Dawn (ઉષા) અને Rustic Love (ગ્રામ્ય પ્રણય) બ્રોમાઇલ ટ્રાન્સ્ફરના ઠીકઠીક નમૂના હતા. બન્નેના વિષય હિંદી હતા. બીજા ચિત્રમાં કઠીઆરા સ્ત્રી પુરુષને વિસામો ખાવા, લાકડાની ભારીઓ માથેથી ઉતારી પ્રેમગોષ્ટી કરતાં કલાકારે સર્જ્યાં છે.

પ્રદર્શનમાં સૌથી શ્રેષ્ઠ ફોટોચિત્ર માટે સીઆમના મિ. પેસ્તનજીના The Golfer–'ધ ગોલ્ફર' (ચિત્ર નં. ૬)ને રૂપાની 'પ્લૅક' મળે છે. મિ. પેસ્તનજીના ચારે ફોટોગ્રાફોમાં કલાકારના વ્યક્તિત્વની છાપ નજરે પડતી હતી. લાંબા અભ્યાસને અંગે જેમ અક્ષરો જોઇ લખનારને જાણી શકાય, ચિત્રની રેખાઓ, રંગ ને પીંછીનું કામ નિહાળી ચિત્રકાર ઓળખી શકાય, તેમ ફોટોગ્રાફ પરથી તેના પણ સર્જકને પિછાની શકાય છે. પરંતુ ફોટોગ્રાફીની ફક્ત ટેકનીકથી જ ચિત્રને સર્જકનું વ્યક્તિત્વ બક્ષવું એ વિશારદ જ કરી શકે. વગર નામ જાણ્યે અને વાંચ્યે પ્રેક્ષક એટલું જરૂર કહે કે 'ક્લાઉડ સ્ક્રેપર્સ'–Cloud Scrapers, 'ધ ગૉલ્ફર'–The Golfer, 'સ્ટ્રેઇટ લાઇન્સ ઍન્ડ કર્વ્સ'–Straight Lines and Curves અને 'માઇ ડૅડ'–My Dad એ ચારે ચિત્રોનો સર્જક એક છે. 'ધ ગૉલ્ફર'માં કલાકારે ચિત્રની જગ્યાના થોડામાં થોડા ભાગમાં વિષયને સમાવી, બાકીની

જગ્યામાં 'ગોલ્ફસ્ટિક'નો છેડો મૂકી ચિત્રની વાર્તા પૂરી સમજાવી છે. ચિત્રવિસ્તારમાં કાંઇ ઉમેરી શકાય તેમ નથી કે કશું કાઢી શકાય તેમ નથી. થોડો પણ ફેરફાર કરો કે ચિત્ર નકામું થઈ જાય. એ ચિત્રને 'ઍમૅચ્યોર ફોટોગ્રાફર' નામના અઠવાડિક પત્રમાં પણ ઇનામ મળેલું છે.


ત્યારપછીનાં ધ્યાન ખેંચે તેવાં મેજર રાઇસનાં ચાર ફોટોચિત્રો યુરોપની હરીફાઇમાં નાનાંમોટાં ઇનામો મેળવી આવેલાં છે. 'વ્હેન વી વેર યંગ'–When we were youngને જ્યુરીએ'બ્રૉંઝ પ્લૅક' bronze plaque એનાયત કરી છે. બાળપણમાં ભાઇબહેન જે નિર્દોષતાથી મિત્રભાવે ફરવા નીકળે તેનો તાદશ ચિતાર તેમાં ખડો કર્યો છે. ઘોડા અને બાળકોની રચના સુંદર છે અને પાછળનું આકાશ ચિત્રમાં વાતાવરણ ઉપજાવે છે. કોઇ પરીઓના મુલકનો દેખાવ હોય એવું તે દીપે છે. આ જ કલાકારનાં 'સિગારેટ'–Cigarette(ચિત્ર નં.૭)અને 'સ્ટીપલ ચેસ' Steeple chase બંને 'ઍમૅચ્યોર ફોટોગ્રાફર'માં છપાયાં હતાં. પંજાબના પ્રતિનિધિ મિ. એસ. રૅલોનાં બે ચિત્રોમાં 'બાઈ ધી વેસાઇડ' બહુ જ સુંદર હતું. ઘેટાં જેવા મંદ પ્રાણીમાં આકર્ષકતા કલાકાર જ નિપજાવી શકે. સ્થિર તલાવડીને કાંઠે, શાંતિમય વાતાવરણમાં લીલોતરી ચરતું ઘેટાંનું જોડું અનુપમ દૃશ્ય આંખ સામે ખડું કરતું હતું. તેને સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે તે ઉચિત જ છે. તેમનું બીજું 'એપ્રોચિંગ સ્ટૉર્મ'–Approaching Storm (ચિત્ર નં. ૮) (ચડી આવતું તોફાન) વાળું ચિત્ર ઠીક વાતાવરણ રજુ કરતું હતું, પરંતુ ચિત્રના જગ્યા થોડી હોવાના કારણે ચિત્રસંકોચ જણાતો હતો અને ચિત્રની ખૂબી મારી જતી હતી.

રેવેરેન્ડ રટલિજનો 'વઝીર ખાસદાર'–Wazir Khassadar કોઇ ચિત્રકારના ચારકોલ સ્કેચની હરીફાઇ કરે તેવો ફોટોગ્રાફ હતો. ખાખી પોશાકમાં સજ્જ એ દાઢીવાળા શીખ સિપાઇની ઝીણી આંખો ને અણીદાર નાક જોનારથી ભૂલાય નહિ તેવાં હતાં. મિ. શેઠનાના' મૅડોના'–madonnaનો વિષય બીલકુલ પાશ્ચિમાત્ય હતો. એક પારસી યુવાનને મૅડોનાનું પાત્ર કેમ અસર કરતું હશે? કલાકારના માનસમાં પરદેશી વિચારો સ્ફુરે તે અ-સ્વાભાવિક મનોદશા નથી? અને છતાં કાંઇક પ્રયાસો થતા હોય તો તે અનુકરણ છે એમ સહેલાઇથી મનાવું જોઇએ. સીલોનના મિ. જી.એ. સ્મિથની બે પોર્ટ્રૅટ (તસ્વીરો)માં કુ. શ્રીમતી હઠીસિંગની તસ્વીર ઊંચી કક્ષાની ને કલામય હતી. ચિત્રમાં ફક્ત હાથની રચનાથી કુ. શ્રીમતીનું નૃત્યનું માનસ અજબ રીતે કલાકારે વ્યક્ત કર્યું છે. (જુઓ આવતા અંકની ચિત્રપ્લેટ) પાલનપુરવાળા મિ. સૈયદનાં ચિત્રોમાં વિષયની વિવિધતા ને નવીનતા હોય છે, પરંતુ ટેકનીકની ઉતાવળ એમનાં સારાં ચિત્રોને પાછાં પાડે છે. તેમના 'વેલવર્ડ્સ'–Well-wardsને પ્રદર્શનમાં સ્થાન મળ્યું છે એટલો સંતોષ લેવો ઘટે. છેલ્લે, સીલોનના મિ. યૉર્નલીની હાઈ કી High Keyમાં લીધેલી તસ્વીર 'કિંગ્સ્ટન' (જુઓ ચિત્ર નં. ૯)ને પ્રદર્શનમાં ગુણપ્રશંસા-પત્ર આપવામાં આવ્યું હતું.

(આવતા અંકમાં ચાલુ)

બલવંત ભટ્ટ





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ—નં. ૫ વાળું ચિત્ર (પરદેશી ઉંદર), વ્રજલાલ પંચાસરા—રાજકોટ; બીજું ઇનામ—નં. ૩ વાળું ચિત્ર (ગદ્દલા બેલી), ચતુરભાઇ ભાવસાર—વસો; ત્રીજું ઇનામ—નં ૧ વાળું ચિત્ર (નાઇ બ્રાહ્મણ), પ્રાણુલાલ પટેલ-અમદાવાદ; નં. ૨ ને ઉત્તેજનાર્થે પારિતોષિક. પ્રથમ ઇનામ વાળા ચિત્રમાં પ્રાણીની સુંવાળપ તથા ભાવ સાચવતી આબેહૂબ તસ્વીર ઉતરી છે. બીજું ઇનામ લેનારે જીવનની સ્વાભાવિકતા દર્શાવતું ચિત્ર લેવામાં પસંદગી સારી બતાવી છે. ત્રીજા ઇનામ વાળી કૃતિમાં ફોટોગ્રાફી સારી હોવા છતાં પાત્રવિરોધ બહુ સાલે છે. નામકરણમાં કંઇ સંગતિ નથી લાગતી. નં. ૪ના ચિત્ર (નથણિયાતાં)માં ભાઈ રામપ્રસાદ વ્યાસે નામકરણ સારૂં કર્યું છે, પરંતુ ક્રિયામાં જોઇતી આતુરતા નથી ઉતરી. નં. ૨ વાળા સ્વામલ ચિત્રનો વિષય બેશક સારો છે, પણ લોકમાન્યની મૂર્તિની પાછળનો પ્રકાશ જરા ઉંચે માથાની આસપાસ રહે તેમ લેવાયો હોત તો સુંદર બનત. દેખાવમાં પણ વધુ સૂચક ભાગો ઉતારવાની જરૂર છે.

નોંધ અને સૂચના યોગ્ય ચિત્રો—'ખેડુતનું ધન' પ્રાણુલાલ પટેલ, અમદાવાદ: આકારોની અવ્યવસ્થા ચિત્રસ્વરૂપ સંધાવા દેતી નથી. 'રમત ગમત' (ઠાકોરદાસ ગાંધી, રંગુન): ગંજીએ રમતાં બે બાળકોમાંથી એકે કૅમેરા સામું જોયું ન હોત તો એ ચિત્ર પ્રથમ ઇનામ યોગ્ય ગણી શકાત. 'સુ ની પ્રાણી' (દેવરામ શાહ, મૉમ્બાસા): પ્રાણીનું નામ આપવું જોઇએ તેમજ પાછળનો દેખાવ યુક્તિથી મેળવવો જોઇએ અત્રે પ્રગટ થએલો 'પરદેશી ઉંદર' જુઓ. તમારી ફોટોગ્રાફી સરસ થઇ છે પણ ચિત્રમાં વધુ આકર્ષક વ્યવહાર દાખલ કરો. 'ચાંદનીમાં બહાઉદ્દીન કૉલેજ' (રાણા એચ. કે., જુનાગઢ): ચાંદનીમાં ચિત્ર લેવાથી ચાંદનીની અસર લાવી શકાય એ ભૂલ છે. ચાંદનીની છાયા લેવી હોય તો વાદળાં વાળા દિવસે કોઇ પીળા ચશ્માનો કાચ લેન્સ આડો રાખી પ્રયત્ન કરી જોશો. 'નેટિવ સ્ટડી' (આર. પટેલ, મૉમ્બાસા-આફ્રિકા): પાત્રો લેતી વખતે જાતિ, સ્થાન વગેરે ઓળખી તેનાં નામ સાથે ફોટો મોકલો. 'ગશગૂલ' (હરગાનભાઈ પટેલ, નૈરોબી): ચિત્રમાં દર્શાવેલ બાલિકાએ એ ગૂંથણકામ કર્યું છે એવું બતાવવાનો પ્રયત્ન નકામો છે. આટલી ઉમરનું બાળક બીજી ક્રિયાઓમાં રસ લેતું હોય. 'હાઠી' (ચમનલાલ દવે, ઝાંઝીબાર): અહીં આપેલું પ્રાણુલાલ પટેલનું 'નાયી બ્રાહ્મણ' ચિત્ર જુઓ. અસ્ત્રાવાળો હાથ અને હજામત કરાવનારનું માથું એટલો જ ભાગ મોટા પ્રમાણમાં લઇ જોશો તો તમે આપેલું નામ સાર્થક લાગશે.

ફોટો પાડતાં પહેલાં નવી યોજના, નવો વિચાર, નવી પસંદગી, નવાં છાયાપ્રકાશ કેમ ઉતારાય તેની ગણતરી કરનારા આગળ વધશે. ર.મ.રા.

તમારી ફિલ્મો ડેવેલપ કરવાનું તથા તેનાં પ્રિન્ટિંગ કે એન્લાર્જનું કામ કુમાર કાર્યાલય જુજ કિંમતે કરી આપશે.

ફોટોગ્રાફી હરીફાઇને અંગેના પત્રવ્યવહાર માટે પોતાના નામઠામવાળું ટિકિટ ચોડેલું કવર સાથે અવશ્ય મોકલવું જોઇએ. હરીફાઇ માટે મોકલેલા ફોટોગ્રાફની પાછળ જ તે પાડનારનું નામઠામ તથા વિષયનું નામ વગેરે લખવું જોઇએ; છૂટા કાગળ પર નહિ.

અમેરિકાના પત્રો . . . ૬

૧૦-૮-૩૩

...હવે અમે વળતી મુસાફરી શરૂ કરી છે. સાનફ્રાન્સિસ્કોમાં ટપાલ મળી. ત્યાંથી લૉસ ઍન્જેલિસ ગયા. અહીં માઉન્ટ વિલ્સન વેધશાળા જોઇ. ૬૭૦૦ ફૂટ ઊંચે તે આવેલી છે. દર શુક્રવારે રાત્રે ૬૦ ઇંચના દૂરબીનમાંથી બધાને જોવા દે છે. ૧૦૦ ઇંચવાળામાંથી કોઇને જોવા નથી દેતા, કારણકે એ લોકોના ફોટોગ્રાફી વગેરે કામમાં ખલેલ પડે. આ દૂરબીનમાંથી ધારીએ એટલું નરી આંખે નથી દેખાતું. એના કરતાં એ જ દૂરબીન વડે લીધેલા ફોટોગ્રાફમાં ઘણું વધારે આવે છે. છતાં કેટલાંયે કલ્પનાશીલ આગંતુકોને મંગળમાં નહેરો, નદીઓ વગેરે બધું દેખાય છે!!

માઉન્ટ વિલ્સન ઉપર જતી વખતે રાત્રે દેખાવ ખૂબ સરસ મળે છે. સફેદ ધુમ્મસના પડ નીચે હોલીવૂડ, લૉસ ઍન્જેલિસ અને આસપાસનાં બીજાં દસેક ગામોના દીવા દેખાય છે. કૅલિફૉર્નિયાની અરધી વસ્તી આમાં સમાઇ જાય છે. હોલીવૂડના ફિલ્મ સ્ટુડિયો જોઇ ન શક્યા. અમે ગયા તે જ વખતે કારીગરોમાં મોટી હડતાળ પડેલી એટલે કોઇને દાખલ થવા નહોતા દેતા.

કૅલિફૉર્નિયા ખાસ ઊંચાં રાતાં લાકડાનાં ઝાડ માટે વખણાય છે. એમા કેટલાંક તો ૧૦૦થી ૧૨૫ ફૂટ ઊંચાં થાય છે. એ ઝાડની હાર વચ્ચેથી રસ્તો પસાર થાય ત્યારે જોવાની ને મોટર હાંકવાની બહુ મજા પડે છે.

વળતાં બુલ્ડર શહેર પાસે હૂવર ડૅમ (બંધ) બંધાય છે એ જોયો. પૂરો કરતાં સાત વર્ષ થશે. લગભગ ૧૨૦૦ ફૂટ ઊંચો થશે ને કરોડો એકર જમીન ફળદ્રુપ થશે. બંધ કોલોરાડો નદી ઉપર બાંધ્યો છે. અહીંથી ૩૯૦ માઇલ દૂર આ જ નદી ગ્રાન્ડ કૅન્યનમાંથી પસાર થાય છે.

આઠમી ઑગસ્ટે અમે ગ્રાન્ડ કૅન્યન પહોંચ્યા. એ હારમાળાનો લખાને ખ્યાલ આપવો મુશ્કેલ છે. એ ૨૧૯ માઇલ લાંબો, પાંખેપાંખ ૮થી ૧૨ માઇલ પહોળો અને ૬૦૦૦ ફૂટ ઊંડો છે! તળિયે વચ્ચેથી ૬૦૦૦ ફૂટ નીચે વાંકાચૂકા કોલોરાડો નદી વહે છે. એના પાણીનો વેગ કલાકના ૨૦ માઇલનો છે. દરરોજ એટલી બધી માટી એ ઘસડી જાય છે કે નદીનું પાણી સદાકાળ ડહોળું જ રહે છે. ઉપરથી તો ઝીણી લીટી જેવી લાગે છે. આજે સેંટ લૂઇ તરફ જઇએ છીએ.

૨૧-૮-૩૩

...ગઇ કાલે સાંજે વૉશિંગ્ટન પહોંચ્યા. ૨૮મી ઑગસ્ટે મુસાફરીની પૂર્ણાહુતિ થશે. કુલ બાર હજાર માઇલ લગભગ થશે. અહીં બેએક દિવસ રોકાઇશું. જોવામાં તો અહીંના સેનેટ—કૉંગ્રેસ હૉલ, વ્હાઇટ હાઉસ, જ્યૉર્જ વૉશિંગ્ટનનું નિવાસસ્થાન ને લાયબ્રેરી. થોડુંક આજે જોયું; બીજું આવતી કાલે જોઇશું. હવે ફિલાડેલ્ફિયા અને ન્યૂ યૉર્ક બાકી રહ્યાં.

ટૂરમાં મોટર હાંકવાનું વારંવાર આવતું હતું. કોઇ કોઇવાર તો એક દિવસમાં ૪૦૦-૪૫૦ માઇલ પણ હાંકતા. સરસ રસ્તા એટલે થાક નથી લાગતો. એના કરતાં ટ્રેઇનમાં વધુ થાક લાગે છે. મોટરમાં નીરાંતે ઊંઘીએ પણ ખરા એટલા સરસ. સીમેન્ટ ને એસ્ફાલ્ટના રસ્તા. સરખામણીમા વચ્ચે ડામરનો રસ્તો આવતો એને અમે બીજી પંક્તિનો ગણી કાઢતા. મુંબઇનો ક્વીન્સ રોડ એ હિસાબે બીજી પંક્તિનો ગણી શકાય. અહીં રેલવે ખાનગી માલિકીની છે એટલે સરકાર રસ્તા સુધારવા પાછળ ખૂબ ધ્યાન આપે છે. હિંદુસ્તાનમાં રેલવે સરકારના સંબંધવાળી હોય પછી એ રસ્તા શા માટે સુધારે?

જાપાનીઝ માલ સસ્તો પડે છે એમાં નવાઇ નથી. એ લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલી; અને પૂર્વના બધા દેશોમાં કપડાંનો ખર્ચ તો ઓછો જ હોય. એટલે મજૂરોને પગાર ઘણો ઓછો આપે છે. સંચાનાં જ્ઞાન ને વહીવટમાં તદ્દન સુધરેલા-પૂરા છે, એટલે બધા કરતાં માલ સસ્તો બનાવે એમાં નવાઇ નથી. અત્યારે યેન સૌથી નીચો છે એનો પણ લાભ મળે છે. અમેરિકામાં મજૂર-મંડળ ઠીકઠીક પ્રમાણમાં છે. અહીં જીવનનું ધોરણ ઊંચું છે એ ટકાવવા ભગીરથ પ્રયત્નો કરે છે. પછી ધોરણ નીચું રાખવું કોને ગમે? અને એમ કરવાની જરૂર પણ શી! અહીંના કુલ ઉત્પન્નમાંથી ૮૫ ટકા અહીં જ વપરાય છે. માત્ર ૧૫ ટકા બહાર મોકલે છે. એટલે પરદેશો પર ઇગ્લંડ કે જાપાન જેટલો આધાર રાખવો નથી પડતો. બધો માલ અહીં ખપાવવો હોય તો ઉત્પન્ન બનાવટો માટે મર્યાદા રાખવી જોઇએ. પણ આ લોકો પરદેશ પર બને તેટલો ઓછો આધાર રાખવા માગે છે. એટલે સાથે કામના કલાક

પણ ઓછા કરવા જોઇએ. પગાર તો એટલો જ રહેશે. તે જરાપણ ઓછો કરવા મજૂરો તૈયાર નથી. આથી બનાવટોની પડતર ઊંચી રહે. પરિણામે પરદેશી સસ્તો માલ અટકાવવા ટેરીફ ઊભી કરી અને છેવટે ભાવ વધારવા માટે ડૉલર નીચે નાખ્યો. સાથેસાથે મજૂરોનો પગાર પણ થોડો વધાર્યો છે. આર્થિક સ્વાતંત્ર્ય એટલે પારકા દેશ પર આધાર ન રાખવો એ વાત પર અમેરિકા ચાલ્યું છે. એ નીતિ ખાતર તો એણે આર્થિક પરિષદ તોડી નાખી. યુરોપમાં બધાં ગાંધો ભેગાં થએલાં. એમણે તો સાથે મળી અમેરિકાને નવડાવવાનો જ વિચાર કરેલો. મૅકડોનલ્ડ સાથે સમજુતી થએલી એ તેણે (મેકડોનલ્ડે જ) તોડી નાખી ને કૉન્ફરન્સમાં પહેલે જ દિવસે લડાઈના દેવા વિષે બોલ્યો. ફ્રાન્સ, ઇટલી વગેરે સોનાના ધોરણ માટે પાછળ લાગ્યા. આથી તિરસ્કારથી અમેરિકાએ કૉન્ફરન્સ તોડી નાખી. લડાઇના દેવા ઉપર યુરોપીઅનો નગારૂં વગાડતા હતા. એ પ્રશ્ન હવામાં લટકતો રાખ્યો એટલે એ માટે બોલવાનું રહ્યું નહિ. એમાંથી એક પાઇ પણ પાછી આવશે નહિ એની અમેરિકાને ખાત્રી છે.

આજે તો અમેરિકાએ રાષ્ટ્રીય આર્થિક યોજના કરી છે. એ પ્લાન અમલમાં મૂકનાર 'આર્થિક સંજીવન માટે રાષ્ટ્રીય પ્રયત્ન' અથવા ટૂંકમાં 'નીરા'. એના કાયદા પ્રમાણે દરેક મજૂરને કલાકના ૫૦ સેન્ટ પ્રમાણે ને અઠવાડિયાના ૩૨ કલાક કામ પ્રમાણે ૧૬ ડૉલર મળી રહે. રહેવાનો ખરચ થોડો ઊંચો જશે એના સામે આ ગોઠવણ છે. કેવી રીતે પાર ઊતરશે એ તો બેત્રણ મહિનામાં ખબર પડશે.

૩૦-૯-૩૩

¶ ... આજે અમે લૉવેલ પહોંચ્યા. ૨૮મીએ કૅમ્બ્રિજ પહોંચેલા. કુલ ૧૧,૪૪૦ માઇલ ફર્યા. કૉલેજ ૨૬મા સપ્ટેમ્બરે ઊઘડે છે. હમણાં તો મુસાફરીનો થાક ઉતારી આરામ લઇએ છીએ. કદાચ એકાદ અઠવાડિયું નજીકમાં દરિયાકિનારે જઇ આવીશું. એકંદરે તબિયત સારી રહી છે.

મારો અને કાન્તિનો મુસાફરીમાં કુલ ખર્ચ ૬૭૫

ભાઈબીજ

[કારાગૃહમાં પડેલા ભાઈનાં સ્મરણ]

· ઉપજાતિ ·

નિદ્રા ન આવે જ્વર-તપ્ત અંગ,
પ્રહાર ઝીલી તન આ કળાંતું,
બેડી તણા ઘર્ષણથી ઝરંતું
ભીંજાવતું શોણિત શૃંખલાને.

ભીંતો તણા પથ્થરનાં ઘડ્યાં આ
હૈયાં અને શીતળ લોહદંડ,
મૃત્યુ તથાપિ કદિ પ્રેમનું ના,
અંધારી કારાગૃહ કોટડીમાં.

ઉત્સાહ ને ઉત્સવ ક્યાંથી આંહીં?
કારાગૃહે નૂતન વર્ષ કેવું ?
સ્મૃતિપટે હું રચું બાહ્ય સૃષ્ટિ,
યમદ્વિતીયા ક્યમ આજ ભૂલું ?

તારા સમા શર્વરી ઓઢણીમાં
અસંખ્ય દીપો પ્રગટ્યા હશે, ને
ઉત્સાહ વ્યાપ્યો ભુવને હશે સૌ,
દીપાવલિના શુભ ઉત્સવે આ.

ગૃહાંગણો ગોમયથી લીંપીને,
કુમારિકાઓ મળી સર્વ ભેળી,
ગોપદ્મ ને સ્વસ્તિક કૈં રચીને,
આલેખતી મંગલ રંગવલ્લી.

રાચે ભલે ઉત્સવમાં જ મૂઢ,
ભલે થતી વિસ્મૃતિ બંધુઓની,
અજ્ઞાન ને દાસ્ય થકી બિચારા
દૃષ્ટિ વિહોણા, નવ દોષ આપું.

હશે તથાપિ દુઃખી એક બાલા,
પ્રકાશ ના પામતી શૂન્ય દૃષ્ટિ,
અસંખ્ય દીપો તણી આવલિ શું
શકે વિદારી વિરહાંધકાર ?

અશ્રુ હશે આંગણ લીંપવાને,
નિશ્વાસ સંમાર્જન સાધવાને,
રંગાવલિપૂરણ કાજ રક્ત,
હશે સૂકાયું વિરહાગ્નિમાંહી.

હૈયા તણા નાજુક કોડિયામાં
સદ્ભાવનું કોમલ સ્નેહ રેડી,
સ્મૃતિ તણી જ્યોતિ ધરી હશે ને
કીધો હશે એક અખંડ દીપ.

ઉતારશે આરતિ 'ભાઈબીજ
આજે' વદી બ્હેનડીઓ અનેક,
'કારાગૃહે બંધુ અસ્યો' ! બિચારી
સ્મરીમસ્રી બ્હેનડી મારી રોશે.

શંકર કાલેલકર

ડૉલર થયા. એમાં ફોટોગ્રાફી, સીને ફિલ્મ, પોસ્ટકાર્ડ-આલ્બમો વગેરે બધું આવી જાય છે.

૪-૯-૩૩

... જો ઋતુ સારી હશે તો આવતી કાલે અહીંથી સો માઇલ દૂર 'માર્થાનું દ્રાક્ષખેતર' કરીને ટાપુ છે ત્યાં થોડા દિન જઈશું. જવા માટે વચ્ચે દસેક માઇલની ખાડી ઓળંગવી પડે છે. એકાંત ને શાંત જગ્યા છે એટલે ઠીક આરામ મળશે. લૉવેલ ૧૯મીએ પાછા આવીશું.

આ વખતના ઇન્ડિયન ટેક્સ્ટાઇલ જર્નલમાં સર લલ્લુભાઈની જાપાન ઉપરની મુલાકાત વાંચી. ત્યાં એક મજૂર ૨૦-૨૫ લૂમ સાચવે, હિંદમાં અત્યારે ચાર સંભાળે છે પાંચમી સંભાળવાનું કહ્યું હોય તો હડતાળ પર જાય. ખોરાક, કપડાંલત્તાં વગેરેમાં જાપાનનો ખર્ચ થોડો. હિંદુસ્તાનમાં શેઠ નોકરને કોઈકોઈની પડી નથી. બંને એકબીજાને હંફાવવાની તક શોધ્યા કરે.

નાયગરા પર કલ્પનાના રંગો બધા ઊડી ગયા; પણ ગ્રાન્ડ કૅન્યને કલ્પનામાં ઘણા નવા રંગો પૂર્યા. ગ્રાન્ડ કૅન્યન ઘાટ એટલે ૮૦૦૦ ફૂટ ઊંચાઈની સામસામી પર્વતમાળા. એની લંબાઈ ૨૧૯ માઈલ. બંને બાજુની ધાર વચ્ચે ૮ થી ૧૨ માઇલની જુદીજુદી પહોળાઈ, ને ખીણની ઊંડાઈ ૬૦૦૦ ફૂટ. તળીએ કોલોરાડો નદી ધસારાબંધ વહી જાય છે. આખી ખીણ–પર્વતોની બાજુઓ ને વચ્ચેના નાના દેરાસરના ઘુંમટ જેવા ટેકરાઓ બધું રંગીન છે–રંગબેરંગી છે. સાથે ચોપાનિયું મોકલ્યું છે. એમાં એની આખી જગાની વિગત આપી છે. આ એક જ દેખાવ જોવા માટે હું પાંચ હજાર માઇલની મુસાફરી જરૂર કરું. ટૂરિસ્ટ કૅમ્પ જેવી આપણે ત્યાં ગોઠવણ જોઈએ. ધર્મશાળાઓનો સમય હવે જતો રહ્યો છે. એમાં ખાવાનું ને રહેવાનું બંને રદ્દી મળે છે. સ્વચ્છતા–આરોગ્ય જેવું તો હોય જ ક્યાંથી ? જાપાનીઝ છોકરાઓને આપણા કરતાં કશી વધારે સગવડો નહોતી મળતી. પણ અહીં બારીક અવલોકન ચાલુ હોય.

૧૦-૯-૩૩

... તમારો તા. ૧૧મી ઑગસ્ટનો પત્ર મળ્યો. એ પછી કૉલેજ ઊઘડવાને ત્રણ અઠવાડિયાંની વાર હતી એટલે તા. ૫મી સપ્ટેમ્બરે અહીં આવ્યા. ન્યુ બેડફર્ડ પાસે માર્થાનો દ્રાક્ષનો બગીચો નામનો ટાપુ છે. અહીં કૅબિનમાં સમુદ્રકાંઠે રહીએ છીએ. નજીકમાં બીજી બે-



'જાપાનીઝ ટી ગાર્ડન'–પાસાડેના (કૅલિફૉર્નિયા)

એક કૅબિનો છે. એમાં બેત્રણ જણા રહે છે. એ સિવાય આખા કિનારા પર બીજું કોઈ નથી. તદ્દન શાંતિ ને આરામ મળે છે. અહીંથી ૧૯મીએ લૉવેલ જઈશું. કૅબિનો મિસિસ રાયન નામની અરધી ઇન્ડિયન(=મૂળવતની) ને અરધી ગોરી એવી બાઈની માલિકીની છે. એને ત્યાં જ જમીએ છીએ.

અહીં નીરાનાં પાટિયાં દરેક ઘર ને દુકાન પર લાગી ગયાં છે બનાવનાર, વેચનાર અને બીજા કારીગર— જેવા કે દરજી, સુતાર વગેરે સૌએ ભાવ વધારી મૂકી પોતપોતાની ફરજ બજાવી. પણ વાપરનાર તરફથી સારો જવાબ ન મળ્યો, એટલે હવે વાપરનારનાં પાટિયાં મોટરો પર લાગવા માંડ્યાં છે !

ઇન્ડિયન ટેક્સ્ટાઇલ જર્નલમાં મોદી–લૅંકેશાયર વિષે છે. જાપાન સામેના રક્ષણની જરૂરિયાત તો હું પણ સ્વીકારું છું. પણ સાથે જ આપણી મિલો પાસે કૉલિટી–વ્યવસ્થા વગેરેમાં નક્કી કરેલા ધોરણ મુજબ સ્વીકાર કરાવવો જોઈએ. અહીં માર્ચમાં બધી બૅંકો સરકારે બંધ કરાવી. ડિપૉઝિટો તપાસ્યાં. એમાંથી ૨૫૧૦ જેટલી ફરી ઊઘડી જ નહિ ! હવે ખરી બૅંકો રહી. એનાં ડિપૉઝિટોને સરકારી ગૅરંટી મળી છે એટલે લોકોમાં વિશ્વાસ બેઠો છે. આપણે મિલોમાં પણ મૂળથી સુધારા કરીને નકામી જણાય એને બંધ કરવામાં ફાયદો ખરો ?

૧૯-૯-૩૩

... જર્મની અને યહુદીના ઝગડાનું કારણ મને ખાસ ધાર્મિક નથી લાગતું. હજી યે યહુદીઓ જે દેશ-



યલોસ્ટોન પાર્કમાંનું સરોવર

માં વસે છે ત્યાં જ્યુપણું બરોબર જાળવી રાખે છે. બે યહુદી એકઠા થાય કે તરત હિબ્રુ ભાષામાં વાત શરૂ કરે. જર્મનીમાં રહીને ઓતપ્રોત—જર્મન ન થયા એ હિટલરના કથનમાં કંઇક સત્ય રહેલું છે. અલબત્ત, લડાઇમાં મળેલી હાર અને એની બીજ બીજા કોઇ પર કાઢી ન શક્યા એટલે યહુદીઓ ઉપર દાઝ કાઢી એવું બન્યું. લડાઇનું છેવટ શું છે એ યુરોપવાસીઓ જાણે છે. એટલે ફૂંફાડા મારશે પણ લડવાના કોઇ નથી. આજની પરિસ્થિતિમાં જર્મની માટે લડવું અશક્ય છે. ઇગ્લંડ તથા ઇટલીની સંમતિથી વર્સાઇલ્સ કરારમાં ફેરફાર કરાવવાની ધારણા છે. ઑસ્ટ્રિયાના પ્રશ્ને ગંભીર સ્વરૂપ પકડ્યું છે. જર્મની ને ઑસ્ટ્રિયાનું જોડાણ કોઇ ઇચ્છતું નથી. એ પ્રશ્ન પર તો જર્મનીની મૈત્રી તોડી નાખવા પણ મુસૉલિની તૈયાર છે. દરમ્યાન રશિયા આગળ ધપ્યે જાય છે. અમેરિકાએ નૌકાબળ વધારવું શરૂ કર્યું એટલે ઇગ્લંડ ચમક્યું છે. અહીં છાપાંઓ આ વિરોધને તદ્દન ગૌણ સ્થાન આપે છે. 'ઇગ્લંડ ગમે તે કરે, અમારૂં ધાર્યું અમે કરીશું' એ અમેરિકાનું યુરોપ તરફનું અત્યારે વલણ છે.

૨૪-૯-૩૩

Ω. . . યલોસ્ટોન 'ગાઇઝર'માં નાહી ન શકાય. પાણી વરાળ નીકળે એટલું ગરમ હોય છે. પાણીમાં ખાસ તો ગંધક ને ચૂનો લાગ્યો. અંદર દોરીલોટો નાખો તો ગંધકવાળા પાણી સિવાય કશું હાથ ન લાગે. જમીનમાં જ્વાળામુખી જેવો નાનો ખાડો હોય છે. એમાંથી ઓચિંતો ફુવારો છૂટે. થોડી વારમાં શાંત થઇ જાય. પાછો અચાનક ફૂટી નીકળે. શાંત હોય ત્યારે ખાબોચિયા જેવું લાગે. પાણી તો, ગમે ત્યારે હાથ નાખો તો ધગધગતું જ હોય.

'અમે રીંછને ભેટ્યા કેમ નહિ?'—અમારે આનાતોલ ફ્રાંસ સાથે સરસાઇ નહોતી કરવી.

અહીં મજૂરીને માટે માન છે. મુસાફરીમા અનેક ઠેકાણે—ખાસ કરી ગ્રાન્ડ કૅન્યન, યલોસ્ટોન વગેરે જગ્યાઓમા કૉલેજના છોકરા-છોકરીઓ કામ કરતાં માલૂમ પડયાં.

અત્યારની આ ઉદ્યોગસુધારણાની યોજનાના મૂળમાં વાતાવરણ બદલવા ઉપર ખૂબ વજન મુકાય છે. વસ્તુ ઓના ભાવ ઊંચા ગયા છે પણ ખરીદનાર નથી; અથવા કહો કે ખરીદનાર જવાબ નથી આપતા. દરેક જણ એમ જ માને છે કે આ ઉન્નતિ આવી એનો જલદી લાભ લઇ લઉં. પછી રખેને લટકી જાઉં તો? પાછી હડતાળો પડવા માંડી છે. કામદારો પણ આ તકનો લાભ લેશે. યૂનિયનો મજબૂત કરવામાં બધી યોજના એક પાયા ઉપર રચાએલી છે: જીવનનું ઊંચું ધોરણ ટકાવી રાખવું. એ બીજા દેશોની સપાટી પર લાવી મૂકવા માટે કોઇ તૈયાર નથી; બાકી ફૂંફાડો તો અહીં સામાન્ય વહેવારમાં પણ સારી રીતે હોય છે.

૨૨-૧૦-૩૩

Ω. . . ઉદયશંકરનું નૃત્ય ગયે વર્ષે ન્યૂ યૉર્કમાં જોએલું. આવતી રજાઓએ બોસ્ટનમાં પ્રયોગો છે એ જોવા જશું.

રીંછ વિષે—રીંછ હતો કે રીંછણ એ ખબર નથી. યલોસ્ટોનમાં સરકાર તરફથી રીંછોને ખોરાક મળે છે. ઉનાળામાં એની છેડ કરવાની મનાઇ હોય છે. રીંછો બધાની સાથે મળી જાય છે. અમને મળેલું એવાં રીંછ માંસાહારી નથી હોતાં. 'ગ્રીઝલી' નામનાં ભુખરા રંગનાં રીંછો થાય છે એ માંસાહારી ને જંગલી હોય છે. એ માણસને મારી પણ નાખે. યલોસ્ટોનમાં 'ગ્રીઝલી' પણ છે. દરરોજ સાંજે એમને ખોરાક અપાય છે એટલે કોઇને ઇજા નથી કરતાં. ગ્રીઝલી સામાન્યરીતે માણસના વસવાટથી દૂર રહે છે. કાળાં રીંછોનો દાખલો લઇ 'ગ્રીઝલી' સાથે દોસ્તી કરવાનો કોઇકોઈ મુસાફરે પ્રયત્ન કરેલો એને કંઇક ઇજા થવાના દાખલા નોંધાયા છે. જોકે કોઇ મરી નથી ગયું.

જાપાન વિષે—મચ્છી તથા ભાતમાં ઓછું ખર્ચાળ જીવન છે એમ કહેવાનો મારો આશય નહોતો. ખર્ચ ઓછું થાય છે એ જ જણાવવા માગતો હતો. જેમકે

આ લોકોના સૂટ વગેરે તથા આપણાં કપડાં વચ્ચે ખર્ચનો ફેર પડે છે. જાપાનની સફર માટે પછી વિચાર કરીશ.

અહીંના હબસીઓના જીવનના ધોરણ તથા ખર્ચનો ખ્યાલ નથી. નીરા કોડ પ્રમાણે બીજા જેટલો જ એને પણ પગાર મળે. એ લોકોની એક ટેવ માટે મેં ઘણે ઠેકાણેથી સાંભળ્યું છે કે એક અઠવાડિયું કામ કરે, અને પછી લાગે કે બે અઠવાડિયા પુરતો પગાર મળી રહ્યા છે એટલે બીજે અઠવાડિયે કામ કરવા આવે જ નહિ!

અહીં ઉત્પન્ન વધારવાનો સવાલ છે જ નહિ. સાધનો અને કાચો માલ તો જોઇએ તેટલાં છે, પણ બનાવીને નાખે કયાં? લે કોણ? ભાવ ટકાવી કેમ શકાય? અઠવાડિયાના ૪૦ કલાક કામ કરવામાં ઉપજને કાબુમાં રાખવાનો પ્રયત્ન છે. એ બમણું કરવું હોય તો આવતી કાલે કરી શકે.

યુરોપમાં બે પક્ષ પડ્યા છે. રક્ષણ આપવું એટલે બેમાંથી એક પક્ષમાં દાખલ થવું: યુરોપ એટલું જ ઇચ્છે છે: તરત જ અમેરિકાને લડાઇમાં ઉતારે. લડાઇ દરમિયાન બધું ઠીકઠાક ચાલે. કામચલાઉ તેજી પણ આવે. પછી અમેરિકા ખોખરૂં થઇ જાય.

૨૮-૧૦-૩૩

ગ. . . . ગઇકાલે ઉદયશંકરનું નૃત્ય જોયું. પ્રોગ્રામમાં આ વર્ષે કંઇ ફેરફાર નથી કર્યા. તમારી યાદી વાંચ્યા પછી એ માટે વધારે લખીશ. મને ગયે વર્ષે પણ બહુ આકર્ષક તો નહોતું જ લાગ્યું. તમારા કટિંગમાં ટીકાકાર એને નૃત્ય ગણતો જ નથી. મેં ભરતમુનિનું નાટયશાસ્ત્ર જોયું પણ નથી એટલે કંઇ ન કહી શકું. વળી ઉદયશંકર ફ્રેંચ કુમારીને લાવ્યા એ વાત પણ એને ખૂંચતી લાગે છે. જાણેકે બિનહિંદી એ હિંદી નૃત્ય સારૂં ન જ કરી શકે!

હાલ રશિયા—અમેરિકાની વાટાઘાટને સૌથી વધુ અગત્ય અપાય છે. ઇંગ્લંડથી ખબર આવે છે કે રશિયા સાથેના વેપારનો પાયો મજબૂત કરીને વેપાર વધારો, નહિતર અમેરિકા બધું ખાઇ જશે. જાપાન પણ રશિયા સાથે ઝટ સંધિ કરી નાખશે. સૌથી ખરાબ અસર તો જર્મની પર થશે. હિટલરની પૉલિસી પછી રશિયાએ જર્મની સાથેનો વેપાર નામશેષ કરી નાખ્યો છે. હવે એ પણ જશે. જર્મનીનો યુરોપમાં મિત્ર કોણ? લડાઇ થાય તો મુસૉલિની પણ એક બાજુએ બેસી રહે અને આસ્તે રહીને જીતનાર પક્ષ તરફ ઢળી જાય.

લડાઇના દેવા માટે અંગ્રેજી પ્રતિનિધિમંડળ આવેલું પણ કંઇ વળ્યું નથી. હવે પાછા જવાની તૈયારી કરે છે.

દારૂનિષેધનો કાયદો દૂર થયા પછી પણ યુરોપના દારૂ પર ભારે જકાત નંખાશે—ફ્રાંસ પર સૌથી વધારે. આથી યુરોપીઅનો ખૂબ ચીડાયા છે. દેવાના ઈન્કારનો જવાબ અમેરિકા આપે છે. વેપાર માટે દક્ષિણ અમેરિકા અને ચીન તરફ દૃષ્ટિ કરે છે. અમેરિકા-રશિયા-જાપાની સંધિ હું કલ્પી શકું છું. પછી યુરોપનું ગમે તે થાય. શ્રી વિઠ્ઠલભાઇ પટેલ ગુજરી ગયાના ખબર થોડા સમય પહેલાં મળ્યા. અમેરિકન મુસાફરીનો ડૉકટરની સલાહ વિરૂદ્ધ જઇ લીધેલો શ્રમ આકરો પડ્યો.

એક કટિંગ આ સાથે M.I.T. (ટેક)ના તોફાનનું છે. અહીં કૉલેજોમાં પહેલા વર્ષવાળા તે 'ફ્રેશ'—નવાસવા; બીજા વર્ષવાળા તે સોફોમોર; ત્રીજા વર્ષમાં હોય તે જુનિયર અને ચોથા વર્ષવાળા સીનિયર કહેવાય છે. છેલ્લા તે ગ્રૅજ્યુએટ વિદ્યાર્થી. ફ્રેશ અને સોફોમોર વચ્ચેની 'લડાઇ' એ દરેક કૉલેજની વિશિષ્ટતા છે. કૉલેજનું વર્ષ શરૂ થાય ત્યારે નવાઓએ સોફોમોરે નક્કી કરેલા રંગનો પોષાક જ પહેરવો પડે. પાંચ અઠવાડિયા પછી મેદાન દિન આવે. એમાં રમતો, તોફાન બધું થાય. એમાં નવા જીતે તો પોષાક કાઢી નાખે, ને હારે તો છેક નાતલ સુધી તે પહેરવો પડે. તોફાનમાં નુકસાન પણ કરે. હૉસ્ટેલને આગ લગાડે, રસ્તા પર બંબાની શેરો છુટી મૂકી પાણી ઢોળે. અનેક જાતનું તોફાન થાય. વચ્ચે પડવામાં પોલીસને પણ ઠીકઠીક મેથીપાક મળે. પોલીસનો યુનીફૉર્મ રંગી નાખે અથવા બટન તોડી નાખે કે ટોપી બાળી નાખે! એ બધાં પાછળ દ્વેષ, ઝેરવેર કશું જ નહિ.

સાંજે તોફાન પતી ગયા પછી પોલીસ(ખાનગીમાં) સર્ટિફિકેટ આપે કે '૧૯૧૩-૧૪માં તો ભારે જબરા છોકરાઓ આવતા. તમારામાં કંઇ પાણી જ નથી!!!'

શાન્તિ

શુદ્ધિ

માધુકરીમાં પૃ. ૩૮ ઉપર બીજા કૉલમમાં 'આસોપાલવ વિષે ચર્ચા'માં છેડેથી ૨ તથા ૩ લીટીઓમાં 'સારક' શબ્દને બદલે 'સાધક' જોઇએ; પૃ. ૩૯ ઉપર પહેલા કૉલમમાં મથાળેથી ૧૩ની લીટીમાં અંગ્રેજી શબ્દ Phane Rogams છે તેને બદલે Phanerogams જોઇએ.

માકડી ગાય



બા ળ વિ ભા ગ

દરબારે કામદારને એક ગાય આપી. ગાય ત્રણુ વરસની હતી. થોડાં થોડાં શીંગડાં દેખાયાં હતાં. ગાય રાતી હતી. એને સૌ માકડી કહેતા. ગાય ધણમાં ચરવા જાય; સાંજ પડ્યે પાછી આવે. એક દિ સાંજે ગાય આવી. પાછળ ખૂંટ આવતો હતો. કામદારના ઘર સુધી ખૂંટ ગાયને મૂકી ગયો. ગોવાળે વધામણી આપી: 'બા વધામણી; માકડી આજ ફળી છે. આજનો દિ વાર નોંધી રાખજો. આજથી નવ માસ ને દસ દિવસે ગાય વીઆશે.' બા કહે, 'વધામણી સાચી પડશે તો આ પહેલું વેતર છે એટલે તમારો ધોતિયાનો લાગો કબૂલ.'

ગાયનાં આઉ ભરાવા લાગ્યાં. ગાયનું ડીલ વધવા માંડ્યું. પાંચેક મહીના પછી કામદારે ગાયને બાજરાનું ભડકું દેવા માંડ્યું. ગાયની કોડ બરાબર સાફ રખાવે. ગાયની ખૂબ માવજત કરે. બરાબર નવ મહીના ને દસ દિવસે ગાય વીઆણી. વાછડી આવી. ગાયને બાજરાની સુખડી ખવડાવી. ગોવાળને માથે બાંધવા ધોતિયું મળ્યું. પહેલા દિવસના દૂધની બળી કરી. તે ગામમાં છોકરાંને વહેંચી. ઘરમાં પણ સૌએ ખાધી. ગાયે વાછડીને ચાટી.

વાછડી ગાયને બચબચ ધાવે. વાછડી ધાવે ને ગાય તેને ચાટે. ગાય ભાંભરે એટલે વાછડી પણ ભાંભરે. વાછડી ભાંભરે એટલે ગાય ભાંભરે. ગાય ધણમાં જાય, પણ તેનું મન તો વાછડીમાં. ઘેર આવતાં જરા મોડું થાય ત્યાં તો હાંફળીફાંફળી થઈ જાય. ક્યારે ઘર આવે ને ક્યારે વાછડી ધાવે. આઉમાંથી જાણે દૂધના તો ટશિયા ફૂટે.

ગોવાળ સવારસાંજ દોવા આવે. ગોવાળનો અવાજ સાંભળી ગાય સફાળી ઊભી થઇ જાય. વાછડી પણ કુદકા મારવા માંડે કે ક્યારે ગોવાળ છોડે ને માને ધાવું.

ગોવાળ થોડા દિવસ તો વાછડીને બધું દૂધ ધાવી જવા દે. પણ વાછડી સહેજ મોટી થઇ ત્યાર પછી થોડું ધાવે એટલે તેને વછોડાવી દે ને એક બાજુ બાંધી દે. ગોવાળ દોવા માંડે. પહેલાં તો બધાં આંચળ દોહે. પછી જ્યારે દૂધ ઓછું થયું લાગે એટલે ત્રણુ આંચળ દોહી લે ને એક આંચળનું દૂધ વાછડી સારૂ રાખે. દોહી લીધા પછી વાછડીને પાછી છોડે. એ એક આંચળનું દૂધ વાછડી ધાવી જાય. ધાવતી જાય ને ગાય વાછડીને ચાટતી જાય. કામદાર ગાયને કપાસિયા ખવડાવે, ખોળ ખવડાવે, બાજરાનું ડૂર ને દાણા ખવડાવે. જારની કડબ આપે.

વાછડી સહુને ગમી ગઈ. નાનાં છોકરાં વાછડી સાથે ગેલ કરે. વાછડીને સહુ બદૂડી કહે. વાછડી કુદકા મારતી દોડે ને પાછળ છોકરાં દોડે. વાછડી થાકી જાય એટલે તેને ખીલે બાંધે. એમ કરતાં વાછડી ત્રણચાર માસની થઈ.

વળી થોડે દિવસે ગાય ફળી. દૂધ ઓછું થવા લાગ્યું. ફળ્યે પાંચછ મહીના થયા ત્યાં ગાય વસુકી ગઇ.

પહેલવેતરી ગાય હતી એટલે દૂધ થોડું આપતી. પછી બીજે ત્રીજે વેતરે દૂધ વધવા માંડ્યું. ટંકે બશેર કે ત્રણ શેરથી વધીને પાંચ શેર દૂધ

એક હતો વાંદર
એણે માથે ઓઢી ચાદર;
પૂછડાનો ગોટો વાળી
બેઠો ગામને પાદર.

તેવે આવી શિયાળ બોલે
'હટ ચાલી ડોશી!
ઊઠ, નીકર ખાઇ જાઉં;
મને નથી જોતી?'

'હૂક!' કરી વાંદર કૂદ્યો,
દીધી એક ચોટ;
'મુઆ આતો' શિયાળભાઇએ
ઊભી મેલી દોટ!

રમણલાલ સોની

ગાયના ગાંડવું. ગોવાળ કોઈકોઈવાર કામદારનાં છોકરાં-ને મોઢામાં દૂધની શેડ દે. તાજું, શેડકઢું, શીણુ સોતું દૂધ બહુ મીઠું લાગે. કામદાર પણ કોઈકોઈવાર એ શેડકઢું દૂધ પીએ.

ગાયે બધાં મળી દસ વેતર દીધાં. પછી તો ગાય વસુકી ગઈ. હવે તો ગાયની વાછડીઓ પણ વીઆવા લાગી હતી. કામદારને ઘેર એકનાં અનેક ઢોર થયાં. દસ વેતરમાં છ વાછડી ને ચાર વાછડા થયા. વાછડા મહાજનમાં મોકલી દીધા. મહાજનમાંથી સંધી વાછડા વેચાતા લઈ ગયા. સંધીએ તેના ગોધલા કરી વેચ્યા.

હવે તો ગાય ઘરડી થઈ. દૂધે ન આપતી ને ફળની પણ નહિ. પણ કામદાર કાંઈ એવી ગાયને કાઢી મૂકે? કામદાર ને કામદારની વહુ ગાયની ખૂબ સેવા કરે. ગાયના દાંત પડી ગયા. બોખી થઈ એટલે ચાવી યે ન શકે. આથી ઘાસ પણ ઓછું ખાય. શરીર સાવ ઘસાતું ગયું.

ચોમાસામાં એક વાર ખૂબ વરસાદ વરસ્યો. ગાય ચરવા પણ ન જઈ શકે. આખો દિ ખીલે બંધાઈ રહે. છાણમૂતર ને વરસાદને લીધે જમીન લપસણી થઈ ગઈ. ગાય ઊભી થવા જાય ત્યાં પડી જાય. કામદારને લાગ્યું કે હવે ગાય નહિ જીવે. ગાય તો હવે પૂછલેલ થઈ ગઈ. થોડા દિવસમાં ગાય મરી ગઈ.

ઢેઢને બોલાવી કામદારે ગાયને ઢેઢવાડે મોકલાવી. ઢેઢે કહ્યું 'બા આ ગાય પાછળ ધરમાદો સારો કરજો.' બાએ અરધા મણને બદલે મણ બાજરો ઢેઢને આપ્યો. ઢેઢે તેના રોટલા કરાવી કુતરાંને નાખ્યા. કામદારે ને કામદારની વહુએ કહ્યું કે 'અમારી ગાયનું કોઈ મુડદાલ ખાશો મા, પણ ખાડો કરી દાટી દેજો.

ચમારે ગાયનું ચામડું ઊતરડયું. ચમારે ચામડું સારૂં કરી કેળવી મોચીને વેચ્યું. મોચીએ તેમાંથી કોસ બનાવ્યો; જોડા પણ બનાવ્યા.

મુડદાલ દાટી દીધું તેનું ખાતર થયું. ચોમાસું આવતાં ખાતરીઓ ખાતર લઈ ગયો ને ખેતરમાં પૂર્યું.

હાડકાં ગામથી થોડે દૂર સુકાવા મૂક્યાં. ઘણાં હાડકાં ભેગાં થયાં એટલે એક વેપારી એ હાડકાં લઈ ગયો. વેપારીએ હાડકાં પરદેશ મોકલ્યાં. પરદેશમાં હાડકાંમાંથી છત્રીના ને લાકડીના, છરીના ને ચાકુના હાથા થયા. માથું ઓળવાના દાંતિયા ને રમકડાં પણ થયાં.

એક ગાય હતી. તેનું નામ માકડી હતું. જીવી ત્યાં સુધી દૂધ આપ્યું. મરીને ચામડું આપ્યું, હાડકાં આપ્યાં, ખાતર આપ્યું.

વેણીલાલ બૂચ

અંકજંત્ર-રચના

બેવડી બેકી સંખ્યા

૪×૨=૮; ૬×૨=૧૨; ૮×૨=૧૬ એ પ્રમાણે બેકી સંખ્યાને બમણા કરવાથી આવતી બેકી સંખ્યાને બેવડી બેકી સંખ્યા કહે છે.

એકવડી બેકી સંખ્યાના અંકજંત્રમાં ચોરસના ચાર સરખા ભાગ કરવાથી થતા પ્રત્યેક વિભાગની રચના એકી વર્ગસંખ્યાના જંત્રની રીત પ્રમાણે કરવી એમ આપણે ગયા હપ્તામાં જોયું.

તે જ પ્રમાણે બેવડી બેકી સંખ્યાના અંકજંત્રમાં ચોરસના ચાર સરખા ભાગ તો કરવા; પણ પછી તેવા પ્રત્યેક વિભાગના પણ ચાર સરખા પ્રવિભાગ કરવા. આથી આખા ચોરસના એકંદર સોળ પ્રવિભાગ થશે. ગયા વર્ષમાં આ લેખમાળાના ચોથા તથા પાંચમા હપ્તામાં ૧૬ના જંત્રની જે ત્રણ રીતો બતાવેલી છે તે પ્રમાણે આ સોળ પ્રવિભાગોમાં આવેલી સંખ્યાઓના સમૂહોનું સ્થાનાંતર કરવાથી આ અંકજંત્ર તૈયાર થશે.

આ નિયમ પ્રમાણે આઠનો જંત્ર ત્રણ રીતે આ નીચે તૈયાર કરી આપેલો છે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪

આકૃતિ-૧


૧	૨	૬૨	૬૧	૬૦	૫૯	૭	૮
૯	૧૦	૫૪	૫૩	૫૨	૫૧	૧૫	૧૬
૪૮	૪૭	૧૯	૨૦	૨૧	૨૨	૪૨	૪૧
૪૦	૩૯	૨૭	૨૮	૨૯	૩૦	૩૪	૩૩
૩૨	૩૧	૩૫	૩૬	૩૭	૩૮	૨૬	૨૫
૨૪	૨૩	૪૩	૪૪	૪૫	૪૬	૧૮	૧૭
૪૯	૫૦	૧૪	૧૩	૧૨	૧૧	૫૫	૫૬
૫૭	૫૮	૬	૫	૪	૩	૬૩	૬૪

આકૃતિ-૨

ગયા વર્ષના પાંચમા હપ્તામાં બતાવ્યા પ્રમાણે આકૃતિ-૧ માંના અંકોનો અદલોબદલો કરવાથી આકૃતિ-૨માં બતાવેલી રચના થશે. ફેર એટલો કે તેમાં એકેક અંકનું એક એવાં સોળ ખાનાં છે, જ્યારે આમાં એકને બદલે ચારચાર અંકનાં ચાર ખાનાનો એક એવા સોળ પ્રવિભાગોને ફેરવવાના છે. આકૃતિ-૧માં મથાળે વચલા, કાળી લીટીના ચોકઠામાંની બે હારો ઉલટાઈને નીચેના ચોકઠામાંની તેની જ બે હારોને બદલે ગોઠવાશે અને એ જ રીતે નીચલી ઉપર જશે. એ પ્રમાણે પડખાની હારોનો પણ ફેરબદલો થશે એટલે આકૃતિ-૨ મુજબનો જંત્ર તૈયાર થશે.

બીજી પદ્ધતિ ગયા વર્ષના ચોથા હપ્તામાં બતાવેલી આ પાછળ આલેખેલી આકૃતિ-૩ની ઢબે કરવાની છે. સિદ્ધાન્ત તો એક જ: એમાં બતાવેલા એકએક અંકને બદલે આપણે ચારચાર અંકના પ્રવિભાગને એકેકો ઘટક ગણીને ફેરવવાનો. આ ઢબે આકૃતિ-૧ માંના અંકો ફેરવવાથી આકૃતિ-૪ માં બતાવ્યા મુજબનો અંકજંત્ર તૈયાર થશે.


ત્રીજી પદ્ધતિ પણ ગયા વર્ષના ચોથા હપ્તામાં બતાવેલી બીજા પ્રકારની પદ્ધતિથી કરેલી છે; જેની ઢબ આ સાથે



આકૃતિ-૩

૬૪	૬૩	૩	૪	૫	૬	૫૮	૫૭
૫૬	૫૫	૧૧	૧૨	૧૩	૧૪	૫૦	૪૯
૧૭	૧૮	૪૬	૪૫	૪૪	૪૩	૨૩	૨૪
૨૫	૨૬	૩૮	૩૭	૩૬	૩૫	૩૧	૩૨
૩૩	૩૪	૩૦	૨૯	૨૮	૨૭	૩૯	૪૦
૪૧	૪૨	૨૨	૨૧	૨૦	૧૯	૪૭	૪૮
૧૬	૧૫	૫૧	૫૨	૫૩	૫૪	૧૦	૯
૮	૭	૫૯	૬૦	૬૧	૬૨	૨	૧

આકૃતિ-૪



આકૃતિ-૫

૪૬	૪૫	૧૭	૧૮	૨૩	૨૪	૪૪	૪૩
૩૮	૩૭	૨૫	૨૬	૩૧	૩૨	૩૬	૩૫
૩	૪	૬૪	૬૩	૫૮	૫૭	૫	૬
૧૧	૧૨	૫૬	૫૫	૫૦	૪૯	૧૩	૧૪
૫૧	૫૨	૧૬	૧૫	૧૦	૯	૫૩	૫૪
૫૯	૬૦	૮	૭	૨	૧	૬૧	૬૨
૩૦	૨૯	૩૩	૩૪	૩૯	૪૦	૨૮	૨૭
૨૨	૨૧	૪૧	૪૨	૪૭	૪૮	૨૦	૧૯

આકૃતિ-૬

આપેલી આકૃતિ-૫માં આલેખેલી છે. એ રીતે પ્રત્યેક પ્રવિભાગને એકેક અંક ગણીને આકૃતિ-૧માંના અંકો ફેરવવાથી આકૃતિ-૬ મુજબનો ત્રીજી ઢબનો જંત્ર તૈયાર થશે.

મોહનલાલ પંચોળી

યુરોપમાં સંસ્કૃત સાહિત્યનો પ્રચાર (અનુ૦ પૃ. ૧૭થી)

છે કે જે કોઇ યુરોપવાસી સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરે તે એ કથા તો વાંચી જ કાઢે. આપણી મુંબાઇ યુનિવર્સિટીમાં પણ મૅટ્રિક્યુલેશનમાં સંસ્કૃત લઇ બેસનારને એ કથા તથા સુંદરકાંડ વાંચવાની યુનિવર્સિટીએ ભલામણ કરેલી છે.

અત્યાર સુધી યુરોપને વૈદિક સાહિત્યનાં દર્શન ભાગ્યે જ થયાં હતાં. ઈ.સ.ની ૧૭મી સદીમાં બાદશાહ ઔરંગઝેબનો ભોગ થઇ પડેલા તેના વિદ્વાન ભાઇ દારાએ ફારસી ભાષામાં ઉપનિષદોનું ભાષાંતર કર્યું હતું. એનું ૧૯મી સદીની શરૂઆતમાં લૅટિનમાં ભાષાંતર થયું. ઉપનિષદોનો એ લૅટિન દેહ જોકે ઘણી ખોડો ધરાવતો હતો, તોપણ એણે યુરોપીય તત્ત્વવિદોને હિંદી તત્ત્વજ્ઞાનનો ઠીકઠીક પરચો આપ્યો હતો. આને જ લીધે જર્મન ફિલસૂફ શોપનહૉર વેદાંત પાછળ ઘેલો થયો હતો.

કૉલબ્રૂકે વેદ વિષે છપાવેલું તે આપણે જોઇ ગયા. એફ. રોઝન નામના પંડિતે ત્યાર પછી ઋગ્વેદના પહેલા અષ્ટકને પ્રસિદ્ધ કર્યો. વૈદિક ફાઇલૉલૉજીના એ જન્મદાતાએ ૧૮૪૬માં વેદ ઉપર એક નાનકડું પુસ્તક લખ્યું અને ત્યારથી વૈદિક સાહિત્યના અભ્યાસને વેગ મળ્યો.

હજુ હમણાં જ જેની હિંદે શતાબ્દી ઊજવી એ મહાનુભાવ રાજા રામમોહન રૉયે ૧૮૧૬થી૧૯ દરમ્યાન ઘણાં ઉપનિષદોના અંગ્રેજી ભાષાંતરની ખોટ પૂરી પાડી.

જર્મન પંડિત મૅક્સ મૂલરને તો કોણ નથી ઓળખતું? એની Sacred books of the East series–'પૂર્વના પુણ્યગ્રંથો'ની માળા—હિંદી સંસ્કૃતિના દરેક અભ્યાસકને સુવિદિત છે. એ જર્મન વિદ્વાનનો સંસ્કૃત તથા હિંદી સંસ્કૃતિ પ્રત્યેનો અતુલ પ્રેમ એનાં લખાણોમાં નીતરી આવે છે.

એ પંડિતના ફ્રેંચ ગુરુએ બૌદ્ધ ધર્મ વિષે એક નાનકડું પુસ્તક પ્રસિદ્ધ કરી આ અભ્યાસમાં એક નવી દિશાનું સૂચન કર્યું. બૌદ્ધ ધર્મ આજે જગતભરને કેટલો બધો આકર્ષી રહ્યો છે એ સૌ જાણે છે.

મૅક્સ મૂલરના ગુરુભાઇ તે સેંટ પીટર્સબર્ગ ડિકશનરી તરીકે વિખ્યાત ગ્રંથના કર્તા રૂડૉલ્ફ રૉથ. આ ડિકશનરી એ એક અજાયબ વસ્તુ છે. એ અતિ કિંમતી ગ્રંથની આજે એક પ્રત મેળવવી પણ મુશ્કેલ છે. આજે એની કિંમત નવસોથી હજાર રૂપિયાની છે. આ કાર્ય માટે હિંદ તેમનું સદાયનું ઋણી છે.

ઇ. ૧૮૮૨માં 'પાલી ટેક્સ્ટ સોસાઍટી' સ્થાપી ને ટી. ડબલ્યુ. રૂહાઇઝ ડેવિડ્ઝે ભગવાન બુદ્ધ અને તેમના શિક્ષણનો ખૂબ જ પ્રચાર કર્યો છે. વેલર, કિલહૉર્ન, લ્યૂડર્સ, ગ્રાસમૅન, પૉલ ડયુસન, મૅકડોનેલ, બ્હુલર, કીથ વગેરેનાં નામ પણ ભૂલાય એવાં નથી.

જર્મન પ્રોફેસર વિન્ટર્નિટ્ઝ, ફ્રેન્ચ પ્રો. સિલ્વેં લેવી, અમેરિકન પ્રો. બ્લૉમફીલ્ડ વગેરે પણ સંસ્કૃત સાહિત્યમાં ખૂબ ખેડાણ કરી રહ્યા છે.

આ તો યુરોપીય વિદ્વાનોની વાત થઇ. હિંદી પંડિતોએ પણ આ દિશામાં નામ કાઢ્યું છે. સર ભાણ્ડારકર, લોકમાન્ય તિલક, રાવબહાદુર સી. વી. વૈદ્ય, પ્રો. બેલવલકર, પ્રો. રાનડે, સર રાધાકૃષ્ણમ્, સુરેન્દ્રનાથ દાસગુપ્તા, આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ, પ્રો. આલ્ટેકર, પ્રો. રાજવાડે, પ્રો. હિરિઅણ્ણા અને બીજા અનેક હિંદીઓના પ્રયાસો થયા છે. આમાંના પહેલા બે આજે આપણી વચ્ચે નથી. બાકીના પંડિતોમાંના થોડાનાં દર્શન વડોદરામાં ડિસેમ્બર આખરમા ભરાએલી સાતમી ઓરીએન્ટલ કૉન્ફરન્સમાં થયાં હતાં. આ હયાત વિદ્વાનોની સેવાનાં મૂલ્ય ભવિષ્ય આંકશે.

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

માધુકરી



(પ્રસ્થાન)

ચઢાવ કપરો દીવાલ સરખો સીધો હોય જો,
ઊંડી અતલ ખીણ જો ઉભય પાસ મૃત્યુ તણા
કરાલ મુખ શી પદેપદ ગળી જવા ઊઘડે,
ધરી જીવન મુઠ્ઠીમાં, હૃદય હામ ને શ્રી હરિ,
બનીશ શુભયાત્રી મૃત્યુકર મિત્રભાવે ગ્રહી;
ચઢીશ ગિરિરાજ ભવ્ય ક્ષુરધારપંથે ઊંચે,
ઠરીશ કરી પ્રાપ્ત માત્ર નભચુંબી એ શૃંગને

—પૂજાલાલ

રાજા રામમોહન રૉય

ઇ. સ. ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ પછી બંગાળામાં અંગ્રેજી સત્તાના સ્થાપનાર ક્લાઇવના હાથમાં બંગાળાની સરમુખત્યારી આવી. કંપની સરકારે પોતાના હરીફ ફ્રેંચોને સદાને માટે હરાવી દીધા. હિંદનું ધણીપણું કોને હાથ જશે એ નક્કી કરવાને ભાગ્યવિધાતાએ અહમદ દુરાની અને મરાઠા સત્તા વચ્ચે યાદવા-સ્થળી મચાવી અને એમાં મરાઠાઓએ હિંદની રાજરંગભૂમિ ઉપરથી પોતાના અભિનયનો ભાગ સદાને માટે ખેંચી લીધો. દિલ્હીની મોગલ સલ્તનતના તો ટુકડા થઈ ગયા હતા. આ બધાનો લાભ વેપાર કરવા આવેલી પ્રજાને મળ્યો, અને એમની સત્તાના ભાનુનાં કિરણો હિંદના આકાશમાં ધીમેધીમે રશ્મિતેજ પ્રસારવા લાગ્યાં. આવા રાજકીય અંધકારમય વાતાવરણમાંથી બ્રિટિશ ઉષાનો ઉદય થયો.

અઢારમી સદીનાં એ છેલ્લાં વરસોમાં હિંદુસ્તાનમાં અંધકાર-યુગ ચાલતો હતો. પુરાણા સમાજની સ્થિતિ ઘણી શોચનીય હતી. દેશમાં બધે અંધાધુંધી વ્યાપી રહી હતી. સમાજનાં ચેતન ભરેલાં અંગોને પક્ષાઘાત થયો હતો. ધાર્મિક સંસ્થાઓ, શાળાઓ, ગામડાં, ખેતી, ઉદ્યોગ, વેપાર, કાયદો અને રાજ્ય-તંત્ર એ સર્વત્રમાં નાશનાં ચિહ્નો દૃષ્ટિગોચર થતાં હતાં.

ધાર્મિક જડતા અને નિષ્પ્રાણ અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય આખા દેશમાં પ્રવર્તી રહ્યું હતું. જીવદયાના હિમાયતી આ ભારતદેશમાં ધર્મને નામે નિરાધાર વિધવાઓને સતી થવાની ફરજ પાડવામાં આવતી હતી. હૃદયને કંપાવી નાખે એવી આ માનવહત્યાનો વિરોધ કરનાર અધર્મી ગણાતો. બીજી બાજુએ અંગ્રેજી ભણેલા વર્ગને આ જડ ધર્મ તરફ ઘૃણા ઉત્પન્ન થઈ હતી. કોઇ પણ પ્રકારના અંકુશ વિનાનાં જીવન સ્વચ્છંદી અને દુરાચારી બની ગયાં હતાં. દેશના આવા સામાજિક ને ધાર્મિક અધોગતિના સમયમાં, હિંદના સામાજિક નવસર્જનના પિતા અને અર્વાચીન ભારતના આદ્ય સ્રષ્ટા એવા એક મહાન નરનો જન્મ થયો. એ વીરનર તે રાજા રામમોહન રૉય. અર્વાચીન સુધારાની જે જે પ્રગતિઓ આજના સમાજમાં દૃષ્ટિ-ગોચર થાય છે તેના પાયાનું ચણતર તેમણે કર્યું છે. આધુનિક હિંદની સંસ્કૃતિમાં જે મહાન પુરુષોએ ભાગ ભજવ્યો છે તેમાં એમનું નામ પ્રથમ પદે વિરાજે છે.

જે સાલમાં હિંદનો રાજ્યવહીવટ બરોબર નિયમિત કરીને ચલાવવા માટે વિલાયતની પાર્લમેન્ટમાં 'રેગ્યુલેટિંગ ઍક્ટ' નામનો ખરડો પસાર થયો તે સાલમાં, ઇ. ૧૭૭૨માં, બ્રિટિશ રાજ્યની કૃપાની સાથે બંગાળામાં બરદ્વાન જિલ્લાના રાધા-નગર નામના ગામમાં, મે માસની ૨૨મી તારીખે એમનો જન્મ એક ધર્મચુસ્ત સનાતની બ્રાહ્મણ કુટુંબમાં થયો. તેમના પિતા શુદ્ધ સનાતની હતા. ધાર્મિક વિચારો અને વર્તનમાં તેમનું જીવન સ્થિતિચુસ્ત હતું. તેમનાં માતાનું નામ તારિણી અથવા ફુલઠકુરાણી હતું. તે પણ અતિશય ધાર્મિક હતાં અને



જીવનનાં છેવટનાં વરસોમાં જગન્નાથજીના મંદિરમાં હલકા પ્રકારની સેવાનું કાર્ય કરતા. તેમને બે પુત્ર હતા: મોટો જગમોહન અને નાનો રામમોહન.

રમાકાન્ત રૉયના પૂર્વજો મુર્શીદાબાદના મુસલમાની રાજ્યમાં સારો હોદ્દો અને માનમરતબો ભોગવતા હતા. આજે જે કિંમત અંગ્રેજી ભાષાની છે તે એ વેળા ફારસીની હતી, કેમકે અદાલતોમાં એ ભાષામાં કામ ચાલતું. આથી રમાકાન્ત રૉયે પુત્રને ફારસી અને અરબી ભાષાનું જ્ઞાન અપાવ્યું. રામમોહન નાનપણથી જ બુદ્ધિશાળી હતા, એટલે તે વખતના વિદ્યાના ધામ ગણાતા પટણા શહેરમાં તેને અભ્યાસ માટે મૂકવામાં આવ્યા. અહીં રામમોહને કુરાનનો અભ્યાસ કર્યો અને ફારસી તથા અરબી એ બન્ને ભાષાઓમાં સારી પ્રવીણતા મેળવી. ફારસી તત્ત્વજ્ઞાનની ગઝલોની તેમના ઉપર ખૂબ અસર થએલી. ત્યાર પછી ચૌદ વર્ષની ઉમરે તેમને સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે હિંદુ સંસ્કૃતિના ધામ બનારસ મોકલવામાં આવ્યા. અહીં કોઇ પંડિતને ત્યાં રહીને તેમણે સંસ્કૃત ભાષાનું પણ જ્ઞાન મેળવી લીધું. બેત્રણ વરસ પછી તે ઘેર પાછા આવ્યા. પણ હવે તે પહેલાંના રામમોહન રહ્યા નહોતા. ફારસી, અરબી, સંસ્કૃત એમ જુદી જુદી ભાષાઓનાં તત્ત્વજ્ઞાન જાણ્યા પછી તેમના વિચારોમાં ઘણું જ પરિવર્તન થઇ ગયું હતું. સ્થિતિચુસ્ત હિંદુ ધર્મની જડ અંધશ્રદ્ધા તેમનામાંથી ઊડી ગઈ. મૂર્તિપૂજા અને હિંદુ ધર્મની દુર્દશા તરફ તેમને ખૂબ અભાવ ઉત્પન્ન થયો. પિતાએ પુત્રને ધાર્મિક બનવાને બદલે અધર્મી બનેલો નિહાળ્યો. બન્ને વચ્ચે વાદવિવાદ થયા અને પરિણામે રામમોહનને ઘરમાંથી રૂખસદ મળી.

સામાજિક પુનઃરચના માટે એ વખતે દેશમાં ત્રણ સંસ્કૃતિનું તુમુલ યુદ્ધ જાગ્યું હતું. હિંદુ, મુસ્લીમ અને પશ્ચિમની ખ્રિસ્તી સંસ્કૃતિ. આ ત્રણે સંસ્કૃતિના વિસંવાદી સૂરોમાંથી જ હિંદુસ્તાનનો ઉદય થવાનો હતો, નવભારતનું સર્જન થવાનું હતું. રામમોહન રૉયે આ ત્રણે તત્ત્વોને પચાવ્યાં અને આજના હિંદની પ્રગતિનાં પગરણ તથા પ્રસ્થાન મંડાયાં.

તેમના પારણામાં એક બાજુએ શિવ અને બીજી બાજુએ વિષ્ણુ તપાસ રાખીને બેઠા હતા, (માતૃપક્ષનો શિવધર્મ હતો, પિતૃપક્ષનો ધર્મ વિષ્ણુનો હતો) છતાં બગદાદ અને બસરાની મુસ્લીમ સંસ્કૃતિએ હિંદના મદ્રેસામાં ગળાઇને નાના બાળક રામમોહનના હૃદયને ઉન્નત કરી મૂક્યું. યૂક્લિડની ભૂમિતિ, તર્કશાસ્ત્ર, ફારસી ગઝલોનું સંગીત તેમના લોહીમાં વહેવા લાગ્યાં. પ્લેટો અને ઍરિસ્ટૉટલ અરબી પોશાક પહેરીને બ્રાહ્મણ બાળકના હૃદયનાં દ્વાર ઠોકવા લાગ્યા. આમ એના એકેશ્વરવાદ અને મૂર્તિપૂજાના વિરોધની માન્યતાનાં બીજ રોપાયાં.

પોતાની સત્ય માન્યતાને ખાતર એ ગૃહત્યાગ પણ રામમોહને સ્વીકાર્યો અને જુદાજુદા ધર્મ તથા રીતરિવાજોના અભ્યાસ અર્થે તેમણે પરિભ્રમણ શરૂ કર્યું. ફરતાફરતા તે તિબેટ પહોંચ્યા. બૌદ્ધ ધર્મનાં સત્યો તેમને સરળ લાગ્યાં, પણ બૌદ્ધોના સ્થિતિચુસ્ત ધર્મગુરુ લામા ઉપર તેમણે ટીકા કરી. આથી ત્યાંના બૌદ્ધોનો કોપ તેમના ઉપર ઊતર્યો, અને પરિણામે તેમનું ખૂન થવાની તૈયારી હતી એવામાં કેટલીક સ્ત્રીઓને એ વાતની ખબર પડતાં તેમણે રામમોહનને નાસી જવાની સગવડ કરી આપી. રામમોહન રૉય એ પ્રસંગ જિંદગી સુધી ભૂલ્યા નહિ. સ્ત્રીજાતિ તરફનો તેમનો પક્ષપાત એ પ્રસંગથી ખૂબ વધી ગયો અને હિંદમાં સ્ત્રીઓની દુર્દશા જોઇને તેમણે એ જાતિના ઉદ્ધાર અર્થે પોતાનું જીવન અર્પવાનો નિરધાર કર્યો. અત્યંત મહેનતને પરિણામે આ મહાન નરનો એ નિશ્ચય સફળ પણ થયો ને બુદ્ધિહીન નરપિશાચોએ ધર્મને નામે દાખલ કરેલી માનવહત્યાનો સદાને માટે અંત આવ્યો.

રામમોહનમાં હવે જરૂર પરિવર્તન થયું હશે એમ માનીને પિતાએ તેમની શોધ કરાવી તેમને બોલાવી લીધા. પરંતુ હવે તો તેમના વિચારોમાં ફેરફાર થવો અશક્ય હતો. જે વિચારોનો તેમણે બુદ્ધિપૂર્વક સ્વીકાર કર્યો હતો તેમાંથી તેમને ડગાવવાની કોઇનામાં શક્તિ નહોતી. આથી ફરીથી રામમોહનને ઘર બહાર નીકળવું પડ્યું. પણ મહાપુરુષો વિઘ્નોથી કદી ડરતા નથી. તેમણે રસ્તાના ભિખારી થવાનું ખુશીથી કબૂલ્યું, પણ નિષ્પ્રાણ ધર્મમાં પોતાની આસ્થા મૂકવાની તો સાફ ના પાડી.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીના રેવન્યુ કલેક્ટરની ઑફિસમાં ઈ. ૧૭૯૬માં કારકુન તરીકે તેમણે નોકરીની શરૂઆત કરી. અહીં તેમને અંગ્રેજીના અભ્યાસનો શોખ થયો, અને એ. બી. સી. થી શરૂ કરીને ચઢતાંચઢતાં ટૂંક વખતમાં તો અંગ્રેજ અધિકારીઓ મારફત તેમણે લૉક, હ્યૂમ, ગિબન વગેરે મહાન લેખકોનો અભ્યાસ કરી લીધો. નોકરીમાં પણ તે પોતાની વિદ્વતા ને બુદ્ધિમત્તાથી છેક શિરસ્તેદારના હોદ્દા સુધી પહોંચ્યા.

ઈ. સ. ૧૮૦૫માં રામગઢના કલેક્ટર જૉન ડગ્બી સાહેબના શિરસ્તેદારની જગ્યાનો તેમણે સ્વીકાર કર્યો. પણ તે એવી શરતે કે પોતાને સામાન્ય નોકર ગણવા નહિ, તેમજ મળવા જાય ત્યારે ખુરશી આપવી. ડગ્બી સાહેબ વિદ્વાનોનો સારો સત્કાર કરતા. રામમોહનની વિદ્વતાની તેમના પર સારી અસર પડી. તેણે આ વિદ્વાન પાસે રહીને ધર્મોનો અભ્યાસ કર્યો અને તેમનું પૂરતું માન જાળવ્યું. ઉદરપોષણને માટે સ્વમાનનો ભંગ થવા દેનારાની કોઇ પણ જમાનામાં ખોટ નથી હોતી. પણ રામમોહન તો વિરલ પુરુષ હતા. એમને યશ અને સ્વમાન એ જ મુખ્ય ધન હતું. છતાં આર્થિક સ્થિતિ પણ તેમની ઘણી સારી હતી. ઈ. સ. ૧૮૦૩માં એમના પિતા ગુજરી ગયા પછી એમની બધી મિલકતનો વારસો મોટા પુત્ર જગમોહન રૉયને મળ્યો હતો. પરંતુ ઈ. ૧૮૧૧માં તે પણ ગુજરી ગયા અને પિતાની બધી મિલકત રામમોહન રૉયને મળી. કેટલાંક વર્ષ સુધી ન્યાયાધીશ તરીકે પણ તેમણે કાર્ય કર્યું હતું. પણ અંતે, ધર્મવિચારના પોતાના ધ્યેયમાં આ નોકરી અને

જગતની ખટપટ અંતરાય રૂપ છે એમ તેમને લાગવા માંડ્યું અને ઈ. સ. ૧૮૧૪ માં તેમણે સરકારી નોકરીનો ત્યાગ કર્યો. આ જ સાલમાં કલકત્તામાં તેમણે ધર્મ ઉપર સ્વતંત્ર વિવેચના કરવા સારૂ તથા નીડર ધર્મવિચારોનો ફેલાવો કરવા માટે 'આત્મીય સભા' સ્થાપી ત્યાર પછી બ્રાહ્મનિકલ મૅગેઝીન નામનું માસિક પત્ર અને યુનિટેરિયન છાપખાનું કાઢ્યાં.

આ પછી કેટલોક સમય તેમણે જુદાજુદા ધર્મોનાં પુસ્તકોના અભ્યાસ પાછળ ગાળ્યો. સત્ય ધર્મનું પાલન અને સત્ય ધર્મયુક્ત આચરણનો ઉપદેશ તેમને બધા જ ધર્મોમાં દેખાયો અને એકેશ્વરવાદમાં તેમની માન્યતા દૃઢ થઇ. હિંદુઓનાં જ્ઞાતિ-બંધારણ તોડી નાખીને તેમનામાં સંપ, શાન્તિ, સત્તા, શૌર્ય અને શક્તિ લાવે એવો ધર્મ સ્થાપવાની તેમને મહત્ત્વાકાંક્ષા હતી, અને તે પાર પાડવા ઇ. સ. ૧૮૨૮ માં તેમણે બ્રહ્મો-સમાજની સ્થાપના કરી. ઉપનિષદો તથા વેદાંતનાં પુસ્તકોનાં અંગ્રેજી ભાષાંતરો તેમણે પ્રસિદ્ધ કર્યાં જૂના વિચારના પંડિતોએ તેમના આ કૃત્યને પાપી ગણ્યું અને તેમના ઉપર નિંદાનો વરસાદ વરસાવ્યો. પણ રામમોહન રૉયને તો જે સત્ય લાગે તેનો પ્રચાર કરવા માટે નિંદા કે અપમાનની પરવા નહોતી. ખ્રિસ્તી ધર્મનાં નીતિસૂત્રો તે વખાણતા, પરંતુ બુદ્ધિને અગમ્ય એવા ચમત્કારો અને ખ્રિસ્તી ધર્મના ત્રયવાદનું તેમણે ખંડન કર્યું હિંદુ ધર્મને જંગલી કહેનારા ખ્રિસ્તીઓ તેમના આ વર્તન-થી ઉશ્કેરાયા અને વાદવિવાદ કરવા લાગ્યા, પરંતુ રામમોહન રૉયે શાંતિથી બધા પ્રશ્નોના જવાબ આપી હિંદુ ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરી આપી. ખ્રિસ્તીઓ ચૂપ થઇ ગયા એટલું જ નહિ પણ તેમાંના કેટલાકે તો એમના મતનો સ્વીકાર કર્યો!

લોકસુધારણા માટે અંગ્રેજી શિક્ષણની આવશ્યકતા જોનાર પણ રામમોહન રૉય જ સૌથી પહેલા હતા. સંસ્કૃત વિદ્યાલય સ્થાપવાના સરકારના વિચારની વિરુદ્ધ તેમણે અંગ્રેજી શિક્ષણ-ની યોજના રજૂ કરી અને સતત પ્રયત્નો કરીને પોતાની યોજના તેમણે પાર પાડી. પશ્ચિમની વ્યવહારકુશળતા અને હિંદના તત્ત્વજ્ઞાનનો સંયોગ જોવાની તેમની ઉત્કટ ઇચ્છા હતી. હિંદીઓએ જીવનમાં હિંદી જ રહેવું જોઇએ એવો તેમનો ઉપ-દેશ હતો. પશ્ચિમનું જે કંઇ સારૂં હોય તેને હિંદી સ્વરૂપ આપીને તેનો સ્વીકાર કરવાનું તે કહેતા. આમ અંગ્રેજી કેળવ-ણીનાં દ્વાર તેમણે ખોલ્યાં. એમણે વાવેલાં કેળવણીનાં બીજ-માંથી જ રાષ્ટ્રીયતા અને સ્વદેશીનો જન્મ થયો.

છાપખાનાની અને વર્તમાનપત્રોની શરૂઆત પણ તેમણે જ કરી. બંગાળી સાહિત્યમાં ગદ્યલેખન શરૂઆત કરવાનો જશ પણ તેમનો છે. વિદ્વત્તાભરેલી ભાષામાં લખવું ત્યજી દઇને સાદી, સરલ અને લોકો સમજી શકે તેવી ભાષામાં લખવાનું તેમણે શરૂ કર્યું હતું. રાષ્ટ્રીય સાહિત્યનો તેમણે પુનરુદ્ધાર કર્યો તથા વ્યાકરણ અને ભૂગોળનાં પુસ્તકો પણ લખ્યાં.

૧૮૩૫માં જ્યારે છાપખાનાની સ્વતંત્રતા છીનવી લેવા 'પ્રેસ ઍક્ટ' પસાર થયો ત્યારે તેઓ તે સામે સુપ્રીમ કોર્ટ સુધી લડ્યા અને છેક પાર્લમેન્ટ તથા રાજાઓ સુધી અપીલો કરી તેમાં ઉદાર ફેરફારો કરાવ્યા. છાપાંઓમાં તેમણે ફક્ત વિવેચન કર્યાં છે એટલું જ નહિ, પણ દેશના નાગરિકોને જ્ઞાન અને ગમ્મત પૂરાં પાડ્યાં છે. તેઓ 'કૌમુદી' અને 'મીરત-ઉલ-અખબાર' નામનાં પત્રો પણ ચલાવતા હતા.

રામમોહન રૉયનું ત્રીજું મહાન કાર્ય તે ધર્મને નામે થતી માનવહત્યા અટકાવવાનું હતું. એ વખતે સ્ત્રીના મરજી વિરુદ્ધ તેને પતીના પાછળ ચિતામાં બાળી મૂકવામાં હતભાગી હિંદુઓ ધાર્મિક ક્રિયા જોતા હતા. અગ્નિથી દાઝતાં ચિતામાંથી બહાર દોડી આવતી સ્ત્રીઓને વાંસડાથી અંદર ધકેલી દેનારા એ ધાર્મિકોની સામે બંડ ઉઠાવીને રામમોહન રૉયે તેમના તર-ફથી નાસ્તિકનો ખિતાબ મેળવ્યો, એટલુંજ નહિ પણ ગાળો તથા અપમાન પણ સ્વીકાર્યાં. ભલે તેમ થાઓ, પણ આ જંગલી કૃત્યથી હિંદુ સમાજને મુક્ત કરવો જ જોઇએ, વિધવા-ઓનાં અશ્રુ અને લોહીથી પતિત થએલા સમાજની શુદ્ધિ કરવામાં હવે વિલંબ ન કરવો જોઇએ એમ રામમોહન રૉયનો અંતરાત્મા પોકારી ઉઠ્યો. આખા સમાજની વિરુદ્ધ એ નરવીર એકલે હાથે ઝઝૂમ્યો. વિરોધીઓએ આપેલી ખૂનની ધમકીથી ડરી જઇને ડગલું પાછું ભરે એવા તે નહોતા. સત્યને ખાતર માતપિતાનો ખોફ વહોરી લઇને રસ્તાના ભિખારી થવામાં પણ જેને આનંદ થતો તે રામમોહન રૉય આવા જગદુપ-કારક કાર્યમાંથી પ્રાણ બચાવવા માટે પાછા હઠે એ કેમ બને? શાસ્ત્રોનો આધાર આપીને તેમણે સતીના રિવાજને ખૂની રિવાજ તરીકે ધુત્કારી કાઢ્યો, એ સંબંધી લખાણો લખીને છપાવ્યાં, તે વખતના ગવર્નર જનરલ લૉર્ડ બેન્ટિક આગળ એ સત્યો રજુ કર્યાં અને એ ભલા અંગ્રેજની મદદથી તેમણે આ જબરદસ્ત હીલચાલ પૂર જોસથી ઉપાડી. સતી થવાનું બંધ કરાવવાથી હિંદુ ધર્મને કંઇ જ નુકસાન નથી એવું સાબિ-ત કરી આપનાર કોઇ હિંદુની જ લૉર્ડ વિલિયમ બેન્ટિકને મદદ જોઇતી હતી. રામમોહન રૉયે એ મદદ જીવને જોખમે આપી અને સતીની બંધીનો કાયદો પસાર કરાવ્યો ધર્મના સ્તંભ ગનાતા હિંદુઓને ધર્મનું નિકંદન નીકળતું લાગ્યું. સભાઓ ભરીને એક મોટી અરજી ગવર્નર જનરલ ઉપર મોકલવામાં આવી. અત્યારે જેમ અંત્યજોના હક્કો તથા મંદિરપ્રવેશની સામે સનાતનીઓ પોકાર ઉઠાવી રહ્યા છે તેથી પણ જબરદસ્ત ઉહાપોહ એ વખતના સનાતનીઓએ કર્યો. પરંતુ આ અડગ, ખંતીલા ને વીર નરના પ્રયત્નો આગળ તેમનું કાંઇ ચાલ્યું નહિ.

વિરોધીઓના પ્રયત્નો નિષ્ફળ ગયા. હિંદુઓ એ વખતે તો પોતાના સત્ય ધર્મના રક્ષણહાર રામમોહન રૉયને ન ઓળખી શક્યા; પણ હિંદુ ધર્મને લજવનારા આ કલંકને નાબૂદ કરીને તેમજ લાખો સ્ત્રીઓના પ્રાણનું રક્ષણ કરીને તેમના આશીર્વાદ મેળવનાર યુગપુરુષ રામમોહનનું નામ આજે તો હિંદના

ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયું છે.

સતીના કાયદા વિરુદ્ધ લોકોનો ખળભળાટ હજી ચાલુ જ હતો, અને કદાચ પાર્લમેન્ટમાં એ કાયદો રદ થાય એવો સંભવ હતો. આ માટે રામમોહન રૉયને વિલાયત જવાનો વિચાર હતો. એવામાં દિલ્હીના બાદશાહને કંપની સાથે તકરાર થતાં તેણે પાર્લમેન્ટમાં પોતાના હક્કોનું પ્રતિપાદન કરવા માટે રાજાનો ખિતાબ આપીને ઈ.સ. ૧૮૩૦માં તેમને વિલાયત મોકલ્યા. ત્યાં રામમોહન રૉયના મનોરથો સફળ થયા અને ઇ.સ. ૧૮૩૩માં સતીનો નિર્દય રિવાજ હમેશને માટે બંધ કરવામાં આવ્યો. આ જ વખતે કંપનીને નવી સનદ મળી અને તેમાં હિંદીઓને પણ નવા હક્કો મળ્યા.

મ્લેચ્છોના દેશમાં જનાર એ હિંદુનો સર્વત્ર તિરસ્કાર થઇ રહ્યો. જૂના વિચારના બ્રાહ્મણોએ તેમને અનેક શાપ આપ્યા. પોતાના દેશમાં રામમોહન રૉયનો આવી રીતે તિરસ્કાર થઇ રહ્યો હતો ત્યારે વિલાયતમાં આ હિંદુ પંડિતને જોવા અને સાંભળવા માટે લોકોની ઠઠ જામતી હતી! દરેક પંથના લોકોને એમનાં વચનામૃતોથી સંતોષ થતો. ઇંગ્લંડનો રાજા સુદ્ધાં તેમને આમંત્રણ આપતો. પાર્લમેન્ટના લિબરલ અને કૉન્ઝરવેટિવ પક્ષોના આગેવાનો સાથે તેમને સારો સંબંધ હતો. દરેક સ્થળે એમનું વજન પડતું. છતાં એ વજનનો ઉપયોગ એમણે પોતાના સ્વાર્થ માટે કદી કર્યો નથી.

પણ લંડનનો આ બધો શ્રમ જીવલેણ નીવડ્યો અને ઇ.સ. ૧૮૩૩ના સપ્ટેમ્બર માસની ૨૭મી તારીખે બ્રિસ્ટલમાં આ નરરત્નનું અવસાન થયું. આ સમાચાર સાંભળીને લોકોમાં શોક વિસ્તરી રહ્યો. ઇંગ્લંડમાં ભિન્નભિન્ન દેવળોમાં એમને માટે પ્રાર્થના કરવામાં આવી. વર્તમાનપત્રોએ દુ:ખદર્શક લેખો પ્રસિદ્ધ કર્યા. વિદેશમાં એમની આવી પ્રતિષ્ઠા હતી, ત્યારે એમના અવસાનથી આ રંક દેશને કેટલો ગેરલાભ થયો છે તેનું આપણને ભાન પણ નહોતું!

'જો મારું મરણ થાય તો મારો મરણસંસ્કાર ખ્રિસ્તી વિધિ પ્રમાણે ન કરતાં એક સ્વતંત્ર સ્થાન લઈ ત્યાં મારો અંત્યવિધિ કરવો' એમ તેમણે મિત્રોને કહી રાખ્યું હતું. તેમની ઈચ્છા મુજબ એ વિધિ કરવામાં આવ્યો. તેમના મિત્ર બાબુ દ્વારકાનાથ ઠાકુરે વિલાયત જઇને આર્નોઝવેલ નામના સ્થળે એમના શબને ભૂમિદાહ કરી તેના ઉપર એક સુંદર સમાધિમંદિર બંધાવ્યું.

મહર્ષિ રાનડેએ રાજાની ૬૩મી સંવત્સરી ઉપર કહેલાં વચનો ટાંકી આપણે એ મહાન જીવનનું અધ્યયન સમાપ્ત કરીશું: 'સંસારયાત્રામાં નીકળેલા લાખો મનુષ્યોમાંથી ઉદ્દિષ્ટ સ્થળે પહોંચનારાઓની સંખ્યા કેટલી અલ્પ હોય છે! માર્ગમાં દુ:ખના અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે અને અનેક તેમાં જ ગૂંથાઇ જાય છે. રામમોહન એ દુ:ખ અને મોહની સ્થિતિથી પર હતા. એમનામાં શ્રદ્ધા, સત્યશીલતા, દિવ્ય દૃષ્ટિ, ભવ્ય કલ્પના અને આકર્ષક શક્તિ એ ગુણો હતા. તેમાંથી જ એમને મહત્તા પ્રાપ્ત થઇ હતી. એવા મહાપુરુષની પુણ્યતિથિનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવું એ આપણું કર્તવ્ય છે.'

ગયા સપ્ટેમ્બર માસમાં એમના અવસાનને એક સૈકો પૂરો થયો. એ પ્રસંગે હિંદમાં અને મુખ્યત્વે બંગાળામાં એમની શતાબ્દી ઠેરઠેર ઉજવાઈ.

('પ્રસ્થાન' તથા 'અભ્યાસગૃહ પત્રિકા' ઉપરથી તારવીને)

ભાવિ યુદ્ધ

હવે પછી પશ્ચિમની સુધરેલી ગણાતી પ્રજાઓ વચ્ચે યુદ્ધ જાગશે તો તેમાં મોટે ભાગે રસાયણો, ઝેરી વાયુ તથા વીજળીનાં કિરણોનો જ ઉપયોગ થશે. તાત્કાલિક મૃત્યુ કેમ રીતે થાય તેવાં સાધનો દિનપ્રતિદિન શોધાતાં જ જાય છે. એ યુદ્ધમાં લશ્કરની જ નહિ, પણ આમ જનતાની પણ સામુદાયિક કતલ થવાની, અને તેમાંથી સ્ત્રીઓ કે બાળકો કોઇ પણ બચવા નહિ પામે. મોખરે જનારો તો રણમાં જ રોળાશે; અને નહિ જનારા બચશે કે નહિ તેની કંઇ ખાતરી નહિ.

વિમાનો દ્વારા જ ક્રૂર ચઢાઇઓ થશે. વહેલો એ પહેલો. પહેલો ઘા કરનાર વધુ ફાવશે હમણાં જ લંડન શહેર પર પ્રયોગ ખાતર ૨૫૦ વિમાન ઉડાડવામાં આવ્યાં હતાં. તેમાંથી, સર્ચ લાઈટની મદદથી જમીન ઉપરથી તો માત્ર સોળ જ દેખી શકાતાં હતાં. અને ધારો કે જમીન ઉપરના દારૂગોળાથી એ સોળેને નીચે તોડી પાડે, તો યે બાકીનાં ૨૩૪ તો ઉપર હતાં, કે જે ધારે તો બૉમ્બનો વરસાદ વરસાવી ખેદાનમેદાન કરી શકે.

વૈજ્ઞાનિકોએ નવી જાતના બૉમ્બ શોધ્યા છે જેમાં ઝેરી વાયુ, તુરત આગ લગાડે તેવા પદાર્થો તથા ભયંકર રોગના જંતુઓ હોય. આવા બૉમ્બથી હજારો માણસોનો પલવારમાં નાશ થઇ જાય. વળી 'ડેથ ડ્યુ' (death dew) નામના બૉમ્બ તો એવા છે કે જે લંડનનાં મોટામાં મોટાં મકાનોનો ક્ષણવારમાં ચૂરેચૂરો કરી નાખે.

તેવી જ રીતે બે ઝેરી વાયુ શોધાયા છે: એકનું નામ 'ગ્રીન ક્રૉસ' અને બીજાનું નામ 'યલો ક્રૉસ.' ગ્રીન ક્રૉસ વાયુ એવો છે કે જેનાથી માણસ જમીન ઉપર હોવા છતાં પાણીમાં ડૂબનાર માણસની જેમ ગૂંગળાઇને રીબાઈરીબાઇને મરે; અને યલો ક્રૉસ વાયુથી શરીરમાં લોહીનો વિકાર થઈ આખા શરીરે ચાંદાં પડી જાય, તથા માણસને જાણે સર્પદંશ થયાનાં ચિહ્નો જણાય. આવા તો બીજા સંખ્યાબંધ બુરા વાયુ છે કે જેનાથી તાત્કાલિક મૃત્યુ નીપજે. આમાંના ઘણા તો "ગ્રીન ક્રૉસ"ની માફક અદૃશ્ય રહે છે. શરૂઆતમાં આ ઝેરી વાયુની અસર એકદમ માલૂમ નથી પડતી અને ખબર પડે છે ત્યારે તો શરીરના તમામ અવયવો ઉપર એવી ભયંકર અસર થઇ ચૂકી હોય છે કે પછી તેમાંથી ઊગરવું અશક્ય થઇ પડે છે. વળી એક ઝેરી વાયુ ખાસ વિમાનીઓ સામે વાપરવા શોધાયો છે. એ ઝેરી વાયુ ઘણે ઊંચે જઇ શકે છે, એટલે ઊંચામાં ઊંચે ઊડનાર

વિમાની પણ સપાટામાં આવી જાય. એ વાયુ શ્વાસોચ્છ્વાસમાં આવ્યા બાદ અમુક વખતે વિમાનીને આંધળોભીંત કરી મૂકે છે. શરૂશરૂમાં તો વિમાની પોતાનું વિમાન આગળ ધપાવ્યે જાય છે, પરંતુ એકાએક તેની આંખ આગળ ભયંકર અંધકારનો કાળો પડદો પડે છે. બસ, ખલાસ! વિમાની અને વિમાન બન્ને કડડભુસ કરતાં હેઠે! એવી ગણત્રી કરવામાં આવી છે કે ૧૦૦ વિમાન દરેક એકએક ટન ઝેરી વાયુ લાવે અને પારીસ ઉપર નાખે તો આખા શહેરને દશોદિશ ઘેરાં વાદળાંથી ઘેરી લે અને પવન સૂસવાટ ન મારતો હોય તથા મંદ હોય તો આખું પારીસ શહેર એક કલાકમાં ખલાસ થઇ જાય!

અધૂરામાં પૂરા વળી વીજળીના બૉમ્બ (electric bombs) શોધાયા છે. તેનું વજન લગભગ બરોબર જેટલું હોય છે અને અંદર તરત આગ લાગે તેવા પદાર્થો ભરવામાં આવે છે. આ બૉમ્બ જરાક અથડાયો કે તરત જ ૩૦૦૦ ડિગ્રીની ગરમીવાળી આગ ફાટી નીકળે છે અને તેમાં જે આવ્યું તેને તે ભસ્મીભૂત કરી નાખે છે. એ આગ બૂઝવવા પાણી નાખે તો તો બળતાંમાં ઘી નાખ્યા જેવું થાય. એ આગ કેવી રીતે બુઝાવવી તે હજુ નથી શોધાયું. આવા ગોળા નાખવાનું એક પ્રયોજન એ છે કે શહેરના સરિયામ રસ્તા ઉપર એ નાખી ગૅસની નળીઓ દ્વારા આખા શહેરને આગ લગાડવી અને સાથેસાથે ઉપરથી વિમાન દ્વારા ઝેરી વાયુના બૉમ્બનો વરસાદ વરસાવવો કે જેથી ખેદાનમેદાન કરવામાં કંઇ બાકી ન રહે! આવા યુદ્ધમાં મોખરે ગએલો શું કે ઘેર બેઠેલો શું, સૌ-કોઈ ઝપાટામાં આવી જવાનું. નિશાળેથી ઘેર આવતાં નિર્દોષ બાળકો પણ અજાણપણે એ વાયુના ભોગ થઇ પડવાના; અથવા તો આખું ગામ રાત્રે જ્યારે નિદ્રાદેવીને શરણે હોય ત્યારે તેના પર ઝેરી વાયુનું વાદળ ફરી વળે અને સૌ એ નિદ્રાવસ્થામાં જ રામશરણ થઈ જાય. એટલેથી જ ન અટકતાં પીવાનાં પાણી, ઢોરઢાંખર કે વનસ્પતિનો પણ નાશ કરવાનું કોઇ ચૂકશે નહિ.

આવાં યુદ્ધ કરનાર દેશમાંથી કોઇ બચે તો તે નસીબદાર જ ગણાય. પરંતુ આવી લડાઇઓનું ખર્ચ એટલું બધું થાય કે બચનાર આર્થિક રીતે તદ્દન પાયમાલ થઇ ગએલ હોય અને તેના દેશમાં પશુ કે વનસ્પતિ કંઇ જ ન હોય. (અંગ્રેજી ઉપરથી)

રશિયામાં નવો જલમાર્ગ

સુએઝ અને પનામા જેવા જે પ્રચંડ જલમાર્ગો માનવ કારીગરીએ યોજ્યા છે તેમાં હમણાં રશિયાએ એક નાદર ઉમેરો કર્યો છે. બાલ્ટિક સમુદ્ર અને શ્વેત સમુદ્રને જોડતી એ નવી નહેર ૧૪૧ માઈલ લાંબી છે અને, ઇમારતી લાકડાંનાં વન, તેલના કૂવા તથા અનાજનાં ખેતરોથી ભરપૂર લચી પડતો જે પ્રદેશ આજ સુધી અલગ પડેલો હતો તેની સંપૂર્ણ ખીલવટ કરે તથા લાભ મળે તેવી રીતે એ આવેલી છે. પહેલાં આ પ્રદેશમાં પહોંચતાં નૉર્વે અને સ્વીડનની આસપાસ ૨૨૦૦ માઇલનો ચક્રાવો તથા સત્તર દિવસ લાગતા, તેને બદલે હવે ૧૪૧ માઈલની એ નહેરમાં છ દિવસની જ સફર લાગે છે. એ સુએઝની નહેર કરતાં ઓગણચાળીસ માઇલ અને પનામા કરતાં નેવું માઇલ લાંબી છે. મોટે ભાગે જેલના કેદીઓની મજૂરી વડે જ એ પ્રચંડ કાર્ય બે વરસમાં પૂરૂં કરવામાં આવ્યું છે અને તેની યોજના બીજા કોઈ પણ દેશના ઈજનેરોની સહાય લીધા વિના માત્ર રશિયન ઇજનેરોની પ્રતિભાએ જ પાર ઉતારી છે. (ટ્રેઝર ચેસ્ટ)

જ્વાળામુખીની શક્તિનો ઉપયોગ

ઇટાલીમાં નાનામોટા જ્વાળામુખીઓ ઘણા છે. ત્યાંના સરમુખત્યાર મુસૉલિનીએ પોતાના ઇજનેરોને એ જ્વાળામુખીઓમાંથી જોશભેર નીકળતા વાયુઓને નાથીને તેમની શક્તિઓ કામમાં લેવાના માર્ગ શોધવાને કામે લગાડ્યા છે. એમ કહેવાય છે કે આ વાયુઓમાંથી મેળવેલી શક્તિ વડે આખા દેશની રેલવે ટ્રેઇનો ચલાવી શકાશે. લાર્ડેરેલ્લો અને ટૅરેઝાનો પાસે આવેલો એક ગરમ પાણીનો ફુવારો (ગાઇઝર)જ માત્ર એવડો મોટો છે કે જે એકલો વીસ હજાર કીલોવૉટની ચાલુ વીજળિક શક્તિ આપનારો પ્લાન્ટ ચલાવી શકે! (ટ્રેઝર ચેસ્ટ)

કચરામાંથી બળતણ

ઘર અને રસ્તાનો જે કચરોપૂંજો, નકામા કાગળો વગેરે આપણે ઉકરડે ફેંકી દઇએ છીએ તેમાંથી સારૂં બળતણ બનાવવાની યુક્તિ શોધાઇ છે. પહેલાં તો બધા કચરાને જંતુનાશક દવાઓ વડે છંટકારવામાં આવે છે. પછી તેને સંચા વડે પીલીને આટા જેવો કરી નાખી તેમાં કોલસાની ભૂકી મેળવે છે. ત્યાર બાદ થોડો ડામર અથવા આસ્ફાલ્ટ ભેળવીને એ બધા મિશ્રણને દબાવીને ઇંટો જેવા ગઠ્ઠા બનાવી સૂકવી દેવામાં આવે છે. આ બળતણ જરા પણ વાસ વિના બળે છે અને ઓછામાં ઓછો ધુમાડો કાઢે છે. (ટ્રેઝર ચેસ્ટ)

બદલાતો રંગ

કાકીડો જે જે સ્થળ તથા વાતાવરણમાં હોય તેને અનુકૂળ લીલા, પીળા, તપખીરીઆ વગેરે ધાર્યા રંગો પોતાની ચામડી ઉપર લાવી શકે છે એ જાણીતી વાત છે. હમણાં કોઇએ એવું મિશ્રણ શોધી કાઢ્યું છે કે જે ગરમી કે ઠંડી પ્રમાણે પોતાના રંગ ફેરવે છે. ગરમ પાણીના નળ તથા વાસણો અને ગરમ ધાતુઓ ઉપર આ રંગ લગાડવામાં આવતાં અંદરની ગરમીની ડિગ્રીના પ્રમાણમાં તેમાં ફેરફાર થાય છે. સામાન્ય વાતાવરણની ચાલુ ગરમીથી તે ૧૩૦ ડિગ્રી સુધી તેનો રંગ ચમકદાર લાલ રહે છે; પછીથી તે ઘેરો થઇને કાળાશ પકડવા માંડે છે અને ઉકળતા પાણીની ગરમીએ પહોંચતાં તદ્દન કાળો બની જાય છે. ફરી પાછી એ જ વસ્તુ ઠંડી પડતાં એ રંગ પલટાઇને અસલનો લાલ રંગ પકડી લે છે! (ટ્રેઝર ચેસ્ટ)

મૅલેરિયાથી કેમ બચવું

દર વર્ષે આપણા દેશમાં લાખો મનુષ્યો મૅલેરિયાથી મરણ

પામે છે. મોટામાં મોટું મૅલેરિયાનું મરણપ્રમાણ બંગાળાનું છે. વૈદક ખાતાના સત્તાવાળાઓ મૅલેરિયાને મારી હઠાવવા સેંકડો પ્રયોગો કરી રહ્યા છે તોપણ એ જીવલેણ, દુર્જય વ્યાધિ આપણા દેશને હજુ છોડતો નથી. ક્વિનાઇન તેનો, અત્યારે તો, અસરકારક ઉપાય મનાય છે; પરંતુ ક્વિનાઇનના બળે મૅલેરિયાના જંતુનું વિષ માત્ર અમૂક જ સમય દબાઇ રહે છે. ફરી પાછા મૅલેરિયાના હુમલા થવાના દાખલા આપણે પોતે જ અનુભવ્યા હશે. મૅલેરિયા તાવનાં કારણો અને તેનાં સ્વરૂપો વિષે વળી બીજી વાર વાત કરીશું: આજ તો તેના માટે સાદો અને સર્વમાન્ય ઉપચાર કયો છે તે જોઇએ.

આમ્લ ફળ વર્ગમાં લીંબુ એક એવું ફળ છે કે જેના ઉપયોગથી અનેક દર્દોમાંથી મુક્ત થઇ શકાય છે. લીંબુની ખટાશનું પાચન થયા પછી તેનું રૂપાંતર આલ્કેલાઇનમાં થાય છે. આપણું લોહી શુદ્ધ આલ્કેલાઈન તત્ત્વનું બનેલું છે. પાચન થએલું લીંબુ આપણા લોહીમાં ભળી તેમાં રહેલા વિજાતીય દ્રવ્યનો નાશ કરે છે; અને મૅલેરિયાના જંતુનું પોષણ એ વિજાતીય દ્રવ્યથી થતું હોવાથી એ વિજાતીય દ્રવ્યની શુદ્ધિ થતાં મૅલેરિયાના જંતુ આપણા સ્વાસ્થ્યને કશી હાની પહોંચાડી શકતા નથી. શુદ્ધ લોહીમા તેમનો નાશ થાય છે.

આથી સિદ્ધ થાય છે કે લીંબુ મૅલેરિયાના અટકાવમાં તેમજ હુમલા પછી ઉપચાર તરીકે ઘણી અસરકારક વસ્તુ છે. મૅલેરિયાના અટકાવ માટે દરરોજ સવારે ભૂખ્યે પેટ એક પ્યાલા ગરમ પાણીમાં એક લીંબુ નીચોવીને પીવું. મૅલેરિયા લાગુ પડ્યા પછી પણ ચાર કલાકને અંતરે અરધા પ્યાલામાં અરધા લીંબુનો રસ નાખી દર્દીને આપવો. આથી મૅલેરિયા અવશ્ય જતો રહે છે. આ પ્રયોગ મારો અનુભવસિદ્ધ છે અને નૈસર્ગિક ઉપચારકોનો તેને ટેકો છે. —પ્રભુલાલ જ.

ચંદન વૃક્ષ

જૂનાગઢ પાસે સરસાઈ મહાલમાં વાઝડી નામે ગામ છે. ત્યાંથી ગાઉ-પોણો ગાઉ જૂનાગઢ તાબાનું પીપળી નામે ગામડું છે. ત્યાં શંકરભક્ત એક મહંતની જગ્યા છે. જગ્યામાં એક સારો બગીચો છે. એ બગીચામાં ત્રીસથી ચાળીસ ચંદનવૃક્ષો છે. હું તો હજી તે જોવા જઇ શક્યો નથી, પણ અહીંથી એક ભાઇ ગયા હતા તે એ સુખડના ઝાડની ડાળી, તેનાં ફળ અને સુખડનો ઠીક મોટો કકડો લાવ્યા હતા; એ મેં જોયાં.

આઘેથી એ ઝાડ લીલા દેશી બાવળના જેવું લાગે છે. ઝાડને સોટા નીકળે છે અને તેને છેડે, લીમડાને હોય છે એવો, ડાળીવાળો પાંદડાંનો ગુચ્છ હોય છે. પાન પણ લીમડાનાં હોય છે તેમ ગોઠવાએલાં ને લગભગ તેવા આકારનાં; પણ પાતળાં ને કરકરિયાં વગરનાં.

ચંદન વૃક્ષનાં ફળ ઝીણી કટબંદી હોય છે તેવાં. કાચાં હોય છે ત્યારે લીલાં ને પાકે ત્યારે જાંબુ જેવાં કાળાં પડે છે. એમાંનો ઠળિયો ચણિબોરમાં હોય છે એવો ગોળ, પણ લીસો:-કરકરિયાળો નહિ. પાંદડાં કે ફળમાં ખાસ સુવાસ હોતી નથી, પણ પાંદડું ચોળી નાખીએ કે ફળની છાલ ઉતારીએ ત્યારે એક પ્રકારનો, લીલી વનસ્પતિનો હોય છે તેવો, ગંધ આવે. તેમ ઝાડનાં પણ પોતાની ખાસ ફોરમ હોતી નથી.

કહે છે કે એના રોપ થતા નથી કે ડાળ કે કલમ વવાતી નથી; અને ઠળિયો વાવીએ તે પણ અનુકૂળ હવાપાણી વગર પાંગરતો નથી. જે વૃક્ષો ઊગે છે તે એમની મેળે ઊગે છે. એમ કહેવાય છે કે એ ફળ પંખીઓ ખાય છે તેની હગાર અથવા ચરક જ્યાં પડે છે ત્યાં એ ઊગે છે. આ બગીચામાં પણ એ ઝાડ એની મેળે ઊગ્યાં છે એમ હકીકત નીકળે છે. ઝાડ જ્યારે પચાસ સાઠ વર્ષનું પાકું થાય છે ત્યારે એને કાપવામાં આવે છે. આણેલો કકડો પણ એવા જૂના ઝાડનો હતો.

ચંદન વૃક્ષોનાં વન મ્હૈસુરમાં સારી પેઠે છે. મેં બીજા સુખડના કકડા સૂંઘ્યા છે ને ચંદન પણ ચર્ચ્યાં છે, પરંતુ આ કકડાની સુવાસ પ્રમાણમાં વધુ તાજી ને તીવ્ર લાગે છે. :—દે.પ.

આસોપાલવ વિષે ચર્ચા

'કુમાર'ના તંત્રી શ્રી—'કુમાર'ના ૧૧૯ (કારતક ૧૯૯૦)ના અંકની માધુકરીમાં પાન ૪૩૭/૧ ઉપર નીચેનું વાક્ય છે:

'અને વળી (૧) તેજ પ્રમાણે 'અશોક'ને આજે આપણે ભૂલથી આસોપાલવ કહીએ છીએ. (૨) કાલિદાસે મેઘદૂતમાં અશોકને ફૂલ આપતું વર્ણવ્યું છે. આસોપાલવને ફૂલ આવતાં જ નથી.' (ક્રમાંક મેં મૂક્યા છે).

ગિજુભાઈના 'પારિજાતક' ઉપરના લેખમાં ઝીણવટથી દોષ દેખાડનાર શ્રી નરસિંહભાઇ પટેલ ઉપરનું વાક્ય શા આધારે લખે છે તે સમજાતું નથી. એમનાં બે વિધાન આ પ્રમાણે છે: (૧) અશોકને આસોપાલવ કહેવાય નહિ; (૨) કાલિદાસે વર્ણવેલા અશોકને ફૂલ આવતાં; પણ ઉ. ગૂજરાતમાં 'આસોપાલવ' તરીકે ઓળખાતા વૃક્ષને કદી પણ ફૂલ આવતાં નથી. આ બંને વિધાન અનુક્રમે અપૂર્ણ અને અસત્ય છે. તે આ રીતે:

સંસ્કૃત સાહિત્યમાં વનૌષધિ વર્ગનાં વર્ણનોમાં અશોકની બે જાતો વર્ણવી છે: એક 'રક્ત' ફૂલવાળો અશોક, બીજો 'આપીત' કે 'સુવર્ણવર્ણ'નાં ફૂલવાળો અશોક. એની પરંપરાને અનુસરીને અશોક એટલે આસોપાલવ અને આસોપાલવ એટલે અશોક આવા પર્યાય હાલ જોવામાં આવે છે. (જુઓ બૉ.નૅ.હિ.સો. જર્નલ ૩૬/૨ એપ્રિલ ૧૯૩૩માં રે બ્લૅટરનો લેખ તથા કર્નલ કીર્તિકર અને વસુના 'ઇન્ડિયન મેડિસિનલ પ્લાન્ટ્સ' ગ્રંથનાં પૃ.૪૮૧ અને ૪૭.) આમાંનો લાલ ફૂલવાળો અશોક એ જ સંસ્કૃત સાહિત્યમાં અનેરૂં સ્થાન ભોગવતો અશોક. એનાં ફૂલ કામદેવનાં પ્રિય પુષ્પ, એનાં પંચ સારકમાંનું શ્રેષ્ઠ સારક. વિલાસિનીઓના પાદાઘાતથી વિકસતો અશોક પણ આ જ. પણ પીત કે સુવર્ણની કાંતિવાળા અશોકને સાહિત્યમાં સ્થાન નથી મળ્યું. એને જ આજે આસોપાલવ નામથી ઓળખવામાં આવે છે.

આમાં એક વાત મારે સ્પષ્ટ કરવી જોઇએ. આધુનિક વનસ્પતિશાસ્ત્રના વર્ગીકરણ પ્રમાણે લાલ ફૂલવાળો અશોક (Saraca Indica), અને પ્રાચીનોનો આપીત ફૂલવાળો 'અશોક' (હાલનો આસોપાલવ) (Polyalthia longifolia) બંને ભિન્ન ભિન્ન વર્ગનાં વૃક્ષ છે. અશોક Laguminosæ Familyનું અને આસોપાલવ Anonaceæ Family (સીતાફળ, રામફળ વગેરે જાત નું વૃક્ષ છે.

ફૂલની બાબતમાં આ બંને વૃક્ષ सपुष्पा (Phane Rogams) વનસ્પતિ છે: अपुष्पा (Cryptogams) નથી. અશોકનાં લાલ ફૂલનાં વખાણ તો સુપ્રસિદ્ધ છે (જોકે તે બગીચા સિવાય બીજે સ્થળે ઉત્તર ગુજરાતમાં સ્વચ્છંદપણે ઊગતો જોવામાં આવતો નથી). આસોપાલવને ઝીણાં, નાનાંનાનાં ઈષત્પીત ceramy white કે greenish yellow ફૂલ આવે છે. સામાન્ય રીતે લોકો આ ઝાડને ફૂલ વિનાનું માને છે, પણ એનું, અવલોકનના અભાવ સિવાય, બીજું કારણ નથી. (કીર્તિકર-વસુના ગ્રંથમાં પૃ. ૪૭ ઉપરના આસોપાલવના વર્ણનમાં: 'Flowers: Greenish yellow in axillary umbels on very short recemes mostley from the old wood, 3-10 or more together. Pedicles 1 in. or more long, slender pubescent, with a hairy bractlet half way up.') લગભગ ફાગણ મહિનામાં એનાં ફૂલ દેખાય છે. આંબાના મહોર જેવી શોભા કે માદક મઘમઘાટ એમાં હોતો નથી, પણ જોવામાં એનાં ઝૂમખાં આકર્ષક હોય છે. —હરિનારાયણ આચાર્ય

ઉત્તર

અશોક વિષે ભાઇ હરિનારાયણે કહ્યું એ સંબંધે મારે તો નીચે પ્રમાણે કહેવાનું છે: 'પાટીદાર'ના ૧૯૮૯ના પોષના અંકમાં 'ગુજરાતનો ફૂલબાગ' એ પુસ્તકનો પરિચય આપતાં પૃષ્ઠ ૧૩૭ ઉપર જણાવ્યું છે:

किं ते नम्रतया किमुन्नततया किं चा धनच्छायया,
किं वा पल्लवलीलया किमनया वाऽशोक पुष्पाश्रिया ॥
यत्यन्मूलनिषण्णखिन्नपथिकस्तोमः स्तुवन्नन्वहम् ।
न स्वादूनि मृदूनि स्वादति फलान्याऽऽकण्ठमुत्कण्ठितः ॥

(હે અશોક! તારી નમ્રતા, ઊંચાઇ, ઘન છાયા, પાન કે પુષ્પની લક્ષ્મીનું શું પ્રયોજન? કારણકે તારા મૂળ પાસે બેઠેલા ખિન્ન વટેમાર્ગુને તારાં સુન્દર ને સ્વાદિષ્ટ ફળ તો ખાવા મળતાં નથી.)

આમ અશોકને ફૂલ હોય છે, પણ ફળ હોતાં નથી:* ત્યારે આસોપાલવને ફૂલ હોતાં નથી, પણ જંબુના ઘાટનાં ને રંગનાં ફળ હોય છે. અશોકને વનસ્પતિશાસ્ત્રમાં Lagu-minosae કહે છે. એનું લૅટિન નામ Saraca Indica છે; ત્યારે આસોપાલવને વનસ્પતિશાસ્ત્રમાં Polyalthia Longifolia કહે છે, એનું લૅટિન નામ Anonaceæ છે. આથી સ્પષ્ટ થાય છે કે અશોક તે આસોપાલવ નથી.'

ઉપરનું મેં આપેલું વર્ગીકરણ ભાઇ હરિનારાયણ પણ સ્વીકારે છે અને સ્પષ્ટ રીતે જણાવે છે કે 'બન્ને ભિન્ન ભિન્ન વર્ગનાં વૃક્ષ છે.' ત્યારે એ સ્પષ્ટ છે કે આપણે જેને આસોપાલવ કહીએ છીએ તે અશોક નથી જ.

હું વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસી નથી અને એમ પણ હોય કે 'અવલોકનના અભાવ'થી આસોપાલવને ફૂલ આવતાં નથી એમ કહું છું. એ સ્થિતિમાં ભાઇ હરિનારાયણના 'આસોપાલવને ઈષત્પીત ફૂલ આવે છે' એ કથનનો પ્રતિરોધ કરી શકતો નથી. —નરસિંહભાઇ ઈ. પટેલ

પ્રાણીઓ ઓળખ્યાં?


ગયા અંકમાં માધુકરીને અંતે પાનું ભરીને જે પ્રાણીઓ આપ્યાં તેમાંનાં કેટલાંક તમે ઓળખ્યાં હતાં? એની યાદી કરી હોય તો આ નીચે આપેલાં નામ જોડે સરખાવી જોજો. એમાં નીચેનાં ૩૮ પ્રાણીઓ છે: વાઘ, જિરાફ, બૅરા, તાપીર, કીડી ખાનારૂં પ્રાણી, રીંછ, આર્મેડિલો, બીવર, લોંકડી, બિગહૉર્ન, હાથી, ધ્રુવપ્રદેશનું રીંછ, જરખ, ઠીંગુ હાથી, ઠીંગુ હીપો, હીપોપોટેમસ, ગોરીલા, કૉયોટ, વરૂ, ગેંડો, ગ્રિઝલી રીંછ, કાંગારૂ, એલ્ક, સિંહ, મૂસ, લામા, ઝિબ્રા, હરણ, કસ્તુરી મૃગ, ઊંટ અને સાત જાતનાં વાંદરાં. આ ઉપરાંત ૩૯ પક્ષીઓ તેમાં છે: બગલો, ચાસ, કાર્ડિનલ, હૉર્નબિલ, રાજહંસ, હમિંગ બર્ડ, હંસ, સૅપ સકર, સ્ટૉર્ક, મૉકિંગ પક્ષી, શાહમૃગ, કલગી વાળું માખી પંખી, ઑસપ્રીક, ટાકુકન, કાગડો, મકાઉ, બૉબૉલિંક, પોપટ, મોટું બ્લુ હેરન, કાકાકૌવા, મોર, ફીઝન્ટ, ગરુડ, લાંબી ચાંચનું કલ્યું, સ્નેઈક બર્ડ, સ્વર્ગ પંખી (બર્ડ ઑફ પૅરેડાઇઝ), કાંકણાસર (કાકરોલી), કલકલિયો, બ્લુ-બર્ડ, વિવિધરંગી ફીઝન્ટ, વીણાના આકારની પૂંછડીવાળું પંખી (લાયર બર્ડ), ગલ, મોટી ચાંચવાળો પેલિકન બગલો, લાવરી, ગિની કુકડો, બે જાતના ઘુવડ, કૉન્ડૉર તથા પેન્ગ્વીન. અને દસ પરચુરણ જનાવરો પણ તેમાં છે: લોહી પીનારૂં ચામાચીડિયું, કોબ્રા-સાપ, રૅટલ સ્નેઈક-સાપ, વૉલરસ, સીલ, મગર, મધમાખ, ઝિબ્રા માછલી, કુહાડી જેવી માછલી અને ઊડતી માછલી. ('બાલ્સ લાઇફ' ઉપરથી)

* પણ શ્રી આચાર્યે આમને નીચેનું બતાવીને ખાતરી કરાવી છે: 'જર્નલ ઑફ ધ બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી'ના એપ્રિલ ૧૯૩૩ના અંકમાં બ્લૅટર અને મિલાર્ડ નામના બે અંગ્રેજ અભ્યાસીઓના લખેલા 'અશોક વૃક્ષ' નામના લેખ સાથે અશોકનાં ફળ અને ફૂલ બંનેનો ફોટોગ્રાફ આપેલો છે. એ ફળ Pod એટલે ફળી-ચપટી શીંગ-રૂપે છે. તે ૬થી ૧૦ ઇંચ લાંબી થાય છે તથા અંદર ૪થી ૮ બી થાય છે એવું એમાં વર્ણન છે. —સંપાદક

ચીનમાં બળવા વખતે પેકિંગના કિલ્લા પર સમ્મરૉલ નામનો એક જુવાન લેફ્ટેનન્ટ હલ્લો લઇ ગએલો. શહેરના જંગી રાક્ષસી દરવાજા પર પોતાનાં માણસોને નેમ ન લઇ શકતાં જોઇ તે દુશ્મનોની વરસતી ગોળીના મારામાં સામી છાતીએ ધસી દરવાજા પર ચડી ગયો ને ત્યાં એક ઠેકાણે સફેદ ચાકથી ચોકડીનું નિશાન કરી હુકમ છોડયો: 'અહીં ગોળી ચલાવો!' પરિણામ શું આવ્યું તે કહેવાની જરૂર છે? પાછળથી વિખ્યાત જનરલ થએલા એ વીર પુરુષ વિષે કહેવાય છે કે જાતને હોમવાની વાત આવતી ત્યાં તે લેશમાત્ર ખચકાતો નહિ.

અનેકાર્થી શબ્દ: **કરમ**=કૃત્ય; ખરાબ કામ; પ્રારબ્ધ; કપાળ; બે કદમના અંતરની રસ્તો માપવાની લાકડી, પેટમાં થતા એક પ્રકારના જીવડા.

બાદી થાય એટલા મીઠા મોંઘા પદાર્થો માટે ખર્ચ કરવાની શક્તિ હોય, છતાં તે ખાઇ ન શકાય એવી સ્થિતિ હોય તેને લોકો 'આબાદી' ગણે છે!



ઉપરની આકૃતિમાં બતાવ્યા મુજબનાં ત્રણ જુદાંજુદાં ચક્કરો જાડા પૂઠામાંથી કાપીને ખાનાં આંકી તેમાં તે મુજબના આંકડા માંડો અને વચ્ચે પિનળની ફુદડી બેસાડી ગોળ ફરી શકે તેવી રીતે જડી દો. પછી એ ચક્કરોને ફાવે તેમ આડાંઅવળાં ફેરવશો, છતાં તેમાં કોઈ પણ સીધી લીટીમાં આવતાં પાંચે ખાનાંનો સરવાળો એકસરખો—૪૨ જ આવશે.

વાગવાથી આવેલા સોજા કે લોહીના ચકામા ઉપર ડુંગળી વાટી ચોપડવાથી આરામ થશે.

અક્કલ ભૂલકણો!

'કેમ, કાનુ શું લેવા આવ્યો છે?'

'મારી બાએ તપેલીમાં કાંઇક મંગાવ્યું હતું તો ખરૂં; પણ હું ભૂલી ગયો.'

'કઇ તપેલીમાં?'

'રે! હું તપેલી પણ ભૂલી આવ્યો!'

ગાજવીજના તોફાનમાં સપડાયા હો તો ખુલ્લા મેદાનમાં કે બીડમાં એકાદ ઝાડ ઊભું હોય એનો આશરો ન લેતા. એના કરતાં તો જંગલની ઝાડી ઓછી ભયભરેલી. નદી કે તળાવનો કિનારો અથવા હોડીનો આશરો પણ એટલો જ ભયવાળો છે ઘરમાં હો તોપણ ખુલ્લી બારીઓ, લોખંડના સળિયાવાળાં બારણાં કે ધાતુની વસ્તુઓથી દૂર રહેજો.

ક્યુબામાં જમીન ઉપર થતા કરચલા ઘોડા કરતાં પણ વધુ વેગથી દોડી શકે છે

ત્રીસ પેઢીના અરસામાં એક દંપતીને સરેરાશ ૮,૫૯,૮૦,૯૪,૫૯૨ વારસદાર પેદા થાય છે એવો અંદાજ પ્રજનનશાસ્ત્રીઓએ કાઢયો છે.



સમય માપવાનાં સાધનો (ગયા અંકથી ચાલુ): ડાબી બાજુથી ચિત્ર ૧ તથા ૨-આંકા કરેલી મીણબત્તી તથા તેલના દીવાની બરણી, જે બળતાં જાય તેમ તેમ ઓછાં થતાં જઇને સપાટીની રેખા વડે આંક મુજબનો સમય દર્શાવે; ૩-રેતીની શીશી તો જાણીતી છે, જેમાં ઝીણા કાણામાંથી ઉપરથી નીચેની શીશીમાં રેતી પડી રહે એટલે એક કલાક થાય, ને પછી શીશી ઉલટાવી નંખાય. તે પછીની શોધ તે વજનને આધારે ચાલતાં ઘડિયાળ; અને છેલ્લાં બે તે આધુનિક સાધનો–જાહેર ટાવરોનાં મોટાં ઘડિયાળ તથા રેડિયો, જે, તમે જુઓ કે ન જુઓ તોપણ પોતાની મેળે કહી બતાવે કે આટલા વાગ્યા.